કુમાર

સંસ્થાપક - રવિશંકર રાવળ

વર્ષ ૪૭ - અંક ૬


જૂન ૧૯૭૦

સળંગ અંક

૫૫૮

તંત્રી

બચુભાઈ રાવત



તરુણ તબેલો

કલાકાર

ફ્રિટ્ઝ આઇકિનબર્ગ

ચિત્રપરિચય માટે

જુઓ કલાપાનીમાં



ભલે અહીં ગંગાના જળની એકેય સર નથી દેખાતી કે નથી કળાતું કાશીના એકેય મંદિરનું શિખર,
પણ મોટી છત્રીને છાંયે ભાવિક યાત્રીઓનાં દુઃખચિંતા નિવારવા કે એમને સત્કર્મનું ભાતું બંધાવવા પુરોહિતો ગંગાના ઘાટ પર બેસી પોતાની
આસપાસ જે એક આગવું વાતાવરણ સર્જે છે તેના ઇંગિત દ્વારા કલાકારે કાશીના એક પાસાને યથાતથ વ્યક્ત કર્યું છે. ('ઑલ ઈંડિયા ફાઈન આર્ટસ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટી'ના સૌજન્યથી)

કાશીનો ગંગાઘાટ

ચિત્રકાર: કમલરંજન ઠાકુર



માર્કંડેય ઋષિનો આશ્રમ (ઓગણીસમી સદીના આરંભનું ગુજરાતનું ચિત્રાલેખન) વિદ્યાર્થીઓને ભણાવવા સાથે દર્શનાર્થે આવેલા રાજવીઓને બોધ આપતા ઋષિ માર્કંડેયની આ કુટિરની સાદગી અને સુંદર આંબાઓ સાથે પુષ્પવેલો ને ઋષિના મૃગચર્મ વડે આશ્રમનું શાંતમધુર વાતાવરણ વ્યક્ત કર્યું છે. તો આભૂષણો ને શસ્ત્રો તથા સાજ સજાવેલા અશ્વ દ્વારા દર્શનાર્થીઓનું રાજવીત્વ દર્શાવ્યું છે. આશ્રમના વૃક્ષછોડથી ભરપૂર વાતાવરણની એકવિધતાને રાજવીના શ્વેત અશ્વ અને સ્વચ્છ સુંદર આંગણા વડે સમતોલ બનાવવા સાથે ચિત્રકારે વિવિધરંગી પુષ્પો મૂકીને નજરને સમગ્ર ચિત્રપટ પર ફરતી રાખતા સુંદર સંયોજન દ્વારા પોતાની કલાચાતુરી દાખવી છે. ૧૮મી સદીના આરંભકાળમાં લખાયેલી 'સપ્તશતી'ની એક સુંદર સચિત્ર હસ્તલિખિત પ્રતમાંના આ ચિત્રની શૈલી જૈન ગ્રંથચિત્રો કરતાં કંઈક વધુ વિકસિત અને કાલાંતરે વિખ્યાતી પામનાર મુઘલ લઘુચિત્રોની કેટલીક પુરોગામી લાક્ષણિકતા બતાવે છે. અમદાવાદના ભો. જે. અધ્યયન—સંશોધન વિદ્યાભવનના હસ્તલિખિત ગ્રંથસંગ્રહમાંની 'સપ્તશતી'ની એક મૂલ્યવાન સચિત્ર હસ્તલિખિત પોથીમાંનાં આવાં ૨૭ ચિત્રોને પોતાની આ વર્ષની ડાયરીમાં પ્રકટ કરીને એને બહોળી ખ્યાતિ આપવાના ગુજરાત રાજ્યના માહિતીખાતાએ પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે. વધુ પરિચય માટે જુઓ આ અંકની કલાવાર્તામાં ડૉ. પ્રનુભાઈ ભટ્ટનો લેખ. (ફોટો : ગુજરાત રાજ્યના માહિતીખાતાના સૌજન્યથી)

કુમાર

જૂન ૧૯૭૦ • અંક ૫૫૮

તંત્રી: બચુભાઈ રાવત — ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર


વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર. અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૪-૦૦, પરદેશ : રૂ ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ ૧-૭૫.



શરીરરક્ષક લસીકણો (કાયા-કરામત ૩૧): લસીકણોના વિવિધ પ્રકારોમાંનો એક પ્રકાર છે શ્વેત કણોનો. શરીરના કોઈ પણ ભાગમાં કાપ પડે ને ત્યાંથી રોગજીવાણુઓ શરીરમાં પ્રવેશે તે વખતે ત્યાં લોહી ને તેની સાથે ધોળા કણો પણ ધસી આવે છે. તે રોગજીવાણુઓને પકડીપકડીને એને હજમ કરી મારી નાખે છે અને પછી પોતે પણ મરી જાય છે. આમ નાશ પામેલા એ કણોનો જથ્થો પછી 'પરુ' રૂપે શરીરની બહાર ફેંકાઈ જાય છે. શરીરના કોઈ પણ ભાગમાં રોગજીવાણુઓ ને ધોળા કણો વચ્ચે યુદ્ધ ચાલતું હોય ત્યારે લસીગ્રંથિઓ, બરોળ અને હાડકાંના ગર્ભમાં ધોળા કણો અને અન્ય લસીકણો અનેકગણી સંખ્યામાં ઉત્પન્ન થાય છે. વળી, જ્યારે ધોળા કણો લડતા હોય તે દરમિયાન બીજા વિશિષ્ટ પ્રકારના લસીકણો પણ ઘાને પૂરવા માટે દોડી આવી માંસપેશીઓની તંતુકી ધારો ઉપર પથરાઈ જાય છે અને એ વધવા માંડે છે. આને આપણે ઘાના 'અંકુર' આવ્યા એમ કહીએ છીએ. એ જ રીતે ચામડી નીચે પરુ એકઠું થાય તેને આપણે 'ગમડું' કહીએ છીએ. ઉપર આકૃતિમાં શૂળ વાગવાથી ચામડી પર પડેલા કાપને માર્ગે શરીરમાં પ્રવેશતા રોગજીવાણુઓ સાથે ધોળા કણોને લડતા દર્શાવ્યા છે.

વહો / ભાનુપ્રસાદ પંડ્યા

· હરિણી ·

તટ સહુ રહ્યા જોતા ને પી ગયો ઘણું ચૈતર,
જરીક વધ્યું તે યે જોગીએ કમંડળમાં ભર્યું!
સ્વપન સમ, વૃક્ષોને તો, જે વહ્યો અહીં વૈભવ!
જીવતર અતિ લાંબાં, ટૂંકાં ઘરેઘર સીંચણ!

જળની ઊડતી ઝંખા-ચાલ્લી ધૂળે પડી ન્હાય ને
સુગરી નહિ—સીમાડાની આ પિયાસ અહર્નિશ
લટકી વલખે! ગ્હેકી ઊઠે અચાનક વ્યાકુલ
રવથી મધરાતો-આકાશી તૂટે યદિ મૌન જો!

ભડળી-વચનોનો ટેકો લૈ કરી દગ-છાજલી
ખુજરગી ઈક્ષાનીને ન્યાળે, ખુલાખૂલ ટીપણાં!
અવિરત ઊભી ઉત્કંઠા આ જુએ નિજ વાંહલો
સમીપ ક્યહીં આવે ને ક્યારે રહે ધર ભાંભરી!

તરસ રણની હોઠે, ચાસે વનેવન જે ખડી!
અવ ભીનલ રોમાંચોની યે વહો શતધા ઝડી!

જેતગી=વૈશાખ માસ; ટૂંકાં સીંચણ (સીંચણિયાં)=કૂવાનાં પાણી ઊંડે જવાથી;

શેષમાં / 'ખામોશ'

· ગઝલ ·

કરતા રખોપું બંધ ઝાંપા ઝહેલના,
ખંડેરને ના દ્વાર કે ના આગળા.
વર્ષા રૂપે પાછાં વરસતાં વાદળાં,
અતિ આખરી જળની હશે શું ઝાંઝવાં?
કેવી મળી છે દુર્દશા કમનીય આ,
આવી શક્યું રૂપ આયનાની બ્હાર ના!
ખોબો ધરી હું એમને જોતો રહ્યો,
એ પાંપણો ઢાળી ઘડો ઢોળ્યે ગયાં.
સિંદૂરનું પડ કાચની પાછળ નથી,
ક્યાંથી મળે રૂપ આંખને અજવાળવા!
રોકયે હવે શું જિંદગીના સૂર્યને?
છાયા મથે છે વેગળી તનથી થવા!
હા, જિંદગીનો શૂન્ય ભામાકાર છે,
પણ શેષમાં 'ખામોશ' તો બાકી રહ્યા.

મારા ઘરમાં હું

ચિનુ મોદી

· ગઝલ ·

મારા ઘરમાં હું શું છું?
પથ્થરનું પારેવું છું.
વંટોળાતો વાયુ છું,
પણ ઘરમાં સંભાળું છું.
પાણીની દીવાલો છે,
તો કોરોમોરો હું છું.
મારા ઘરનું સરનામું?
રોજ મને હું પૂછું છું.

તમે ભલે ઘર છોડી ચાલ્યાં / મનોહર ત્રિવેદી

તમે ભલે ઘર છોડી ચાલ્યાં, તમે છતાં આ ઘરમાં,
તમે ભલે સુખ મોડી ચાલ્યાં, તમે હતાં આ ઘરમાં.

હજી તમારી લાલ ઓઢણી ફરફરતી વળગણીએ,
ટાંકા લેતી આંગળિયું કંઈ તરવરતી તોરણિયે,
બારસાખ આંખો ઢાળીને જોઈ રહે ઉંબરમાં...

નથી રોટલે ભાત્ય તમારી હથેળિયુંની પડતી,
નથી રોટલે ભાત્ય—ચાહ એ વળીવળી ઊપસતી,
નથી તમે—ની સરત રહે ના કોઈ અવરજવરમાં...

ઓળીપાની વેલ્ય દીવાલે રોજ રહી કરમાઈ,
પ્રભાતિયાંનો કંઠ વલોણે ગયો હવે મુરઝાઈ,
ગીત વગરનું ગીત ટપકતું ફરી ફરી ભીતરમાં...

તમે ભલે ઘર છોડી ચાલ્યાં, તમે છતાં આ ઘરમાં,
તમે ભલે સુખ મોડી ચાલ્યાં તમે હતાં આ ઘરમાં.

છબી પડાવી / સુશીલા ઝવેરી

· પૃથ્વી ·

કશા અવસરે કહે સુત: 'પડાવવા ચાલ બા
છબી; કદીક તાહરા વિરહમાં થશે દેખતાં
દિલે ધરવ: માત હોત મમ સૌ તણી આજ તો
અમે કરત શિર્ષથી ચરણવંદના ભક્તિએ.
કહ્યું શું:
પ્રણામ; નવ વિદ્યમાન અવ હું, છતાં આશિષો
મળે તવ તણા અગોચર ઉરે વહેતી સદા.'

સુણી મન મહીં વિષાદ પ્રસર્યો: હતે માતની
છબી મમ તણી, હું યે કદીક જોત, ને ઠારતે
ઉરે પ્રજળતી રહેલ ચિરકાળની એષણા.

છબી ઉલટભેર દેઈ કર માહરે સ્નેહથી
વદ્યો તનુજ: 'ખિન્નતા દગમહીં કશી આવડી?!
આવડી!'
અબોલ નયનો ભરી જળ ઘડી રહ્યાં તાકતાં;
કહી કશું ય ના શકયાં...

દિ' એક ક્ષય-એકસ રે મમ કરે ચડ્યો માતનો,
અને નયનથી પડયાં જળ તણાં ઊનાં બુંદ બે.

ફૂલના થાપા / રમેશ પારેખ

તારી શરમબ્હાવરી આંખે ઝ્હોર્યાં અલપઝલપનાં ફૂલ કે અમને ફૂલના થાપા વાગ્યા.
ફૂલમાં ઝૂલે તલાવડી ને તલાવડીમાં મીન,
મીનકેડીએ ઊભું મારું નીરખવું લયલીન;
ગામથી સ્હોળી ગલી, ગલીથી ઘરનું ફળિયું સ્હોળું,
ફરી ઘેર આવ્યાનો અવસર કીરકબૂતર ટોળું:
અમે અલપઝલપમાં ઘેરાતી મધરાત સમું કૈં અઢળક અઢળક આંખ મીંચેલું જાગ્યા, —તારી૦
તું કંકુની લોળ્ય અને તું જીવ જેટલી પાસે,
તું સાચુકલી ભાત પડી આ જતાઆવતા શ્વાસે;
સાત જનમનો થાક તરીને માંડ કિનારા જોયા,
એ જ કારણે સખી, અમે આ ડૂસકે ડૂસકે રોયા:
સખી, સાવ એકલીભીંત અમારી છાતીને કૈં લૂમખઝૂમખ પાન ફૂટવા લાગ્યાં, —તારી૦

ઓળખાણ

ફાધર વાલેસ

જ્ઞાનમાં અને ઓળખાણમાં ફેર છે.

અમુક વ્યક્તિ વિષે આપણે કંઈક જાણીએ, ઘણું જાણીએ, કે ગમે તેટલું જાણીએ, પણ એ ફક્ત એના વિષેનું જ્ઞાન જ છે. કોઈ લોકનેતા વિષે માહિતી ભેગી કરીએ, પુસ્તકો વાંચીએ, એની પોતાની આત્મકથા વાંચીએ તો એના વિષે ઘણું ઘણું જાણવા મળે, પણ એ તો ખાલી એના વિષે જ જ્ઞાન છે—ઓળખાણ નહિ. અને જ્ઞાનમાં ને ઓળખાણમાં ફેર છે. માહિતીમાં અને પરિચયમાં ફેર છે. અભ્યાસમાં ને સહવાસમાં ફેર છે. થોડા દિવસના સહવાસથી વ્યક્તિનો જે પ્રત્યક્ષ ખયાલ મળી શકે એ વર્ષોના અભ્યાસથી પણ ન મળે.

ભગવાનની બાબતમાં આપણી એ જ સ્થિતિ છે. જ્ઞાન છે, માહિતી છે, અભ્યાસ છે. એના વિષે ઘણું વાંચ્યું, ઘણું સાંભળ્યું. ગ્રંથો, ઉપદેશો, કથાઓ. ચર્ચાઓ કરી, દલીલો સાંભળી, વાતો ચલાવી, તત્ત્વજ્ઞાનના તર્કો ને પુરાણોની કથાઓ. પંડિતોનાં પ્રવચનો ને ભક્તોનાં ભજનો. ઘણું જોયું, ઘણું જાણ્યું. કદાચ ધર્મનો વિષય લઇને પરીક્ષાઓ પણ પાસ કરી. બ્રહ્મનાં સ્વરૂપ ને ઈશ્વરના અવતાર. નિર્ગુણ-સગુણનો શાશ્વત કોયડો. સર્જન ને સંહારનું રહસ્ય. ઘણું શીખ્યા, ઘણું ભણ્યા. કોઈ પૂછે તો દેવોનાં ગોત્ર આવડે, ભક્તિનાં સ્તોત્ર આવડે, ભગવાનનાં સહસ્ર નામ આવડે. પણ આ બધું બહારનું જ્ઞાન છે. ગોખેલા પાઠ છે, દોરેલાં ચિત્રો છે. સાંભળેલી વાતો છે. પણ ઓળખાણ નહિ, પરિચય નહિ, સહવાસ નહિ. અને વર્ષોના અભ્યાસ કરતાં થોડા દિવસનો સહવાસ વધારે કહી આપે છે.

આપણે ભગવાન વિષે ઘણું જાણીએ છીએ; પણ ભગવાનને જ જાણતા નથી. જાણવા માટે, ઓળખવા માટે તો એને મળવું જોઇએ. અને એને મળાય શી રીતે?

જોકે ખરું કહીએ તો મળ્યા વગર રહેવાય શી રીતે? કારણ કે એ બધે છે, નજીક છે, અંદર છે. સહવાસની વાત કરી તો એના સહવાસમાં છીએ, એના સાન્નિધ્યમાં જીવીએ છીએ, એના ખોળામાં રમીએ છીએ. ઓળખાણની વાત કરીએ તો એના કુટુંબના છીએ, એના ઘરના જ છીએ. એનાં કાર્યો આખી સૃષ્ટિમાં જોઈએ છીએ; એનો અવાજ આપણા અંતરમાં સાંભળીએ છીએ; એનો પ્રેમ આપણા જીવનમાં અનુભવીએ છીએ. સીધો સંબંધ છે, નિત્ય સંપર્ક છે. પણ એનો લાભ હવે લેવાનો રહ્યો. ભગવાનનો એ પ્રત્યક્ષ પરિચય સભાનપણે કેળવવાનો રહ્યો.

ગાંધીજીનું જીવનચરિત્ર લખવા લૂઈ ફિશરે ઘણી માહિતી ભેગી કરી હતી પણ ગાંધીજીનો એમને સીધો પરિચય નહોતો એટલે આશ્રમમાં આવીને ગાંધીજીની પાસે રહેવા એમણે અનુમતિ માગી, ને ગાંધીજીએ એ તરત આપી. ફિશર આશ્રમમાં આવ્યા અને ગાંધીજીની સાથે પહેલી વાર વાતો કરવા ગયા. વાતચીત દરમિયાન ગાંધીજીની પ્રવૃત્તિઓ અને જીવન-પ્રસંગો વિષે જે કોઈ વાત નીકળે એની પૂરી વિગતો ફિશરની પાસે હોય. તારીખ, ઠેકાણાં, આંકડા ઝટ દઈ ને કહે. ગાંધીજી યાદ કરી શકે તે પહેલાં એ કહી આપે. એ જોઇને ગાંધીજીએ એને હસતાં હસતાં કહ્યું: 'મારા વિષે તો મારા કરતાં ય તમે વધારે જાણો છો.' અને ફિશરે જવાબ આપ્યો: 'હા, પણ અહીં આપની સાથે રહેનાર કોઈ પણ આશ્રમવાસી તો મારા કરતાં આપને સારી રીતે ઓળખે છે. ને એટલા માટે જ આપના જીવન વિષે આટલું સંશોધન કર્યાં પછી આપનું જીવનચરિત્ર લખવાનો ખરો અધિકાર મેળવવા હું અહીં આપની સાથે થોડો સમય રહેવા આવ્યો છું.'

સાથે રહેવાથી સાચો પરિચય મળે. સંવાદથી દિલ ખૂલે. દર્શનથી આત્મા ઓળખાય ને એ જ તક આપણા હાથમાં છે—ભગવાનને ઓળખવા માટે.

હમણાં એક ભાઈની વિનંતી હતી: મને ભગવાન ઉપર શ્રદ્ધા નથી; તો શ્રદ્ધા બેસે એ માટે કંઈક કહેશો? જવાબ આપવો પડ્યો કે કંઈક કહેવાથી અથવા દલીલો ચલાવવાથી કે પ્રમાણો આપવાથી ને શાસ્ત્રો ટાંકવાથી શ્રદ્ધા બેસવાની નથી. એ ફક્ત અભ્યાસ થયો, સંશોધન થયું એ લઇને કદાચ મન ભરાય, પણ દિલ તો ન ભરાય. ઇતિહાસ લખાય પણ જીવન-ચરિત્ર ન લખાય. જ્ઞાન મળે પણ શ્રદ્ધા ન બંધાય.

માબાપ ઉપર શ્રદ્ધા છે તે કેવી રીતે બંધાઈ? અનુભવથી. પ્રેમથી. તેઓ પાલનપોષણ કરે, સંભાળ રાખે, જરૂરિયાતો પૂરી પાડે. એટલે બાળકને શ્રદ્ધા બેસે કે માબાપ ખરેખર મારું ભલું ઇચ્છે છે, મારી બધી સેવા કરે છે, મને મોટો કર્યો છે અને આજ સુધી કર્યું છે એ બધું કરતાં રહેશે. પછી કોઈ વાર માબાપ એને કડવી દવા પાય કે શિક્ષા કરે ત્યારે એ પણ પોતાના હિત માટે હશે એ તેની એ શ્રદ્ધા એને કહે છે, અને તે રડે તો પણ ઊંડેઊંડે એ તે સ્વીકારે છે. એની એ શ્રદ્ધા છે અને એ એના જીવનમાં પણ ફળે છે.

ઈ. ૧૯૬૯ દરમ્યાન
'કુમાર'માં પ્રકટ થએલાં પૈકી
શ્રેષ્ઠ કાવ્ય માટેનું
રૂ. ૩૦નું પારિતોષિક
શ્રી હેમંત દેસાઇને
એમના કાવ્ય 'પ્રસૂતિગૃહે જતાં-આવતાં' માટે મળે છે.

ભગવાન ઉપર શ્રદ્ધા પણ એ જ રીતે બંધાય. અનુભવથી. પ્રેમથી. આપણે જીવીએ એ જ એના પ્રેમનું પ્રમાણ છે ને! આજ સુધી જિવાડ્યા, મોટા કર્યા, જીવનમાં કંઈક કરવાની આકાંક્ષા દિલમાં મૂકી, એટલે શ્રદ્ધા બેસે કે એ આપણું ભલું ઇચ્છે છે, કરે છે, કરતો રહેશે અને દિલમાં જે આકાંક્ષા એણે મૂકી છે તે એ પૂરી કરશે. પછી કોઈ વાર કડવા અનુભવો થાય ને દુ:ખના દિવસો આવે એમાં પણ આપણું કલ્યાણ હશે એમ આપણી એ શ્રદ્ધા કહે છે, અનુભવથી કહે છે અને ધીરજ આપે છે. ખરું જોતાં આપણું જીવન શ્રદ્ધાનું જ પ્રદર્શન છે. સરળ રીતે, ગુપ્ત રીતે, અજાણી રીતે, પણ શ્રદ્ધાનો જ ચમત્કાર છે. કૉલેજમાં જવું એ શ્રદ્ધા માગે છે કે ત્યાં ફાવશે ને ભણાશે ને ડિગ્રી લઈ શકાશે. પરદેશ જવું. શ્રદ્ધા માગે છે કે ત્યાં ગમશે ને અભ્યાસ થશે ને ફાયદો થશે. પરણવું શ્રદ્ધા માગે છે કે પ્રેમ ખરો હશે ને સામો ઉમળકો મળશે ને એકતા જામશે. અરે, જીવવું જ શ્રદ્ધા માગે છે કે જીવન મંગળ છે, જીવવા જેવું છે ને મોતથી એનો અંત ન આવે. ને આપણે જીવીએ છીએ, ભણીએ છીએ, ફરીએ છીએ, પરણીએ છીએ એટલે એ શ્રદ્ધાની જાહેરાત આપોઆપ કરતા જઇએ છીએ.

શ્રદ્ધા છે જ. તેનો સ્વીકાર હવે સભાનપણે કરવાનો છે. ભગવાનની ઓળખાણ છે જ. તેનો ખયાલ હવે જાગૃતિપૂર્વક કરવાનો છે, અને એનો ખયાલ કરીને એ ઓળખાણ કેળવવા, રોજ વધારવા, ને વધારીને એમાંથી દૃઢ, નિશ્ચયી, ફળદ્રુપ શ્રદ્ધા ઉપજાવવા સતત પ્રયત્ન કરવાનો છે. ભગવાનના સાન્નિધ્યમાં જીવીએ તો એનો લાભ લઈએ. એ રોજનાં દર્શનથી, એ સરળ સાક્ષાત્કારથી પરિચય વધશે, પ્રેમ ઊઠશે, જીવન ધન્ય થશે. ભગવાનના નિત્ય સહવાસથી હૃદયના ક્યારામાં ધર્મનું ફૂલ પાંગરશે.



સમગ્ર ભારતની વસતિના તો માત્ર બેએક ટકા જ, એટલે કે લગભગ એંશી લાખ કે તેથી થોડી વધુ સંખ્યા ધરાવતી હોવા છતાં ભૌગોલિક અને ભાષાકીય ઐક્યથી બંધાએલી, રમતગમતના કે યુદ્ધના મેદાનમાં, આર્થિક યા શૈક્ષણિક સિદ્ધિમાં તેમજ પોતાની વીરતા અને આગ્રહી સ્વભાવને કારણે પંજાબ કે ભારત જ નહિ પણ દૂરદૂર વિદેશોમાં યે વિખ્યાત શીખ કોમ જેમાંથી ઊભી થઈ એ ધર્મના આદ્યસ્થાપક ને સમદર્શીત્વના પ્રચારક

ગુરુ નાનક

લેખક • પ્રો. ડૉ. ધીરુભાઈ પરીખ

જેમની પાંચસોમી જયંતી ગયા વર્ષમાં દેશભરમાં તેમજ પરદેશમાં પણ ધામધૂમથી ઊજવાઈ, એ ગુરુ નાનકનો જન્મ લાહોરથી ચાળીસેક માઈલ દૂર તલવંડી (હાલ પ. પાકિસ્તાનમાં) નામના એક ગામમાં ઈ. ૧૪૬૯ની ૧૫ એપ્રિલે થયો. પિતા કાલુચંદ્ર વેદી તલવંડી હિસાબનીશ હતા. અટક પ્રમાણે વેદાધ્યયન એ એમનો વંશપરંપરાગત કુલાચાર હતો. માતા તૃપ્તાજી નાનકી નામના ગામની વતની હતી. એટલે માતાના આ વતનનામ પરથી જ નાનક અને એમની બહેન નાનકીનું નામકરણ થએલું. એમ મનાય છે.

નાનકની વાચા પ્રભુનામના ઉચ્ચારણથી જ આરંભાઈ. બાળપણથી જ પદ્માસન વાળીને તેઓ બેસતા અને વારંવાર ધ્યાનમાં ડૂબી જતા. અન્ય સમવયસ્ક શિશુઓ જ્યારે ઢીંગલીમાં રાચતાં ત્યારે નાનકને ઇશ્વરનામ આકર્ષતું. પાંચ વર્ષની કુમળી વયે તેઓ ગામનાં છોકરાં પાસે પ્રભુમાહાત્મ્ય અને નીતિમહત્તાની વાતો કરતા. સાત વર્ષે પિતાએ નાનકને નિશાળે બેસાડયા ત્યારે શિક્ષક સાથે સદ્‌જ્ઞાન વિષે ચર્ચા કરી એમણે પોતાની પ્રતિભાનો પરિચય કરાવી આપ્યો. ત્યાર બાદ નાનકને લગભગ દશ વર્ષની ઉંમરે પિતાએ બ્રજનાથ શર્મા પાસે સંસ્કૃત શીખવા મોકલ્યા. ગુરુએ 'ૐ નમઃ સિદ્ધમ્'નો મંત્ર મુખપાઠ કરવા માટે આપ્યો. જિજ્ઞાસુ નાનકે એનો અર્થ પૂછયો; પરંતુ ગુરુએ તો નાનકને માત્ર મંત્રપાઠ કરવાનું જ કહ્યું. અર્થ સમજ્યા વગર મંત્રનો કેવળ શુકપાઠ કરે તો નાનક નાનક શાના? એમણે શર્માજીને કહ્યું: 'જે વેદનો માત્ર પાઠ જ કરી જાણે છે પણ તેના અર્થને સમજતો નથી તે ખરેખર સૂકા લાકડાના ઠૂંઠા જેવો છે.' આ રીતે નાનપણથી જ નાનકમાં ધર્મરહસ્ય જાણવાની તીવ્ર તાલાવેલી, તે માટેની કુશાગ્ર બુદ્ધિ, તર્કશુદ્ધ દલીલશક્તિ અને સ્નેહભરી સમજાવટ જોઈ શકીએ છીએ. અહીં એમણે સંસ્કૃત અને વેદાંતનો પરિચય કેળવ્યો.

એ વખતે રાજ્યભાષા ફારસી હતી. આથી કાલુચંદ્ર વેદીને લાગ્યું કે પુત્રને મોટો થતાં રાજ્યમાં ક્યાંક નોકરીએ વળગાડવો હોય તો ફારસીનું જ્ઞાન આવશ્યક છે. આ વિચારથી પ્રેરાઈ એમણે નાનકને મૌલવી પાસે ફારસી-અરબીનો અભ્યાસ કરવા મૂકયા. નાનકે તો મૌલવીને ય ફારસી મૂળાક્ષરોનો મૌલિક અર્થ કરી બતાવ્યો. 'અલેફ અલ્લાને યાદ કરવાનું કહે છે, અને બે બુરાઈ છોડવાનો ઉપદેશ આપે છે' આમ નવા નવા અર્થઘટનો કરતા નાનક મૌલવી પાસેથી અને પિતાના મિત્ર સૈયદહુસેન પાસેથી ફારસી શીખ્યા.

આ દરમિયાન નાનકના ઉપવિત-સંસ્કારનું વર્ષ આવી પહોંચ્યું. ત્યારે નાનકની ઉંમર નવેક વર્ષની. વિધિ કરતાંકરતાં પુરોહિતે નાનકને જ્યાં જનોઈ પહેરાવવા માંડી ત્યાં જ એમની અંદરનો ક્રાંતિવીર પૂછી બેઠો: 'આ જનોઈનો અર્થ શો!' પુરોહિતે અસ્પષ્ટ પ્રત્યુત્તર તો વાળ્યા, પણ નાનકને એથી સંતોષ ન થયો. એમણે જ ઉપવિતનો અભિનવ અર્થ આપ્યો: 'દયાને તારો કપાસ થવા દે અને સંતોષને સૂતર. પવિત્રતાની એને ગાંઠ માર અને સત્યથી વણ. એ જ આત્માની



◁ એક સમય જ્યાં ગંભીર સ્વરે ઋગ્વેદની ઋચાઓ ઉદ્‌ઘોષિત થતી ને કાલાન્તરે જ્યાં પાણિનિ, ચરક, કૌટિલ્ય, વસુબંધુ કે બ્રહ્મગુપ્ત જેવાં નરરત્નો પેદા થયાં એ વીરપ્રસૂતા પંજાબભૂમિની શક્તિ ને પ્રતિભા પરદેશી આક્રમણો સામે લડીલડીને પંદરમી સદીમાં જાણે સૂની પડી ગઈ હતી. ધાર્મિક કર્મકાંડો, વહેમો અને અનેક પ્રકારના ભેદભાવોમાં પ્રજાનું ઐક્ય ખંડિત થઈ ગયું હતું ત્યારે ગુરુ નાનકે એમનામાં શ્રદ્ધા અને ઐક્ય પ્રેર્યાં. ઉપનિષદો અને હિંદુ-મુસ્લિમ ધર્મવિચારો, ગોરખપંથી હઠયોગીઓ અને જૈન તથા બૌદ્ધ સાધુઓ વગેરે સાથેની ધર્મચર્ચાઓ ને મંથનમાંથી એમણે એ બધાના સારને લોકગમ્ય ભાષામાં પ્રબોધ્યો અને પ્રજામાં ઐક્ય તથા ભ્રાતૃભાવ પ્રસાર્યો. કબીર અને સૂફી સંત શેખ ફરીદની એમના પર ઊંડી છાપ દેખાય છે. હિંદુ મુસ્લિમ બંને કોમમાંથી લોકો એમના અનુયાયી બન્યા હતા. એની પ્રતીતિ એક અજાણ મુસ્લિમ ચિત્રકારે કરેલી એમની આ તસ્વીરમાં મળે છે. એમાં ગુરુ નાનકના જભ્ભા પર એકસાથે કુરાનની આયાતો અને એમણે રચેલી પ્રાર્થના 'જપજી'ની પંક્તિઓ ફારસી લિપિમાં લખીને ભાત ઊપજાવી છે. (સં.)



△ ગુરુ નાનકના જન્મસ્થાન તલવંડીમાં એમની યાદમાં રચાએલું 'ગુરુદ્વારા જનમ અસ્થાન'. નાનક સાહેબના નામ પરથી તલવંડી 'નાનકાના સાહેબ' તરીકે જ ઓળખાય છે. હાલ એ પશ્ચિમ પાકિસ્તાનમાં છે. પાછળ લેખના મથાળે ગુરુ નાનકનું જે ચિત્ર છે તે લંડનની ઇંડિયા ઑફિસ લાયબ્રેરીમાં સંઘરાએલા એક ચિત્રની લીનો-છાપ છે.

જનોઈ બનશે. હે પુરોહિત, એવી જનોઈ તારી પાસે હોય તો મને પહેરાવ.' પુરોહિત શો જવાબ આપે!

આમ કંઈક જુદી જ માટીના સર્જાએલો માનવી મોટો થતાં સાધુ સંતો અને ફરવેરા-ફકીરોમાં હળવા મળવા લાગ્યો. સંસ્કારરક્ત પિતાને આથી ચિંતા થવા લાગી. એમને લાગ્યું કે છોકરો ગાંડિયો છે, ભણશે ગણશે નહિ, માટે હવે એને કંઈક કામે લગાડી દેવો જોઇએ. આરંભમાં પિતાએ નાનકને ગોવાળનું કામ સોંપ્યું, પણ નાનકને એમાં રસ ન પડ્યો. હવે પિતાએ એને ખેતી સોંપી. એમાં પણ નાનકની ખાસ રુચિ પ્રગટ થઈ નહિ. પિતા મુંઝાયા. છેવટે એમણે નાનકને વેપારી બનાવવાનું વિચાર્યું. પુત્રના હાથમાં વીસ રૂપિયા મૂકતાં પિતાએ કહ્યું:



'બેટા, એવો વેપાર કરજે કે જેમાં સારો નફો થાય.' નાનક અને એનો બાલા નામનો એક જાટ મિત્ર શહેર તરફ ચાલી નીકળ્યા. ભાગોળે એક ઘટાદાર વૃક્ષની છાયામાં કબીરપંથી સાધુઓની જમાત પડી હતી. કેટલાક તો ત્રણત્રણ દિવસથી ભૂખ્યા હતા. નાનકે તો વીસ રૂપિયામાંથી એ સૌને ભોજન કરાવ્યું. હરિરસના એ સાચો વેપારી બન્યા; પણ હિસાબનીશ પિતાની ગણતરી ખોટી પડી. પિતાની મૂંઝવણ ઓર વધી. ત્યાં જ એ વખતે સુલતાનપુરની સરકારી નોકરીમાં નાનકને પરોવી દેવા એમના બનેવીની સિફારસ વહારે ધાઈ. નાનકને સુલતાનપુરના સૂબાએ પોતાના કોઠારમાં ભંડારી તરીકે નીમ્યા. નાનક અહીં નિષ્ઠાપૂર્વક નોકરી કરવા લાગ્યા. પોતાને જે મળતું તેમાંથી જરૂર પૂરતું રાખી બાકીનું બધું દીનદુ:ખિયાંઓને વહેંચી દેતા. પિતાને, બનેવીને તથા સૂબાને કંઈક સંતોષ થયો. નાનકને વધુ 'સીધે રસ્તે' લાવવા પિતાએ એને હવે સંસારમાં જોતરી દેવાનો વિચાર કર્યો, ને એ પ્રમાણે સન ૧૪૮૯માં (કેટલાકને મતે છ આઠ વર્ષ વહેલાં) પખેગામના વ્યાપારી મૂલચંદની પુત્રી સુલખણી સાથે નાનકનું લગ્ન કરી નાખવામાં આવ્યું. એ લગ્નની સાંસારિક ઈચના તરીકે નાનકને બે પુત્રો પ્રાપ્ત થયા. પહેલો પુત્ર શ્રીચંદ્ર સને ૧૪૯૫માં અને બીજો પુત્ર લક્ષ્મીચંદ ૧૫૦૦માં જન્મ્યો. પરંતુ એમની આત્મોન્નતિની યાત્રા તો વણથંભી આગળ ચાલતી જ રહી. એ પ્રભુમય પુરુષ વારે વારે પ્રભુધ્યાનમાં ખોવાઈ જતા. કુટુંબીજનોને લાગ્યું કે નાનક તો પાગલ જ છે. આથી એના એ ગાંડપણનો ઈલાજ કરતા હકીમની પૃચ્છાના જવાબમાં નાનકે કહ્યું: 'પ્રભુની જુદાઈનું દર્દ મને પ્રથમ છે, પછી એના મનનનું દુ:ખ છે…માટે તું મને કશી દવા ન આપીશ.' શાણા હકીમ નાનકનું દિલદર્દ જાણી ગયા. એમણે નાનકના કુટુંબીઓને બેફિકર રહેવા જણાવ્યું. આમ એક તરફથી નાનકની સંસારસેવા અને બીજી તરફથી પ્રભુસેવા એમ બંને અવિરત ચાલ્યાં.

એવામાં જ એક ઘટના બની ગઈ. સુલતાનપુરના સૂબા દોલતખાન લોદીએ નાનકના ભંડારી તરીકેના ચોપડા ફરી તપાસાવ્યા. સૂબાની આ શંકાશીલતાથી નાનકનું મન નોકરી પરથી ઊઠી ગયું. પોતાના નિત્યક્રમ અનુસાર બીજે દિવસે સવારમાં એઓ નદીએ સ્નાનસંધ્યા કરવા ગયા, પણ ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી પાછા ફર્યા નહિ. કહેવાય છે કે આ ટૂંકા એકાંતવાસમાં એમને પ્રભુનો સાક્ષાત્કાર થયો. ધર્મનું સાચું તત્ત્વ સમાજમાં ફેલાવવા પ્રભુએ એમને નિયુક્ત કર્યા. એમને ધર્મનું રહસ્ય સમજાયું કે એક સત્યરૂપ ઈશ્વર છે, બાકી બધા જૂઠા છે. આ સત્યને હૃદયમાં ભંડારી તેઓ પાછા ફર્યા. આખો દિવસ એ મૂક બેસી રહ્યા. સૌને લાગ્યું કે નાનક ખરેખર પાગલ થઈ ગયા! પણ ત્યાં જ એમની પ્રથમ મંગલવાણીનો પ્રાદુર્ભાવ થયો: 'કોઈ હિંદુ નથી કે કોઈ મુસલમાન નથી.' અને નાનક 'ગુરુ નાનક' બન્યા. ત્યારે નાનકનું વય ૨૯નું.

લોકનિરીક્ષણ કરી એમને પોતાના જ્ઞાનને વધુ સમૃદ્ધ અને સબળ બનાવવું હતું. આ સારુ એમણે પરકમ્મા કરવાનો નિશ્ચય કર્યો. એની જાણ થતાં પત્નીએ પ્રશ્ન કર્યો: 'મને કોને સોંપી જાઓ છો?' નાનકે જવાબ આપ્યો: 'ભગવાનને સોંપું છું તને'. પત્નીએ પતિને અનુજ્ઞા આપતાં કહ્યું: 'જાઓ, પ્રભુ! જાઓ. સંસાર ભડકે બળી રહ્યો છે. તમે એની ઝાળ બુઝાવો.' અને અજ્ઞાનજન્ય અધર્મને માની લઈ સંતપ્ત થએલા સંસારને સાંત્વના આપવા નાનકે ફકીરનાં વસ્ત્રો ધારણ કરી સુલતાનપુરથી પોતાની પરકમ્માનો પ્રારંભ કર્યો.

◁ જોકે નાનક સાહેબનું કોઈ પ્રમાણબદ્ધ જીવનચરિત્ર પ્રાપ્ય નથી, પણ એમના અવસાન પછી વર્ષો બાદ છએક 'જનમ સાખી'ઓ લખાએલી છે. એમાંની એક સચિત્ર પ્રતમાંનું ચિત્ર. એમાં ગુરુ નાનકને પાઠશાળામાં અભ્યાસ માટે મૂક્યા એ પ્રસંગનું આલેખન છે.

ગુરુ નાનકે એકેશ્વરવાદનો સ્વીકાર કરી મૂર્તિપૂજાને વર્જ્ય ગણી. ધાર્મિક કર્મકાંડો અને જાતિભેદના પણ તેઓ વિરોધી હતા. પુરોગામી સંતોથી અજાણ્યું એવું કોઈ નવું રહસ્ય પોતે પામ્યા હોવાનો દાવો એમણે કદી કર્યો નહિ. પૂર્વકથિત બધા ધર્મવિચારોનાં સરળ અને આગવાં અર્થઘટનનો બોધ જ એમણે આપ્યો છે. પણ આરંભમાં એક ધાર્મિક પ્રતિક્રિયાના રૂપમાં પેદા થએલી એ વિચારક્રાંતિએ કાળાંતરે એક રાષ્ટ્રીય આંદોલનની જ્વાળા રૂપે જે સ્વરૂપ ધાર્યું એના પ્રકાશથી ભારતના ઇતિહાસમાં 'શીખક્રાંતિ'ના નામે એક આખું પ્રકરણ પ્રકાશિત છે. એ ધાર્મિક-સામાજિક-રાજકીય ક્રાંતિના પ્રવર્તનનું શ્રેય ગુરુ નાનકથી માંડી ગુરુ ગોવિંદસિંહ સુધીના 'શીખોના દસ ગુરુ'ઓને છે. 'શીખ' એટલે 'શિષ્ય'. નીચે બહુ ટૂંકમાં એ દસ શીખ ગુરુઓનો પરિચય આપ્યો છે.

૧ ગુરુ નાનક (ઈ. ૧૪૬૯-૧૫૨૫): ધર્મક્રાંતિનો એમણે આરંભ કર્યો. તેઓ એક ઋષિ હતા એમ કહી શકાય.

૨ ગુરુ અંગદ (૧૫૦૪-'૫૨): નાનકસાહેબના ખાસ શિષ્ય. નાનકસાહેબે જ એમને પોતાના અનુગામી નીમેલા. ઉત્તરભારતના વેપારીઓમાં પ્રચલિત 'લંગા' લિપિમાં એમણે પોતાના ગુરુનાં વચનામૃતો ઉતાર્યા અને એ લિપિને 'ગુરુમુખી' નામ આપ્યું. ગુરુના વિચારો પ્રસારવા એમણે કેટલાંક કેન્દ્રો સ્થાપ્યાં અને એના નિભાવ માટે ભેટો સ્વીકારવા માંડી.

૩ ગુરુ અમરદાસ (૧૪૬૯-૧૫૭૪): ગુરુ અંગદના શિષ્ય. જાતિભેદ મિટાવવા એમણે વિવિધ જાતિઓનાં સમૂહભોજનની પ્રથા આરંભી. કહે છે કે ખુદ અકબર પણ આવી એક 'લંગાર' (સમૂહભોજન)માં જમેલો. અમરદાસે ૨૨ 'મંજિસ' (દેવળો) સ્થાપી તેના સંચાલન માટે 'મસનદ' નીમેલા. જન્મ-મરણ પ્રસંગના કેટલાક વિધિ દાખલ કર્યા અને 'પરદા' તથા 'સતી'ના ચાલ બંધ કરાવ્યા ને આંતરજાતીય લગ્નોને ઉત્તેજન આપ્યું.

૪ ગુરુ રામદાસ (૧૫૩૪-'૮૧): અમરદાસના શિષ્ય. એમનાં પત્નીને અકબર બાદશાહે ભેટ આપેલા સ્થાન પર એમણે અમૃતસર વસાવ્યું, જે આજે શીખધર્મનું કેન્દ્રસ્થાન બની રહ્યું છે.

૫ ગુરુ અર્જુન (૧૫૬૩-૧૬૦૬): એમણે લાહોરથી મુસ્લિમ સંત મિયાં મીરને બોલાવી તેના હાથે અમૃતસરમાં હરિમંદિર (આજના સુવર્ણમંદિર)નું શિલારોપણ કરાવેલું. 'ગુરુ ગ્રંથ'નું સંકલન કરી હરિમંદિરમાં એની સ્થાપના કરી. આ અને અન્ય શીખ ધર્મસ્થાનોના નિભાવ અર્થે એમણે શીખો પાસેથી આવકનો દસમો ભાગ લેવાનું ઠરાવ્યું. પંજાબી ભાષામાં એમણે ઘણાં સુંદર ભજનો લખ્યાં છે. એમનો વધતો પ્રભાવ જોઈને તથા બંડે ચડેલા શાહજાદા ખુશરો પ્રત્યે ભાવ રાખવા બદલ જહાંગીરે એમનો ભારે દંડ કર્યો, જે ભરવાનું નકારતાં એણે ગુરુ અર્જુનને ક્રૂર રીતે મારી નાખ્યા. આ પ્રસંગ પછી મુઘલ સલ્તનતમાંથી શીખોની શ્રદ્ધા ઊઠી ગઈ અને શીખોએ એક નવો જ વળાંક લીધો.

૬ ગુરુ હરગોવિંદ (૧૫૯૫-૧૬૪૪): ગુરુ અર્જુનના પુત્ર 'પીરી' (આધ્યાત્મિક શક્તિ) અને 'મીરી' (દુન્યવી શક્તિ)ના પ્રતીક રૂપ બે તલવારો સાથે એમણે ગાદી સ્વીકારી. 'અકાલ તખ્ત'ની સ્થાપના કરી એમણે શીખોને યુદ્ધની તાલીમ આપવા માંડી અને અમૃતસરમાં 'લોહગઢ' બાંધ્યો. આથી જહાંગીર વધુ ઉશ્કેરાયો અને શાહજહાંના સમયમાં તો કનડગત ઘણી વધી એટલે તેઓ હિમાલયની તળેટીમાં કિરાતપુર જઈ રહ્યા. રાજકીય જુલ્મો સામે સતત અને જરૂર પડે તો સશસ્ત્ર લડત આપવાનું પ્રબોધનાર તેઓ કદાચ પહેલા ભારતીય સંત હતા.

૭ ગુરુ હરરાય (૧૬૩૦-'૬૧): ગુરુ હરગોવિંદના પૌત્ર.

૮ ગુરુ હરિકૃષ્ણ (૧૬૫૬-'૬૪) ગુરુ હરરાયના બાળક પુત્ર. આ બંને ગુરુઓના સમયમાં મસનદોનું વર્ચસ્વ વધી જતાં તેમનામાં કેટલીક ગેરરીતિઓ પ્રસરી. પરિણામે આત્મસુધારણામાં કડક અને લડાયક જુસ્સાવાળા તેગબહાદુરને ગાદી સોંપાઈ.

૯ ગુરુ તેગબહાદુર (૧૬૨૧-૧૬૭૫). ગુરુ હરગોવિંદના પુત્ર અને ગુરુ હરરાયના પિતા. પૂર્વમાં છેક સિલહટ અને ચિતાગૉંગ સુધી પ્રવાસ કરી એમણે ત્યાં સુધી ગુરુ નાનકનો સંદેશ પહોંચાડ્યો. રાજકીય જુલ્મો સામેના એમના અડગ વલણથી ક્રુદ્ધ ઔરંગઝેબે આગ્રામાં એમને કેદ કર્યા અને કાઝીઓ સમક્ષ મુકદ્દમો ચલાવડાવી દિલ્હીમાં એમનો વધ કર્યો. દિલ્હીમાં એ સ્થળ આજે 'ગુરુદ્વારા શિશગંજ' નામે વિખ્યાત છે.

૧૦ ગુરુ ગોવિંદસિંહ (૧૬૬૬-૧૭૦૮): ગુરુ તેગબહાદુરના એકમાત્ર પુત્ર. પટણા (બિહાર)માં જન્મ. ૧૬૯૯માં એમણે 'ખાલસા' (પવિત્રોનો સંપ્રદાય)ની સ્થાપના કરી. એના અનુયાયીઓ જાતિભેદ છોડી એક વિશાળ 'સિંઘ' પરિવારના સભ્ય ગણાયા. પોતાના અનુયાયીઓ માટે એમણે ફરજિયાત 'કેશ, કંઘા, કચ્છ, કડું અને કિરપાણ' રાખવાનો આદેશ આપ્યો. ધર્મમાં 'ગ્રંથસાહેબ'ને સર્વોપરિ ગણી અનુગામી ગુરુપ્રથા બંધ કરી. ગુરુ નાનકે ન્યાયી બનીને પવિત્ર જીવન જીવવાનો બોધ આપેલો ત્યાં ગુરુ ગોવિંદે એમને પાપીઓ અને આતતાયીઓનો નાશ કરી ઊંચે મસ્તકે જીવવાનો આદેશ આપ્યો અને એમના પછી શીખ વીરત્વનું એક અનોખું પ્રકરણ લખાયું. મહારાષ્ટ્રમાં નાંદેદ મુકામે બે પઠાણોએ એમનું ખૂન કર્યું. (સંપાદકીય)

આ એમની પરકમ્માને ચાર તબક્કામાં વહેંચી શકાય તેમ છે. પ્રથમ તબક્કો લાહોર, એમનાબાદ, સિયાલકોટ, હરદ્વાર, દિલ્હી, અલીગઢ, મથુરા, વૃંદાવન, આગ્રા, કાનપુર, લખનૌ, અયોધ્યા, કાશી, પટણા, ગયાજી, બોધિગયા, મુંગેર, ભાગલપુર, સાહેબગંજ, માલદેવ, મુર્શિદાબાદ, બર્દ્વાન, હુગલી, કૃષ્ણનગર, શાહજાદપુર, ઢાકા, કામરૂપ દેશ, આસામમાં અજમેરીગંજ, કરીમગંજ, સિલહટ, મણિપુર, કલકત્તા, બાલેશ્વર, મેદિનીપુર, કટક, જગન્નાથપુરી, નર્મદાકિનારો, જબલપુર, ચંદેરી, ઝાંસી, ગ્વાલિયર, રેવારી, કેરાલી, કરનાળ, કુરુક્ષેત્ર વગેરે સ્થળોને આવરી લે છે. આ તબક્કો પૂરો કરી એઓ ઈ. ૧૫૧૦માં પોતાની બેન નાનકીને ત્યાં સુલતાનપુર પાછા આવ્યા. ત્યાં એમણે કહ્યું: 'સૃષ્ટિની સેવા કરવી એ જ સર્જનહારની સેવા છે. સત્ય નામને જીવનધારા બનાવો.' એમની પરકમ્માના આ પ્રથમ તબક્કાના બે-ચાર પ્રસંગો નોંધપાત્ર છે. એમનાબાદથી આગળ ચાલતાં એમને શેખ સજ્જન નામના લૂંટારુનો ભેટો થઈ ગયો. એણે મંદિર-મસ્જિદ બંધાવ્યાં હતાં. એમાં એ હિંદુ-મુસલમાન યાત્રિકોને ઉતારો આપી, રાતે લૂંટી, મારી, કૂવામાં નાખી દેતો. નાનકના ઉપદેશથી એ સાચો સજ્જન બન્યો. બાદમાં એક અમીરનું ભોજન છોડી એમણે લાલુ નામના ગરીબને ત્યાં ભોજન લીધું. સિયાલકોટમાં હમજા ગૌસ નામક ફકીર શહેરનો નાશ કરવા કંઈક અભિચાર કરી રહ્યો હતો, કારણ કે એને

શહેર જૂઠું ભાસ્યું હતું. પોતાનો શિષ્ય બની હમેશાં પરકમ્મામાં એમની સાથે રહેનાર સંગીતકાર મરદાનાને નાનકે બે પૈસાનું સાચ અને જૂઠ લાવવા એ શહેરમાં મોકલ્યો. એક મૂળચંદ્ર નામના વેપારીએ બે પૈસા લઈ કાગળની ચબરકીઓમાં લખી આપ્યું, 'મરવું સત્ય છે ને જીવવું જૂઠ છે.' મૂળચંદ્રની આંતરવૃત્તિ સમજી જઈ નાનકે એને બોધ આપ્યો અને મૂળચંદ્રે માયા સંકેલી લીધી. આથી ફકીર પણ નાનકના પ્રભાવને સમજી ગયો અને પોતાનો આત્યંતિક અભિચાર છોડી નાનકનો ભક્ત બન્યો. હરદ્વારમાં યાત્રાળુઓ ગંગામાં ઊભા રહી પૂર્વ દિશામાં પિતરોને અંજલિ આપતા હતા. આ અંધ યાત્રાળુઓની આંખ ઉઘાડવા નાનકે એક નુસખો અજમાવ્યો. પશ્ચિમાભિમુખ ઊભા રહી એમણે પણ અંજલિ આપવા માંડી. એમની આ વિચિત્રતા જોઈ યાત્રાળુઓએ પૃચ્છા કરી. નાનકે જવાબ આપ્યો. 'હું પંજાબના મારા ખેતરોને પાણી પાઉં છું.' આ સાંભળી યાત્રાળુઓ હસી પડયા. એક જણ બોલ્યો: 'અહીંથી પંજાબમાં પાણી પહોંચતું હશે?' નાનકે જવાબ આપ્યો કે 'જો અહીંથી દૂર દૂર પિતરોને પાણી પહોંચે તો પંજાબના મારા ખેતરોને કેમ ન પહોંચે?' નાનકની આ દલીલથી અંધ શ્રદ્ધાળુઓની સાન ઠેકાણે આવી ગઈ.

એમની પરકમ્માનો બીજો તબક્કો સન ૧૫૧૧માં આરંભાયો. આ તબક્કામાં એઓ બિકાનેર, જેસલમીર, જોધપુર, અજમેર, પુષ્કરજી, આબુ, પાટણ, ઈડર, અહમદનગર, ડુંગરપુર, વાંસવાડા, ઉજ્જૈન, કામટી, હુગલી થઈ નામદેવની જન્મભૂમિ અવંડા, ગોવળકોંડા, હૈદરાબાદ, પંઢરપુર, તાંજોર, ત્રિચિનાપલ્લી, નેગાપટ્ટમ, સેતુબંધ રામેશ્વર, લંકા; પાછા ફરતાં કોચીન, કાલિકટ, ગોવા, નાસિક, ભરૂચ, વડોદરા અમદાવાદ, ભાવનગર, પાલીતાણા, જૂનાગઢ, વેરાવળ, પ્રભાસપાટણ, પોરબંદર, દ્વારકા; કચ્છમાં અંજાર ને સિંધમાં થઈ મુલતાન, વગેરે સ્થળો ફર્યા. ત્યાંથી ૧૫૧૩માં તલવંડી પાછા ફર્યા. અને કરતારપુર નામે ગામ વસાવી ત્યાં રહ્યા. પખે-ગામથી પત્ની અને પુત્રોને પણ બોલાવી અહીં સ્થિર કર્યાં.

ત્યાર બાદ સન ૧૫૧૪માં નાનકની પરકમ્માનો ત્રીજો તબક્કો આરંભાયો નૂરપુર અને કાંગડા થઈ તે જ્વાલાદેવીના પર્વત આગળ આવી પહોંચ્યા. આ પર્વતના શિખરમાંથી અગ્નિ અને ધુમાડો નીકળતાં જોઈ શિષ્ય મરદાનાને ખૂબ અચરજ થયું. નાનકે એનો ખુલાસો કર્યો: 'લોકો માને છે કે સુર-અસુર સંગ્રામ વખતે ભગવાને અસુરોનો સંહાર કરવા આ અગ્નિ પ્રગટાવ્યો છે, પણ સાચી વાત તો એ છે કે ભૂગર્ભમાં અપાર અગ્નિ રહ્યો છે અને તે જમીન ફાડીને બહાર નીકળી આવે છે.' આમ અંધશ્રદ્ધાયુક્ત પૌરાણિક માન્યતાનો નાનકે નિષેધ કર્યો. ત્યાંથી આગળ એઓ વિલાસપુર, કહલૂર, કીર્તિપુર, ગઢવાલ, ઉત્તર કાશી, બદરીનારાયણ, રાણીખેત, અલમોડા વગેરે સ્થળોએ ફર્યા. નૈનીતાલ પાસેના જંગલમાં એમણે કાનફટા યોગીઓ સાથે ઉપાસનાસિદ્ધિ વિષે ચર્ચા વિચારણા કરી. છેવટે માનસરોવર થઈ ધોલાગઢને માર્ગે સન ૧૫૧૫માં નેપાળમાં પ્રવેશ કર્યો. ખટમંડુ. સિક્કિમ થઈ કાંચનજંઘા તથા દાર્જિલિંગ પહોંચ્યા. ત્યાંથી ભુતાનની રાજધાનીની મુલાકાત લીધી ને, મિથિલાનગરી તથા સીતાપુર થઈ એઓ સુલતાનપુર પાછા ફર્યા, અને ૧૫૧૭માં કરતાર-પુરમાં પોતાના પરિવાર સાથે નિવાસ કર્યો.

થોડો સમય સ્થિર થયા ત્યાં એમના શિષ્ય મરદાનાએ કાબાના દર્શને જવાની ઉત્કટ ઇચ્છા વ્યક્ત કરી. ગુરુ નાનક શિષ્યો મરદાના અને લાલુને લઈને ઊપડયા હજ કરવા. એમનાબાદ, વજીરાબાદ, ડેરા ઇસ્માલ-ખાન, શિકારપુર, હૈદરાબાદ થઈ કરાચી બંદરે ઊતર્યા. બલુચિસ્તાન માર્ગે ખિલાત વગેરે શહેરોની મુલાકાત લઈ સન ૧૫૧૯માં મક્કા શરીફ પહોંચ્યા. રાત્રે નાનક થાકયાપાકયા ઊંઘી ગયા. ઊંઘમાં એમના પગ કાબા તરફ હતા. આ જોઈ મુજાવર ગુસ્સે થયો. એણે નાનકને કહ્યું: 'કાફર, ખુદાના ઘર તરફ પગ રાખીને કેમ સૂતો છે?' નાનકે હસીને જવાબ આપ્યો: 'ભાઈ, જે દિશામાં ખુદાનું ઘર ન હોય તે દિશામાં મારા પગ રાખ.' નાનકનો આ સરળ છતાં તીવ્ર જવાબ સાંભળી મુજાવર ખુદા અને મજહબને સમજી ગયો ને એ નાનકને વંદી પડયો. પછી નાનક મદીના થઈ બગદાદ પહોંચ્યા ને ઈરાન, અફઘાનિસ્તાન, તહેરાન, કાબુલ, જલાલાબાદ, પેશાવર, કાશ્મીર વગેરે સ્થળોએ થઈ સન ૧૫૨૫માં રાવી નદીના રમ્ય તટે કરતારપુરમાં સ્થિર થયા. ત્યાર પછીથી જીવનના અંત સુધી એઓ ત્યાં જ રહ્યા. હવે એમણે સાધુવેશ ઉતારી નાખ્યો ને જલકમલવત્ બની સંસારમાં રહ્યા. છેક સુધી ખેતી કરી એમણે પોતાના પરિવારનું ગુજરાન ચલાવ્યું. અંતે સન ૧૫૩૯માં કરતારપુરમાં જ એમણે પોતાના નશ્વર દેહને છોડયો. કહેવાય છે કે એમના મૃતદેહના અંતિમ સંસ્કાર માટે હિંદુ-મુસલમાનો વચ્ચે ખેંચતાણ થએલી. હિંદુઓ એમનો હિંદુ વિધિ પ્રમાણે અગ્નિસંસ્કાર કરવા માગતા હતા, મુસલમાનો ઈસ્લામ રૂઢિ અનુસાર એમના દેહની દફનક્રિયા કરવા ઇચ્છતા હતા. જીવનભર હિંદુ-મુસ્લિમ ઐક્ય માટે પ્રયત્નો કરનાર ગુરુ નાનકની લોકપ્રિયતાની આ પ્રતીતિ છે. એમનું જીવન અને સંદેશ હિંદુ-મુસ્લિમ વચ્ચે સંવાદિતા સાધનાર પ્રતીકરૂપ હતાં. તેથી જ કહેવાયું છે:

'ગુરુ નાનક શાહ ફકીર, હિંદુ કા ગુરુ, મુસલમાન કા પીર.'

મુસલમાનોને અસહિષ્ણુ નહિ બનવા અને પ્રત્યેક મનુષ્ય પ્રત્યે દયાભાવ રાખવા એમણે અનુરોધ કરેલો. ઇસ્લામનો એકેશ્વરવાદ એમણે સૌને ફરી ફરીને સમજાવેલો. મુસલમાનોને એમણે કહ્યુ છે: 'દયાને તમે તમારી મસ્જિદ બનાવો, નિષ્ઠાને બંદગીની સાદડી બનાવો, જે ન્યાયી અને કાનૂની છે તેને તમારુ કુરાન અને વિનમ્રતાને સુન્નત બનાવો. સભ્યતાને તમારા રોજા બનાવો. આ રીતે તમે મુસલમાન બની શકશો.' આમ એમણે ઈસ્લામનું સાચું રહસ્ય મુસલમાનોને સમજાવેલું અને મુસલમાનો વચ્ચે ભાઈચારાનો સંદેશ એ એમના સંદેશોમાંનો મહત્ત્વનો સંદેશ છે.

આ ઉપરાંત પણ એમણે પોતાના બોધગ્રંથ 'જપજી'માં અનેક વાતો કહેલી છે. પોતાનો સંદેશ જનસાધારણ સુધી પહોંચાડવા એમણે તત્કાલીન પંજાબી લોકભાષાનો આશ્રય લીધેલો. માનવીના વ્યક્તિત્વની પૂર્ણતા માટે અને પરમ સત્યના સંક્રમણ માટે કવિતા અને સંગીત એમને જરૂરી જણાએલાં. આથી જ એમણે અનેક ભજનો શાસ્ત્રીય સૂરોમાં રચ્યાં હતાં. મરદાના જેવા સંગીતકાર શિષ્યની સારંગીના સાથમાં ભક્તહૃદયી નાનકનો કંઠ હૈયાના નિર્મળ ભાવોને આ ભજનોમાં લલકારી ઊઠતો અને લોકસમુદાય ભાવવિભોર થઈ ડોલી ઊઠતો.

પોતાના બોધમાં એમણે મુખ્ય ત્રણ વાત કરેલી છે: સત્ય, નામ-સ્મરણ અને માનવપ્રેમ. 'જપજી'ના મૂલ મંત્રમાં એઓ સત્ય વિષે કહે છે: 'ઇશ્વર એક જ છે અને સનાતન સત્ય છે. એનું નામ સર્જનહાર. બધાં જ અનિષ્ટોનો ઉપચાર સત્ય છે.' આગળ જતાં એઓ કહે છે: 'દરેક વસ્તુ કરતાં સત્ય ઉચ્ચતર છે, પરંતુ એથી ઊંચું તો છે સત્યમય જીવન. બુદ્ધિને એ નિર્મળ કરે છે અને દુન્યવી સફળતા પર પ્રકાશ પાથરે છે.' સત્ય દ્વારા જ ઇશ્વરસાક્ષાત્કારમાં એ માને છે. એમનો પ્રશ્ન છે: 'જે માનવહૈયાનાં દ્વાર સત્ય અને પ્રેમ માટે બંધ છે ત્યાં ઇશ્વરનો વાસ કઇ કઈ રીતે હોઈ શકે? આત્મજ્ઞાન દ્વારા જ સત્ય પામી શકાય છે.' આમ સત્યના એ પરમ પૂજારી રહેલા.

નામસ્મરણને નાનક ઇશ્વર સાથેના ઐક્યનો માર્ગ ગણે છે. પ્રભુ-નામ-સ્મરણથી સાંતનું અનંત સાથે જોડાણ થઈ શકે છે. આ નામસ્મરણને એ ભવસાગર પાર કરાવનાર તરણી, માર્ગ દાખવનાર પ્રકાશ અને જીવન ટકાવી રાખનાર તત્ત્વ કહે છે. નામસ્મરણના એ ચાર તબક્કા દર્શાવે છે: ધર્મખંડ, જ્ઞાનખંડ, અધ્યાત્મખંડ અને સચખંડ. ધર્મ-

(અનુસંધાન પૃ. ૨૪૯ પર)

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક
રવિશંકર રાવળ

આત્મકથાનક-૯૮

૪૮૬ ઇન્ડિયન આર્ટ ઍકેડેમી

કલકત્તામાં કલાકારોનો એક બીજો વર્ગ પણ હતો જે આ નૂતન કલાશૈલીથી વિરુદ્ધ હતો. તેમાં હેમેન્દ્ર મઝુમદાર, અતુલ બોઝ, યામિની રાય, જે. પી. ગાંગુલી વગેરે હતા. તેમનાં કામ પાછળ પશ્ચિમી શૈલીનો સારો અભ્યાસ હતો. એ ઍકેડેમીનું સરનામું મેળવી રામજીભાઈની સહાયતાથી તેની કચેરી પર હું ગયો. તેઓ બહુ સાધનસંપન્ન ન હતા, પણ ઉત્સાહની ઊણપ ન હતી. મંત્રી અતુલ બોઝે મને આવકાર્યો અને મારી ચિકિત્સા કરી તેમના ચિત્ર-સામયિક માટે મારું એકાદ ચિત્ર મોકલવા કહ્યું. એમણે કલકત્તા સ્કૂલ ઑવ આર્ટના ત્યારના ઍક્ટિંગ પ્રિન્સિપલ જે. પી. ગાંગુલીને મળવા મને કહ્યું. પ્રિન્સિપલ હૅવેલ (ભારતીય કળાના પુરસ્કર્તા) નિવૃત્ત થઈ ગયા હતા અને તેમને સ્થાને આવેલા પર્સી બ્રાઉન (ભારતીય શિલ્પ-સ્થાપત્ય ઉપર પ્રશસ્તિ ગ્રંથો લખનાર) રજા ઉપર ગયા હોઈ ગાંગુલી એ પદ સંભાળતા હતા.

૪૮૭ સરકારી કળાશાળા

વર્ષો પહેલાં હું ભાવનગરમાં ભણતો ત્યારે સાંભળેલું કે એ વર્ષે સીમલાના કળા-પ્રદર્શનમાં પહેલી જ વાર એક હિંદી વિદ્યાર્થી જે. પી. ગાંગુલીને 'વર્ષાકાળ' નામના એક નાનકડા દૃશ્યચિત્ર માટે સુવર્ણચંદ્રક મળ્યો છે. ત્યાર પછી મુંબાઈમાં ઇ. ૧૯૧૩ના કળાપ્રદર્શનમાં તેની તથા બીજા બંગાળી ચિત્રકારોની કૃતિઓ રજૂ થએલી, તેમાં ગાંગુલીએ કરેલી પોતાની પુત્રીની તસ્વીર તથા 'બુદ્ધ ને સારથિ', તેમજ ખેતરમાં દૂર હળ સાથે બળદોને ઊભા રાખી સંધ્યાકાળની નમાઝ પઢતા મુસ્લિમ ખેડૂનું ચિત્ર વગેરે જોએલાં. હિંદી ચિત્રકારો હજુ મોટા કદનાં ચિત્રો કરતાં ડરતા—એવાં ચિત્રોની ભારે ખપત થતી નહિ તેથી. સ્કૂલ ઑવ આર્ટમાં જઈને હું મિ. ગાંગુલીને મળ્યો ત્યારે સૂટબૂટમાં સજ્જ એ યુવાન પદવીધરે મારી સાથે ખૂબ વિનય દાખવ્યો અને વિદ્યાર્થીઓ કામ કરતા હતા તે ખંડેખંડે મારી સાથે ફર્યા. ત્યાં હિંદી ચિત્રશૈલીનો વર્ગ પણ જુદો ચાલતો હતો, તેમાં પટણાની પરંપરાના ચિત્રકાર-કુટુંબના લાલા ઈશ્વરીપ્રસાદની મુલાકાત થઈ. એ તો વળી મુઘલાઈ રસમથી 'આદાબ-અર્ઝ' કરી જાણે વર્ષોથી મને ઓળખતા હોય તેમ વાતોમાં ખૂબ માન દર્શાવી રહ્યા. તેમણે શ્રીમાન નહારને ત્યાં મળવા નિમંત્રણ આપ્યું.

કળાશાળાનો વિસ્તાર મને તે વખતે મુંબાઈની સ્કૂલ ઑવ આર્ટ કરતાં ઘણો નાનો લાગ્યો, પણ જે તરુણ ચિત્રકારો મળ્યા તે સુશ્રુત, કૉલેજની કેળવણી પામેલા, તેમજ જમાનાના પાવરધા પ્રવીણો હતા. બંગાળમાં ત્યારે ચિત્રકળા વિષયક સારું સાહિત્ય અંગ્રેજી તેમજ બંગાળીમાં પ્રસરી ચૂક્યું હતું, અને પ્રમુખ વર્તમાનપત્રોમાં ચિત્ર, શિલ્પ તેમજ પ્રાચીન અવશેષો ઉપર પ્રમાણભૂત લેખો લખી શકે એવા ઘણા વિદ્વાનો પાક્યા હતા. એ રીતે બંગાળના ચિત્રકારોની કસોટી કરનારો એક વર્ગ પણ હતો. કાર્ટૂન, પોસ્ટર, ગ્રાફિક્સ વગેરે ચિત્રકળાની શાખાઓ જોકે હજુ પ્રારંભિક દશામાં હતી, પણ મુંબાઈમાં તો એ શાખાઓનાં શિક્ષણ કે સાહિત્યની જાણ સુધ્ધાં ન હતી. એ રીતે કલકત્તાના કળાક્ષેત્રનો પ્રસ્તાર મને સારો જાણવા મળ્યો.

૪૮૮ દાર્જીલિંગ

આમ ચારપાંચ દિવસ અમે મુલાકાતો અને રખડપટ્ટીમાં ગાળ્યા તે દરમિયાન જીવનલાલભાઈ તથા તેમનાં શ્રીમતી દાર્જીલિંગ જઈ રહ્યાં હતાં. ત્યાંથી તેમનો પત્ર આવ્યો કે મહેમાનો સાથે બેત્રણ દિવસ સૌ અહીં આવી જાઓ. અહીંથી હિમાલયનું વિખ્યાત કાંચનજંઘા શિખર સ્પષ્ટ દેખાય છે. આથી કલકત્તાની કેટલીક મુલાકાતો તથા સભાઓ મોકૂફ રાખી રામજીભાઈએ અમને બિસ્તરા બંધાવ્યા.

કલકત્તાના સિયાલ્ડા સ્ટેશનેથી મોટી ગાડી (બ્રોડ ગેઈજ) હિમાલયની તળેટીમાં આવેલા સિલિગુરી સ્ટેશન સુધી જાય છે અને ત્યાંથી પહાડ પર જવા માટે નાની ગાડી (માઉન્ટન રેલવે) પહાડની કમર પર ચડે છે. અમે કલકત્તાથી સાંજે દાર્જીલિંગ એક્સપ્રેસમાં નીકળી સવારે સિલિગુરી પહોંચ્યા અને રામજીભાઈએ ચા-નાસ્તો તૈયાર કરાવી અમને નાની ગાડીમાં ચડાવ્યા. ટચુકડી ગાડી કોઈ મોટી ઈયળની જેમ વાંક લેતી ચડાણ ચડતી જાય તેમ મેદાની પ્રદેશ હવામાં તરતો લાગે. બપોરે બાર વાગ્યે વચલા સ્ટેશન કુરસોંગ આગળ ગાડી ઠીક રોકાઈ. ત્યાંના વતની ભુટિયા લોકો ઠીંગણા, ઝીણી આંખોવાળા, ચપળ, આપણાથી જરા ડરતા પણ એટલા ગંદા લાગ્યા કે તેઓ કદી સ્નાન કરતા જ નહિ હોય એમ લાગ્યું. અઢી વાગ્યે દાર્જીલિંગ સ્ટેશને જીવનલાલભાઈ અમને લેવા આવ્યા હતા. હવા આપણા શિયાળા જેવી હતી. ચેતવણી મળી ન હોત તો અમે રોજનાં કપડાંમાં ઠરી જ ગયા હોત. પણ દરેક જણે ગમે તેમ કરીને ગરમ કપડાં, શાલ કે ઓવરકોટનું શરણ મેળવી લીધું હતું.

દાર્જીલિંગ પહોંચતાં સુધીમાં અમે શરૂમાં હિમાલયની તળેટીનાં ઊંચાં વૃક્ષોનાં અરણ્યોમાં થઇને ચડતા ગયા, અને પર્વતારોહણના માર્ગે ગાડી ચડી ત્યારે સવારના દસ વાગ્યાની ખુશનુમા હવામાં રેલરસ્તાની બંને બાજુ ઝૂકી રહેલા ફૂલોના ગુચ્છાવાળા છોડ વચ્ચેથી પસાર થતાં જાણે પરીસ્તાનમાં થઇને જતા હોઈએ એવું લાગ્યું. કોઈએ કહ્યું કે વર્ષો પહેલાં સ્વિટ્ઝર્લૅન્ડના કોઈ પાદરીએ આ આખે રસ્તે ફૂલોનાં બીનો છંટકાવ કર્યો હતો અને અહીંની ઠંડી હવામાં તેનો ઉછેર કોઈની પણ સાર-સંભાળ વગર ફૂલતોફાલતો રહ્યો છે! જગતને સુંદર બનાવવાનો આ કેવો પુરુષાર્થ—અને પરમ પરમાર્થ!

૪૮૯ કાંચનજંઘા

જીવનલાલભાઇએ અમારા માટે સરસ ગોઠવણ કરી રાખી હતી. ત્યાં કોઇને મળવાનો કે મુલાકાતોનો કાર્યક્રમ ન હતો. જમીને સૌ બહાર નીકળી પડ્યા. ફૂલોવાળા બગીચાઓ વચ્ચે નિવાસગૃહો! પહેલી સાંજે વાદળ છવાઈ ગયાં એટલે હિમગિરિનું દર્શન ન થયું; પણ બીજી સવારે ઊઠતાં જ, સામી ટેકરીની પાછળ જ હીરાનો વિરાટ પર્વત ઊભો હોય એવા કાંચનજંઘાના શિખર પર પ્રભાતનાં કિરણોથી જે વિવિધ રંગપટ બદલાતા-રચાતા તે મનોરમ દૃશ્યે અમને વિસ્મિત ને વિસ્તબ્ધ કરી મૂક્યા. એ પર્વત-તળેટીથી ટોચ સુધી જ્યાંથી જોઈ શકાય એવા પૉઈન્ટ સુધી અમે ચાલતા પહોંચી ગયા અને કાંચનજંઘાનું મનભર દર્શન કર્યું. અમને જાણવા મળ્યું કે આવો ઉઘાડ ક્વચિત્ જ હોય છે; તેથી અમે ભાગ્યશાળી અને ધન્ય બન્યા. હિમગિરિનું આ પ્રથમ દર્શન કોઈ પણ ભારતવાસીને પુરાણોના હજારો વર્ષના સંબંધી હોવાનું ગૌરવ ઉપજાવે છે.

૪૯૦ વીજળિક પાવર હાઉસ

દાર્જીલિંગના માર્ગો અને નિવાસોને રાત્રે કોઈ ગાંધર્વનગરીની જેમ ચમકતું કરી નાખનાર ત્યાંના વીજળી-ઘરનાં લાલ છાપરાં અમારા નિવાસમાંથી નીચે નજર નાખતાં જ વૃક્ષોમાંથી ડોકિયાં કરતાં દેખાતાં હતાં. ત્યાં કોલસા કે લાકડાંથી નહિ પણ જળના પ્રવાહથી વીજળી કેમ ઉત્પન્ન થાય છે તે જોવાની સૌને જિજ્ઞાસા થઈ. આ સામે જ દેખાય છે—ચાલી નાખીશું, એમ વિચારી ત્રીજે દિવસે સવારે સૌ ચાલી નીકળ્યા. બાળક ભાણાભાઈ માટે એક ટટ્ટુ ભાડે કરી લીધું. બધાએ ભરપેટ નાસ્તો ઝાપટી લીધો હતો એટલે સાંજે આવીને જમવાનું ઠરાવી રામજીભાઇએ સૌની

આગેવાની લીધી અને નીચે ઊતરતા રસ્તા ઉપર રસ્તા કાપતા આગળ વધ્યા... પણ નીચે, ને વધુ નીચે જતી કેડીઓ ઉપર કેડીઓ વધુ ને વધુ સાંકડી થતી ગઈ અને એ ઊંડી ખીણના તળિયે પહોંચતાં સાંજના ચાર વાગી ગયા ત્યારે પાવર હાઉસે ને ડાકબંગલે પહોંચાયું! અમારી ધારણા કરતાં ચારપાંચ ગણું અંતર કાપી નીચે આવ્યા બાદ ઉપર નજર કરી તો આકાશને અડતા શિખર ઉપર અમારો નિવાસ દેખાયો! હવે આજે ને આજે તો એટલું ચડી ઉપર જવાની હામ કોઈનામાં ક્યાંથી રહી હોય?

પાવરહાઉસમાં જોવા ગયા તો વીજળીનાં ટર્બાઈન મશીનો ધમધમતાં હતાં. પર્વતના શિખરેથી કોઈ ઝરણુંને મોટા પાઈપ દ્વારા નીચે ઉતારી ભોંયરામાં રહેલાં ચક્રોના પંખા ઉપર અથાગ વેગથી પડતું કરેલું, તે ચક્રોને સતત ગતિમાન રાખતું જોયું. વીજળી ઉત્પન્ન કરતા ડાયનેમોયંત્રોને ઠંડા પાડવા વારાફરતી પટ્ટા બદલી નાખવામાં આવતા. આમાં માત્ર યંત્રસામગ્રી અને વહીવટનો જ ખર્ચ થતો, વરાળ મેળવવા માટેના બળતણની જરૂર નહોતી. એટલી વીજળી સસ્તી પડતી.

૪૯૧ ડાક બંગલામાં રાતવાસો

થાક્યાપાક્યા અમે બાજુના ડાક બંગલામાં જઈને પડ્યા તે પડ્યા જ. ઊઠીને ઉપર જવાની કોઇમાં હામ નહોતી. પહાડોની ખીણમાં અંધારું વહેલું થઈ જાય છે, એટલે પાંચ વાગતાંમાં દીવા થઈ ગયા અને ભૂખ મટાડવાની તથા રાત વીતાવવાની ચિંતા થઈ. રામજીભાઈની ત્વરિત બુદ્ધિએ સૌપ્રથમ તો ટટ્ટુવાળાને જીવનલાલભાઈ ઉપર ચિઠ્ઠી લખી રવાના કર્યો કે આજ રાત્રે ઉપર નહિ ચડાય. કાલ સવારના વહેલા દરેક જણ માટે ટટ્ટુ પહોંચાડો અને સવારમાં ચા-નાસ્તો તૈયાર રાખજો. અમને બેચેન અને ઉદાસ જોઈ રામજીભાઈએ પડકાર્યા કે કાંઈ ગાઓ, વાતો કરો, રંજન જમાવો. દરમ્યાન ખાવાનો બંદોબસ્ત થઈ જશે. એમ કહી, અમને જોવા માટે ટોળે મળેલા ભૂટિયા છોકરાઓમાંથી એકને બોલાવીને કહ્યું 'યે રૂપયા લે કે તુમ્હારી મા કો બોલો કે હમ સબ કે લિયે સબ્જરોટી બનાયે. ખાને કે બાદ ઔર બક્ષિશ દેંગે.' છોકરાની આંખો અને મોં હસી ઊઠ્યાં. તે દોડતો તેની માને બોલાવી લાવ્યો. રામજીભાઈએ તેને સમજાવ્યું કે જે કંઈ હોય તે ગરમ કરી લાવ. કલાક પછી તે મેંદાના લોટની રોટલી (ઘી વગરની જ) અને તુંબડીનું શાક (જેવાતેવા મસાલાવાળું) આપી ગઈ તે પણ દરેક જણે કશી પણ ફરિયાદ વિના ઉમંગથી ઝાપટી લીધું. બાઇને રામજીભાઈએ પાંચ રૂપિયાની નોટ આપી તે તો તેણે ઘણા ઘણા નમસ્કાર કરી સ્વીકારી

પછી રાત ગુજારવાનો સમય આવ્યો. પહેરેલાં કપડાં સિવાય કશું સાધન ન હતું. અમે એકબીજાને અડી, ગંચગું વળી, પરસ્પરને હૂંફ આપતાલેતા બેસી ગયા. મેં શેરલૉક હોમ્સની વાત ઉપાડી. બીજાએ બીજું કાંઈ કહેવા માંડ્યું. કોઈ સાહસ કરી બારીઓ પરના સળિયામાંથી ગરમ પડદા ખેંચી લાવ્યું. ગમે તેમ ટૂંટિયાં વાળી ધ્રૂજતાં દબાતાં સવારનું તેજ જોયું ત્યાં કોઈએ પોકાર કર્યો.: 'ટટ્ટુની હાર ચાલી આવે છે'! જીવનલાલભાઈને ચિઠ્ઠી પહોંચી ગઈ હતી.

ટટ્ટુઓ આવતાં દરેક જણને તે પર ચડાવી, દોરનારા છોકરાઓને બક્ષિશ આપવાનું ઠરાવી ઉતાવળે ઉપર ચડાવી દેવાનો આદેશ થયો, અને કોઈ સજામાંથી છૂટ્યા હોઈએ એવા ભાવ સાથે ટટ્ટુઓને વળગી ઉપર દેખાતા સ્વર્ગધામ સમા અમારા નિવાસે દસ વાગ્યે પહોંચી ગયા.

૪૯૨ બૌદ્ધ મઠ

દાર્જીલિંગના પ્રવાસીઓમાં ત્યાંની 'ટાઈગર હિલ' પરથી વાદળાંની સપાટી પર સૂર્યોદય જોવાનું પ્રબળ આકર્ષણ હોય છે. મેદાની પ્રદેશોમાં વાદળાં ઊંચે હોય છે અને સૂર્ય ક્ષિતિજ ઉપરથી તેના પર અવનવા રંગો ફેંકે છે, ત્યારે ટાઈગર હિલનો સૂર્યોદય વાદળાંની બિછાત ઉપર ક્ષિતિજ સ્થાપે છે અને આકાશ તદ્દન સ્વચ્છ હોય છે. આવો સૂર્યોદય જોવા પ્રવાસીઓને રાતના લગભગ ત્રણ વાગ્યે દાર્જીલિંગ છોડી, ટટ્ટુ પર કે રિક્ષામાં, સૂર્યોદયના સમય પહેલાં ટાઈગર હિલ પર પહોંચી રાહ જોતા બેસવું પડે છે. અમે પણ રાત્રે બે વાગ્યે નિવાસ છોડી ત્યાં પહોંચી ગએલા, પણ ધુમ્મસ એટલું બધું હતું કે સામેના વાદળના સાગરની ક્ષિતિજ દેખાતી જ નહોતી. આ વખતે મેદાનની ધરતી પર તો સૂર્યોદય ક્યારનો થઈ ચૂક્યો હશે, પણ અમને તો ક્ષણભર આંખમિચામણું કરી તે ધુમ્મસ પાછળ ગુમ થઈ ગયો અને સૌ નિરાશ થઈ પાછા વળ્યા.

અમે તો ત્યાંથી 'ઘૂમ'નો બૌદ્ધ મઠ જોવા ફંટાયા. તેના પર લ્હાસા (તિબેટ)ના મુખ્ય લામાનો અધિકાર હતો. એક જ બાજુ મોટા દ્વારવાળા મઠમાં તિબેટન શૈલીની મોટા કદની ધ્યાનસ્થ બુદ્ધની પ્રતિમા હતી. મીણબત્તીઓના ઝાંખા પ્રકાશમાં મેં ભીંત પર તિબેટન શૈલીનું પણ અજંટા પરિવારનું લાગે એવું ચિત્રકામ જોયું, તેમજ ત્યાં લ્હાસાથી આવેલા તિબેટી ચિત્રકાર કામ કરતા હતા તેમને પણ જોયા. તેમને એક ચિત્ર કરી આપવા કહ્યું ત્યારે તેમણે ઠરેલ હાથે પીંછી અધ્ધર રાખી બુદ્ધ ભગવાનની આકૃતિ આલેખી. તેમાં રેખાની દૃઢતા તથા પ્રવાહિતા હતી પણ આકૃતિ રૂઢિબદ્ધ હતી. એના કામથી મને બહુ કૌતુક કે આનંદ ન થયાં. કદાચ એ લોકો શ્રેષ્ઠ પંક્તિના કલાકાર નહિ હોય.

દાર્જીલિંગ છોડતાં પહેલાં જીવનલાલભાઈના બ્લૉકના પગથિયે સૌ સાથીઓને ગોઠવી (હું પણ તેમાં સામેલ થઈ) ભૂટિયા નોકર પાસે, ઘોડી પર ગોઠવેલા કૅમેરાની ચાંપ દબાવડાવી. એ છબિ (ગયા અંકમાં આવેલી તે) એ સમયનું એકમાત્ર સ્મરણ રહ્યું છે. (ચાલુ)

લઘુકથા

ગોરે નંદ, યશોદા ગોરી

રમેશ ર. દવે

'આજે વર્ગમાં કાવ્ય-આલોચના કરતી વેળા શાહ સાહેબની નજર વળીવળીને મારા પર શા માટે અટકતી હતી? શું એમને પણ મારી વિભિન્નતા અભિપ્રેત હશે?' અપર્ણાના દિલ-દિમાગમાં આજે યે એવો જ પ્રશ્ન ઘૂમરી લેતો હતો. ખૂંચતા ડાભોળિયાની પેઠે ન ગમતા વિચારને મનમાંથી દૂર કરવા એ રસ્તે ચાલતાં યે પ્રયાસ કરતી હતી, પણ ફરીફરીને તેના મગજમાં પેલી કાવ્યની એ જ લીટી ખટકી રહી હતી, 'ગોરે નંદ, યશોદા ગોરી; તૂ કત શ્યામ શરીર?'

અપર્ણાને ખૂંચે છે કુટુમ્બ વચ્ચે ઊભતાં છતી થતી પેલી અગમ્ય વિભિન્નતા. બા, બાપુજી, બેન-ભાઈ, દાદીમા એ સૌના ગોરા વાન વચ્ચે એક પોતે જ કેમ અલગ પડી જતી હતી? કહે છે કે માતાપિતાની લાક્ષણિકતાઓ એમનાં સંતાનમાં પણ ઊતરે જ, તો પછી આમ કેમ? હા, પિતાનો મિજાજ અપર્ણામાં પૂરેપૂરો ઊતર્યો હતો, પણ એ તો લાંબા સહવાસથી પણ બને. અપર્ણાના મન પર વિચારવાદળોએ આષાઢી અંધાર પાથરી દીધો હતો.

'અરે ઓ...અપુ.' દાદીમાના બોખા મોંના સાદે અપર્ણા ચમકી ને એમની પાસે દોડી. 'આ વેળા તો અમારી સુશીલાને ખોળે ફરી જાણે અપુ જ અવતરી છે! ક્યાં અમારાં ગોરાંગોરાં ઉત્પલ ને સુહાસિની ને ક્યાં અમારા આ કાળિયા કાનજી!' ઘરમાં એકઠી થએલી સ્ત્રીઓને દાદીમાએ હસાવી. અપર્ણાએ ખંડમાં પ્રવેશતાં જ જોયો અંબરગોખે ઝિલાએલ મેઘ શો નાનો ભાઈ! કેવી કાજળઘેરી આંખો અને જાણે અપર્ણા પાસેથી જ લઈ લીધેલો શ્યામ વર્ણ!

પેલાં વિચાર-વાદળોના ઘેરાયા પછી ઝરમર વરસવા માંડેલી સેરોથી અપર્ણાના મનનો મોરલો નાચવા માંડ્યો. હવે કોઈએ 'સૂર શ્યામ મુઝે ગોધન કી સોં હેં માતા તૂ પૂત' ગાવાની જરૂર ન હતી.

પ્યાદાં

લેખક
શિવકુમાર
જોષી

વહેલી સવારે બારણે ટકોરા વાગ્યા. કૉલબૅલ છતાં આમ ટકોરા કોણ મારતું હશે ? પ્રદ્યોતને આશ્ચર્ય થયું. બારણું ખોલવા એ આગળ વધ્યો. ત્યાં સુમતિએ એને વાર્યો.

'જુઓ તો ખરા! બહાર કોણ છે એની ખાતરી કર્યા સિવાય...!'

'જે હશે તે. આમ ધ્રુજે છે શાથી !'

'કહ્યું તો ખરું કે બારણું ખોલતાં પહેલાં પૂછી જુઓ કોણ છે, પછી...'

'તારા મનમાં કે કોઈ નક્સલાઈટ્સ મારી ખબર કાઢવા આટલા વહેલા નીકળી પડ્યા હશે—' પ્રદ્યોતે ટીખળ કરીને સુમતિની ના છતાં બારણું ખોલી નાખ્યું. સામે બે યુવાનો ઊભા હતા.

'આપની મિસ્ટર મહેતા ?...[આપ જ મિસ્ટર મહેતા છો ?]' બન્નેના દિદાર સામે પ્રદ્યોત બે ક્ષણ ધારીધારીને જોતો રહ્યો. થોડાં મેલાં અને કંઈક અસ્તવ્યસ્ત કપડાંમાં બેફિકરાઈથી ઊભેલા બે યુવાનોના હાથમાં પેમ્ફલેટ્સ હતાં.

'બંગાળી વાંચી શકો છો ?' સહેજ તોછડાઈથી એકે પૂછ્યું.

'એમને વેળાસર રવાના કરો, આ દસમી વાર આવ્યા છે.' પાછળથી ધીરા અવાજે સુમતિએ ચેતવણી આપી. 'દર વખતે તમને મળવા આવે પણ તમે ન મળો એટલે પછી આટલી વહેલી પધરામણી કરી લાગે છે!'

'હા, વાંચી શકું છું.' પ્રદ્યોતે જવાબ આપ્યો અને હાથમાં મુકાએલાં પેમ્ફલેટ સામે નજર કર્યા સિવાય પૂછ્યું, 'તમે ક્યાંથી આવો છો ? શેને માટે સવારના પહોરમાં ?'

'અમારે તમારો ફાળો જોઈએ છે...અમે બંગાળ નૅશનલ વોલન્ટીઅર્સ ઑર્ગેનાઈઝેશન તરફથી આવીએ છીએ.'

'તો તો માફ કરો...હું તમને કોઈ ફંડ-ફાળો આપી શકું તેમ નથી.' પ્રદ્યોતે પીઠ ફેરવીને બારણું બંધ કરવા હાથ ઊંચક્યો, પરંતુ પેલા યુવાનોએ એને વાર્યો.

'કંઈ કારણ !'

'તમારી પ્રવૃત્તિઓમાં સાથ આપવાનું મારાથી બને તેમ નથી. કલકત્તાની ભીંતો ઉપર તમે જે સૂત્રો ચીતરો છો, અને તે સિવાય પણ તમે જે જાતની પ્રવૃત્તિ...'

'અમારી એવી કઈ પ્રવૃત્તિ સામે તમને વાંધો છે ?'

'બધી જ પ્રવૃત્તિ સામે...'

'ઓહ! એમ કે !...રેફ્યુજી કૉલોનીમાં ક્યારે ય ડોકિયું કર્યું છે ! રેલ્વે પાટાની બન્ને બાજુનાં ઝૂંપડાંમાં હજી હજારો પૂર્વબંગીય નિર્વાસિતો વસે છે તે જાણો છો ?'

'મને ખબર છે...' પ્રદ્યોતે જવાબ આપ્યો.

'ના, તમને ખબર નથી. બહુ તો તમે એ રસ્તેથી પસાર થતાં નાકે રૂમાલ ઢાંકીને ક્યારેક ઊડતી નજરે એ ઝૂંપડાં અને ત્યાંનાં રહેવાસીઓને જોયાં હશે. પણ આશાય મહેતા મારી સાથે ચાલો. ત્યાં રહેનારાની અવસ્થા તમે નજરે જુઓ. એક બાજુ ભાત પીરસાયો હોય ને બીજી બાજુ બાળકો ગંદું કરતાં હોય, બાજુમાંથી ગંદા પાણીની નીક વહી જતી હોય ને ઉપરથી વરસાદ ઝાપટતો હોય...એ બધું પાપ તમારા પેલા મા'ત્મા મિસ્ટર ગાંધીનું છે...' લગભગ એક શ્વાસે પેલો યુવાન ભાષણ જેવું બોલી ગયો.

પ્રદ્યોતના કાન સરવા થયા. એના મુખ ઉપર તિરસ્કાર કે ગુસ્સાને સ્થાને અનુકંપા અંકાઈ. 'અરે રે! આવું જુઠાણું! તમને સૌને આવું બોલતાં કોણે શીખવ્યું ?'

'ઇતિહાસે...અમારી માબેનને ફજેત કરી છે એ મિસ્ટર ગાંધીએ... સારા યે બંગાળ પ્રદેશનું સત્યાનાશ વાળ્યું છે તમારા મિસ્ટર ગાંધીએ...'

જુવાનના જુસ્સા સાથે બરાબર ટકરાય એવા અવાજે પ્રદ્યોતે જવાબ આપ્યો : 'દોસ્ત, એ ઇતિહાસને ફાડી નાખ, તને આવી કુશિક્ષા આપનાર વ્યક્તિના છાંયો પણ ન લઈશ...તારું ને તારા જેવાઓનું બ્રેઇનવૉશિંગ કરનાર તારો જે નાયક હોય તે તને પોતાના સ્વાર્થ માટે ઊંધરસ્તે દોરી રહ્યો છે એ ન ભૂલીશ. એ મહાત્મા હતા તો આ દેશની જ નહિ, બીજા કંઈક ગુલામ દેશોના ક્ષિતિજે સ્વાતંત્ર્યનું પરોઢ ઊગ્યું છે...'

પ્રદ્યોતે જોયું કે પેલા જુવાનની આંગળીઓ એકબીજામાં ભીડાઈ ગઈ હતી, કશા આવેશને કારણે એ ધ્રુજતો હતો.

'તમને બિનબંગાળીઓને અમારી યાતના નહિ સમજાય. અમારા નેતાજીના એ ગાંધીએ કેવા હાલહવાલ કર્યા હતા, એ વાત અમે નહિ ભુલીએ. પૂછ્યાગાછ્યા સિવાય દેશના ભાગલા એમણે પાડ્યા, એ કારણે અમારી આ અવસ્થા થઈ છે...નેતાજી હોત તો એ ગાંધીની વાત...'

પ્રદ્યોતે એની આંખમાં આંખ મેળવીને પૂછ્યું, 'તારી વય કેટલી ! તારા આ સાથીની વય કેટલી ?'

'મારી બાવીસ વર્ષ, એની ઓગણીસ. કેમ પૂછવું પડ્યું ?'

'એટલે કે ભાગલા પડ્યા ત્યારે તારો કે એનો તો જન્મ પણ ન હતો, બરાબર? અને નહિ તો તું બાવીસ વર્ષથી ને તારો દોસ્ત ઓગણીસ વર્ષથી બંગાળી છે, જ્યારે હું ત્રીસત્રીસ વર્ષથી બંગાળી છું. બંગાળી છું તે કારણે હું ભારતીય મટી જતો નથી. સૌ પહેલો ભારતીય તે પછી બંગાળી ગુજરાતી પંજાબી. આ સારો યે દેશ મારો છે, તારો છે, તારા પેલા નિરાશ્રિતોનો છે...'

'તમારી વાત મને ન સમજાઈ—' જુવાન સહેજ છોભીલો પડી ગયો.

'દેશને ખૂણેખૂણેથી આમંત્રણ મળ્યું હતું, સૌરાષ્ટ્રની તે વેળાની સરકારે પણ બંગાળના નિરાશ્રિતોમાંથી થોડા હજારને પોતાને આંગણે વસાવવાની તૈયારી બતાવી હતી, દંડકારણ્ય માટે તો કરોડો રૂપિયા ભારત સરકારે ખરચ્યા જ છે. હા, પણ તમને એ ઇતિહાસ કોણ શીખવે ?'

'અમારા બંગાળને તમે બધાઓ ચૂસો, રંજાડો, એની છાતી ઉપર બેસીને મોજ કરો અને અમે સૌરાષ્ટ્રમાં જઈને વસીએ ?' મૂળ મિજાજને બેવડાવીને પેલા યુવાને વાંધો ઉઠાવ્યો.

'પંજાબી અને સિંધી નિરાશ્રિતો પોતાને નિરાશ્રિત કહેવરાવતાં શરમાતા હતા. ભારતભરમાં દૂધમાં સાકર મળે એમ તેઓ મળી ગયા. કેમ હજી વીસ-બાવીસ વર્ષ પછી પણ તમે નિરાશ્રિતો જ રહ્યા છો ?' પ્રદ્યોતને પણ ભાષણ કરવાનો પાનો ચડ્યો છે કે શું ! સુમતિએ એને આવા રંગમાં ક્યારેય જોયો ન હતો, પતિનું એવું સ્વરૂપ જોતાં બે ક્ષણ માટે તો એ રાજી થઈ, છતાં મનોમન એ ભયથી થરથરતી હતી. છેલ્લાં ચારપાંચ અઠવાડિયાં દરમ્યાન નહિ નહિ તો ચારપાંચ વાર આ છોકરાઓ ફાળો ઉઘરાવવા આવ્યા હતા, કંઇ ને કંઈ બહાનું કાઢીને સુમતિએ એમને પાછા વાળ્યા હતા. પડોશનાં કાન્તાબેને અને ત્રીજા મકાનમાં વસતાં જાનકીબાઇએ સુમતિને સલાહ આપી હતી, 'ચૂપચાપ પાંચપંદર રૂપિયા આપીને એમને વિદાય કરજો, નહિતર મારામારી કરશે. ઘરમાં ગમે ત્યારે બૉમ્બ ફેંકશે. એમનું તો ભલું પૂછવું. કજિયાનું મોં કાળું...'

સારા યે કલકત્તામાં થોડા મુઠ્ઠીભર છોકરાઓએ અરાજકતા ફેલાવી હતી. થોડા વિચિત્ર બનાવો બન્યા હતા જરૂર. પણ અફવાઓએ એવા બનાવોને સહસ્રગણું વિકરાળ સ્વરૂપ વળગાડ્યું હતું. રોજ સાંજે

ઑફિસેથી ઘેર પાછા ફરતાં પ્રદ્યોતની સામે સુમતિ એવી અફવાઓની વાતો માંડી બેસતી, પણ પ્રદ્યોત એવી વાતોને ન ગણકારતો. 'આ એક પાસગ ફેઝ છે, આ દિવસો પણ વીતશે. અને આપણે વળી બિનબંગાળી શેના ? અઢાર વર્ષની વયે દોરીલોટો લઈને નહિ, પણ બે જોડી કપડાં ને એક પાઈસું લઈને આ શહેરમાં આવ્યો. એની ધરતી સાથે હવે તો મહોબ્બત થઈ ગઈ છે. બંગાળનો દુષ્કાળ, હુલ્લડો, બાગલા બધાંનો હું સાક્ષી હતો, અહીંની પ્રજાના સુખદુ:ખમાં ભાગીઓ બની રહ્યો છું. પોતાને બંગાળી કહેવરાવતા બંગાળી કરતાં જરાયે આ ભૂમિ મને ઓછી વહાલી નથી. એને છોડી જવાની વળી વાત કેવી ! ગુજરાતી માતૃભાષાને કારણે હું બિનબંગાળી બની ગયો ? ને એ સમય આવશે કે માતૃભાષા બંગાળી નહિ હોય તે કારણે બંગાળ છોડવું પડશે તો ભારત જેવું પણ કંઈ બચ્યું નહિ હોય...પછી જીવવા જેવું યે શું હશે ?'

સુમતિને પતિના એ શબ્દો યાદ આવી ગયા.

'અને તમે આવો સોફાસેટ, આવાં કબાટ વસાવી શકો છો ! તમારા ઘરની છો આટલી ચોખ્ખી ! ભીંતો આવી સાફ ! તમારાં કપડાં, વાસણો, બારીબારણાંના પડદા...!! અને અમે પૂરું ઓઢવાપાથરવાનું પણ પામતા નથી...આ બધું નહિ ટકે...જો જો અમને અસંતુષ્ટ રાખશો તો...ચૂપચાપ ફાળામાં પચીસ રૂપીઆ આપી દો...નહિતર' પેલા યુવાનની વાણીમાં કડવાશ-તીખાશ ઉભરાતાં હતાં, ભરપટ્ટે.

'નહિતર- ? ધમકીઓથી હું ડરતો નથી. કાયદેસર મારી કમાણીમાંથી આ બધું મેં વસાવ્યું છે. કોઈનું મેં આંચકી લીધું નથી. મારું કોઈ આંચકે તે પણ હું ચલાવી લઉં તેમ નથી...તમે હવે જઈ શકો છો.'

'પચીસ નહિ તો વીસ, વીસ નહિ તો પંદર—' પેલો જુવાન હજી હાર સ્વીકારવા તૈયાર ન હતો.

'એક પૈસો પણ નહિ...આવજો...' બોલીને પ્રદ્યોતે ઝડપથી બારણું બંધ કર્યું. બંધબારણાંની પેલી બાજુથી ધમકી ભર્યા શબ્દો સંભળાતા હતા, 'ભૂલશો નહિ મોશાય, ગમે ત્યારે પાછા આવીશું...અને તે વખતે અમે બે નહિ હોઈએ, ખાલી હાથે પણ પાછા નહિ ફરીએ...'

પ્રદ્યોતના હોઠ પીસાઈ ગયા, બેપાંચ ક્ષણ માટે. મુખ ઉપરની તંગ રેખાઓ ક્ષણમાં જ ઢીલી પડી ગઈ.

'કોનો વાંક ? આ બધા આ માર્ગે શાથી ? એમને વળી બંગાળી-અબંગાળી શું ?...' સુમતિએ ઉપરાઉપરી પ્રશ્નો પૂછી લીધા.

'પ્યાદાં બિચારાં, શતરંજનાં પ્યાદાં જ માત્ર. કોની હારજીતની બાજી ખેલાઈ રહી છે એની એમને પરવા હોત તો...!' પ્રદ્યોતને બીજો કોઈ જવાબ આપવો ન સૂઝ્યો.

એ સવારની અને ત્યાર પછીની રોજ સવારની પ્રદ્યોતની ચા ખારી બની જતી હતી જાણે. ચાની ચુમક લેતાં એના કાન સરવા વળી જતા ...બારણે કોઈ ટકોરા મારતું હતું શું ? ! □

અનુસંધાન] હિમવર્ષા ને અવળો મનસૂબો [પૃષ્ઠ ૨૨૯થી

ઝીણામાં ઝીણો બરફનો ભૂકો પૃથ્વી ઉપર પાથર્યે જતો હતો. ઝરતો સરતો ઊડતો એ એકધારો દેખાય, ભોંય પડયો કે પથ્થર જેવો થીજી જાય.

આઠ દિવસ યુનિવર્સિટી બંધ. એટલે જ ઘરમાં ગોંધાઈ રહેવાનું, કંઈ હિમ્મત ચાલે તો બહાર નીકળવાનું. જરા તડકો પડે તો થોડા નીકળે એમ હું પણ વચ્ચેવચ્ચે નીકળતો. પાંચ છ મકાન મૂકયાં કે બાજુ ઉપર સ્ટૅાર, ત્યાં જઈ બટાટા કે બ્રેડ કે માખણ કે કંઈ રાંધ્યા ધાનનો થેલો ભરી લાવું. સૂપના દાબડાઓનો તો ઢગલો ભરી રાખ્યો હતો એટલે ખાવાપીવાની તો કશી ચિંતા નહોતી. ટેલિફોન આવી સ્થિતિમાં આપણે ત્યાં તો રિસાઈ બેસે, એને બદલે અહીં ટેલિફોન, ટેલિવિસ્ઝન તો પાકે ભરોસે કામ આપે, એ જ એક એકલતાનો આશરો. એમાં ટેલિવિસ્ઝન તો તમને ચા બનાવવા માટે પણ ન ઊઠવા દે, એવી એના કાર્યક્રમોની પકડની જકડ. ચાલુ કર્યું અને આંખે વળગ્યું તો સાણસામાંથી છટકી જ ન શકો. વાર્તા, હસાહસ, કસરત, સંગીત, જુવાનિયાંનું નૃત્ય, છટપટાટ, તાજગી, નાટક, રમતગમતમાં પોલો, કયાંક ફૂટબૉલ, ઘોડદોડ, મારામારી, ડાકુગીરી, ચાંચિયાવેડા, વિજ્ઞાન, સમાચારદર્શન, દર્શન એટલે આબેહૂબ બનતા બનાવોનું સત્યદર્શન, અને આ અહીં પડતો બરફ જોતાં થાકયા ન હોઈએ એમ વળી આ ઉપરાંત, બીજાં પણ એવાં સ્થળો છે જ્યાં બરફ સતતનો પડી રહે છે એનાં પણ સુંદર અને આહ્લાદક દશ્યો...

એમાં એક ભૂગોળના પ્રકરણે મનસૂબાને બહેકાવી દીધો. ત્રીજે કે ચોથે જ દિવસે ઘરમાં બેઠાંબેઠાં કૉલેજ ટ્રાવેલની અમારી યુનિવર્સિટી કૅમ્પસમાંની દુકાનમાં ટેલિફોન કર્યો–અને પૂરી ત્રીસ મિનિટ નથી થઈ તે પહેલાં તો માગી એ પ્રમાણેની ટિકિટ ભાવતાલ સમયસારણી સાથે તૈયાર, જ્યારે બહાર નીકળો ત્યારે લઈ જજો. એક બાજુથી બરફ ઓગળવાની યા રસ્તા સાફ થવાની રાહ જોતો, તો બીજી બાજુ નાતાલની રજાઓ પડવાની રાહ જોતો બેઠો. આ બરફ પડયો ઑકટોબર આખરે, જરા વહેલો, પણ નવેમ્બર સારો ગયો, અને મધ્ય ડિસેમ્બરે તો આપણે ત્યાંની દિવાળીની જેમ યુનિવર્સિટીમાં નાસભાગ થઈ ગઈ. કોઈ પ્લેઈનમાં તો કોઈ મોટરમાં તો કોઈ બસમાં. આગળથી ટિકિટો નક્કી કરાવેલી, તે પ્રમાણે મેં પણ નાતાલનો બે ભાગમાં વહેંચેલો મારો પ્રવાસ શરૂ કર્યો. કોઈની સલાહ લઈને કે કોઈને પૂછીને ગોઠવ્યો હોત તો બધા જ હસત, કારણ અહીં વળી કોઈ કોઈ ટ્રેઈનમાં પ્રવાસ કરતા જ નથી. રેલપાટા એટલે જાણે મારે મન તો કરોડરજ્જુ. અને લાંસિંગ સ્ટેશનથી ગાડી ડીટ્રોઈટ જાય, કૅનેડા જાય કે નીચે શિકાગો જાય, એટલે એમાં ઑન્ટારિયો (કૅનેડા) જવા બંદા ઊપડયા. મનમાં એમ કે નિયાગરા ધોધ જોઈ આગળ ઊપડીશું. આમ ટોરંટો જઈ, ત્યાંથી ફરી ટ્રેઈનમાં નિયાગરા ધોધ જોઈ, ફરી ટોરંટો આવી ત્યાંથી, શું ધારો છો, આ શિયાળાની ઋતુમાં કયાં ઊપડવા નિરધાર કર્યો હશે ? સ્ટેટ્સમાંથી કૅનેડા ટોરંટો જઈ, ત્યાંથી ફરી સ્ટેટ્સમાં, એટલે કે ઍરોપ્લેનમાં અલાસ્કા–થીજ્યા બરફના પ્રદેશમાં ! કહો કોઈને પૂછવા જઈએ તો હા પાડે ખરા ? કારણ અમારે ત્યાંથી પોણાભાગના વિદ્યાર્થીઓ તડકો માણવા દક્ષિણ ભણી ઊપડયા હતા, ત્યાં અલાસ્કાની વાત કોણ સાંભળે ?

ટોરંટોથી અલાસ્કા પાસે તો નહોતું જ. ઉત્તર ધ્રુવ તરફ મોં કરી ઊભા રહીએ તો જમણે હાથે બે અઢી હજાર માઈલનું ઉડ્ડયન કરીએ તો ગ્રીનલૅન્ડ પહોંચાય, ડાબે હાથે ઊડીએ તો અલાસ્કા પહોંચાય. આ વર્ષે દરમ્યાન વળી કૅનેડાની સરકારે રેલવેની જયંતી ઊજવવા એક ખાસ આલિશાન, સગવડભરી, છક કરી નાખે એવી, રંગીલી, મોજિલી, રસિલી ટ્રેઈન બાંધી હતી–એમાં પણ માઇલોના માઇલો સુધી જઈ શકાય, બરફના પહાડો જોઇ શકાય. મારે જવું પૂર્વમાં મૉન્ટ્રાલ–મૉન્ટ્રીઅલ થઈ બ્રુન્સવિગમાં સેંટ જૉન કૉલેજમાં, ત્યાં ભણાવતા મારા વિદ્યાર્થી જોર્ડાન ડું ને ત્યાં. પણ એ પહેલાં મેં પસંદ કર્યું અલાસ્કા, અને પાછા ફરતાં એક ટુકડો ટ્રેઈનનો નક્કી કર્યો હતો, તે મૂળ પ્રમાણે જ હું મારા નકશાને વળગી, સીધો, વગર ઊતર્યે, ફેરબૅન્કસ પહોંચ્યો. એટલે કે બેરિંગના અખાતની ઉપર; ત્યાંથી નોમ ગયો, અને બસમાં બેરિંગની સામુદ્રધુનિ ઉપર પહોંચ્યો. □

ચંદ્રવદન મહેતાની અંતરઅઠરી-૨૦

હિમવર્ષા ને અવળો મનસૂબો

વર્ષો નહિ પણ યુગયુગ પહેલાં, એટલે કે પૃથ્વીએ પોતાનું સ્વરૂપ ધડી અવકાશમાં ફૂદડી ફરવાનું નિશ્ચિત કર્યું હશે, ત્યાર પછી ધીમેધીમે ઋતુઓ ઘડાવા માંડી, સાગરો હિલોળાયા, વાદળો ઊપજ્યાં, અને ઊંચેઊંચે ઊડયા પછી ઠેકઠેકાણે વરસ્યાં હશે, એ જલથી જ્યાં હશે અને ક્યાંક નિરંતરનાં થીજેલાં રહ્યાં હશે, કે પૃથ્વીએ પોતાનો ઘડોલાડવો ઘડયા બાદ, સહસ્રસહસ્ર વર્ષો વીત્યાં પછી પોતાનાં જ ભૂસ્તરોમાં ફેરફાર કરવા ફરીથી પોતાના ખોળામાંના કોઈ મહાસાગરને ઊંચકીને બીજે પધરાવતાં, ક્યાંક પોતાનો ઘૂંટણ ઊંચો કર્યો હોય, અને એમ કરતાં જ્યાં થળ ત્યાં જળ, જ્યાં જળ ત્યાં સ્થળ, એમ નવી ગિરિમાળાઓ ઉપસાવી હોય, ત્યાંનાં સરસરોવરને વહી જવા પૂરતો સમય ન મળ્યો હોય અને એ થીજી ગયાં હોય, જલશિકરો ઊડતી રહી હોય, થીજતી રહી હોય, ઓગળતી રહી હોય, એવીએવી જળ સૂર્યશક્તિ વાયુ વાદળાંની અનંત રમ્ય લીલાઓનાં રહસ્ય વૈજ્ઞાનિક પૃથક્કરણથી સમજી તો શકીએ, પણ એ ક્યાં ક્યારે કેમ એકાએક ખેલાઈ એનો મહિમા તો શી રીતે જણાય ?

ઑક્ટોબર મહિનો પૂરો થવા આવ્યો, મિશિગન સ્ટેટમાં એ સમયની એકાદ મહિનાની ઋતુને 'ઇન્ડિયન સમર' કહેવામાં આવે છે. તે અરસામાં અમારી ચેરી લેઈનમાં એકેએક તરુવરે પોતાને માથે ફૂલના વિવિધ ગજરા ગૂંથી ગૅરીને શણગારી દીધી હતી. એવી એ રંગીલી ઋતુ અમે માણી-ન માણી, એવામાં એક દિવસ અમે અમારા ઘરમાં બેત્રણ વાની રાંધીજમીને ટેલિવિસ્ઝન જોઈ નિંદરી જઈએ છીએ, અને સવારે ઊઠી બારીના પરદા ખસેડી ચાનાસ્તાની વિચાર શ્રેણીમાં ગૂંથાવા માંડીએ તે પહેલાં તો બારી બહાર, ગઈ સાંજની લીલી હરિયાળીની એક પણ તસુભાર જગ્યા દેખાતી નથી. અમારી બારીની લગોલગ ત્રણ ફૂટ ઉપર બારીની ધાર સુધી સફેદ હિમરજના ઢગ દેખાયા. ક્યાંય કશું લીલું ન મળે. કેટલા વાગ્યા છે ? બરાબર છ વાગ્યે જાગી જનારો હું; છ જ વાગ્યા છે, પણ હું-ક્યાં છે હું-હું તે કોણ ? અને એ હું ને ઝરમરઝરમર, ઉપરથી નીચે ઝરતો ફુવારો ફોરી રહેલો દેખાયો. ખુરશી ખેંચી હું બારી નજીક જઈ બેઠો. મધરાતથી કશા ગાજવીજ કે ધૂમધડાકા વિના આવી જાજમ બિછાવવાનું કુદરતે શરૂ કરેલું કામ એકીટશે જોતો બેસી રહ્યો. બહારનું બૅરોમીટર, અંદરના કાચમાંથી વંચાય એવું, જોયું તો કાંટો શૂન્યની નીચે સરકી ગએલો જણાયો. આ સ્નો ? આ હિમાચ્છાદન, આ હિમ પથાર ! આ હિમ, આ અચલ નહિ, પણ ચલે એવું હિમ-ચલશે ? હું ને તો ચા પીવી હતી, પણ હું બનાવવા માટે ક્યાં તૈયાર હતો ? એ હું તો ઝરતી હિમકણિકામાં એક કણ સમો ક્યાંક ઠરી ગયો હતો; અવાક, અબુધ નિશ્ચેતન થઈ સ્થિર થઈ ગયો હતો. મેક્સિકોમાં એક પ્રચલિત વાત છે કે ગાંડા એટલે કે અસ્થિર મગજના માનવીઓને પૂરપાટ વહેતી નદીને કાંઠે લઈ જઈ ત્યાં કેટલોક સમય બેસાડી રાખવાથી મગજની બીમારીથી પીડાતો માનવી એ સડસડાટ એકધારાં વહેતાં જળ એકીટશે જોયા કરે છે, અને કેટલાક દાખલાઓમાં એની અસ્થિરતા, સ્થૈર્ય ગ્રહણ કરે છે. હું પાગલ ઉપરથી સરતી ઝરતી ઊડતી હિમકણિકાઓ દેખીદેખી સ્થિર ચિત્તે સમયનું ભાન ભૂલી, હું, હુંને ઓગાળતો બેસી રહ્યો. ચા ચાને ઠેકાણે અને નહાવાનો સરંજામ એને ઠેકાણે અણઅડયો પડયો રહ્યો; એ ધવલ પટાંગણમાં ચોંટેલા ચિત્તને આખરે ટેલિફોનના રણકારે જાગ્રત કર્યો. 'કોણ ફારલી ?'

'હા, મારાથી નહિ નીકળી શકાય. આજે મારો વર્ગ તમે લેજો. મારી મોટર બરફમાં દટાઈ ગઈ છે. પચાસ વર્ષમાં આવો હિમઠાર મિશિગનમાં પડયો નથી.'

'બરાબર ! પણ પાંચ હજાર વર્ષમાં તો કેટલી યે વાર પડયો હશે. તું કહે તો હું તને ચાલીને તેડવા આવું.'

'ના, ના. હજી તો એ લોકોએ રસ્તા પણ સાફ નથી કર્યા. આજે કોઈ નીકળી નહિ શકે.'


'તો પછી હું તારો વર્ગ શી રીતે લઈ શકું ? થીજેલા બરફને શીખવવાનું હોય તો, એ તો હું અહીં બેઠો શીખવ્યા કરું. ફારલી, ડૅાન્ટ વરી. કલાકેક બાદ કંઈ સમાચાર સાંપડશે. હમણાં તો તું ઓરડો ઠંડો કરી સૂઈ જા.'

વર્ષો પહેલાં દાર્જીલિંગ ગયો ત્યારે. હિમાલયમાં ઠર્યો બરફ જોયો હતો. આછીપાતળી હિમવર્ષા પણ માણી હતી; પણ આ તો બરફનાં આભ ફાટયાં. જમીનથી ત્રણચાર ફીટ ઊંચી મારી બારી, એ ખોલી જ ન શકાય, એવડો બહાર બરફઢગલો. બહાર કોની મોટર ક્યાં ખડી છે, એ કોઈ મોટરનો સગો બાપ કે સગી મા પણ કહી ન શકે તો માલિકની વળી શી મજાલ ? જોઈએ, આ જ રસ્તે યુનિવર્સિટીની બસ જાય છે, જાય છે ? ના. બાજુમાં મડોરીને ફોન કરી પૂછયું, 'લાયબ્રેરી ખુલ્લી હશે ?' તો મડોરીબાઈ કહે 'ઉઘાડનાર કુંચી લઈને જાય જ શી રીતે ?' બરાબર પોચા રૂના ઢગલા જેવો બરફ જોયા કરો, જોયા જ કરો. તે દિવસે રજા. બીજા દિવસે રજા. અને પછી ટેલિવિસ્ઝન ઉપર જાહેરાત, આઠ દિવસની રજા. ન કોઈ બહાર નીકળી શકે, ન કોઈ ક્યાંકથી બીજાને ત્યાં જઈ શકે. બરફ પણ માનવીને કેદ કરી શકે છે. બીજે દિવસે તો વળી ઑર હિમવર્ષા થઈ, ઑર ઠાર પડયો, ઑર ઢગલો વધ્યો. યુનિવર્સિટીનાં સો વર્ષમાં આઠ દિવસ વર્ગો બંધ રહ્યાનું સાંભળ્યું નથી, એમ બેચાર જણાએ ફોન ઉપર કહ્યું. મારા મનમાં કે નથી સાંભળ્યું તો સાંભળો. આપણી જિંદગીમાં ઘણુંઘણું આપણે પહેલાં નથી સાંભળ્યું એવું સાંભળ્યું છે. એમાં આ એક વધારે.

અંતે રસ્તા ઉપરનો બરફ ઉલેચનાર અડીખમ તોતિંગ ઊંટડાઓ નીકળી પડયા. દસ માણસ ઊભા રહી શકે એવાં મોટાં તગારાં બરફને ઉશેટે અને પડખેની ગાડીમાં ભરે. એ પણ જોવા જેવો દેખાવ હતો. પૈડાં વિચિત્ર, ઊંચાઈ અનોખી, પાવડા-ઊંટડા-તગારાં ખાસ પ્રકારનાં, રસ્તો તો મોકળો એટલે કે ચોખ્ખો થયો, પણ બે બાજુની માણસ જેટલી ઊંચી બરફની દીવાલ તો નક્કર ઘાટમાં ખડી જ હતી. રસ્તા ઉપર મોટર ચાલી શકે પણ પગથાર ઉપર માણસ ન ચાલી શકે. પણ દેન કોની છે કે એ બરફમાં ઢંકાએલી પોતાની મોટર પારખી શકે, એની ઉપરનો, આસપાસનો, બરફ પાવડેથી દૂર કરી, એના ઍન્જિનને ગરમાવી શકે ?

મુલાયમ નજાકતથી કુદરત લ્હેરની હતી. મૃદુમાં મૃદુ સુકોમલ ફૂલની પાંદડી કરતાં પણ નરમ પાથરણું પથરાતું હતું. રંગોની ભભક નહિ, રંગોનું વૈવિધ્ય નહિ, પરંતુ એક જ સફેદ રંગની રોનકનું અંતરસ્વરૂપ રજૂ થઈ રહ્યું હતું. દૂધ જેવું સફેદ. પણ આ સફેદથી વધારે સફેદ શું કહી શકાય ? ઝળહળતો સૂર્ય ? પણ એની સફેદી તો આપણે જોઈ જ ક્યાં શકીએ છીએ ? એટલે આ સફેદને સફેદ જેવો જ, ઉપમાન અને ઉપમેયને એક જ ગણવો પડશે. આભ ફાટયું એમ આપણે કહ્યું, પણ આભમાં ચાળણી જેવાં છિદ્રો હોવાં જોઈએ-ના, એમ હોય તો વરસાદની માફક કશા પડે, યા કણિકાઓ. વરસે-આ તો આભના ચંદરવાની ચાદરના ચાર છેડા પકડી એમાં કોઈ ઝીણી આંગળીએ નીચે રંગોળી પૂરે એમ કોઈ દેવદૂત જાડામાં જાડા કાપડમાંથી (અનુસંધાન સામેના પાને)


બુધનું એક અલ્પપ્રાપ્ય દર્શન



ગયા મે માસની ૯ તારીખે બુધ ગ્રહને સૂર્યબિંબ પરથી પસાર થતો જોવાની એક અલ્પપ્રાપ્ય તક ઊભી થયેલી અને તેમાંયે સૂર્યબિંબ પરના બુધના પ્રવેશથી માંડી મોક્ષ (!) સુધીનું સંપૂર્ણ દર્શન તો આપણા રેખાંશો પૂરતું જ શક્ય હતું. આ વિરલ તકનો લાભ લઈ અમદાવાદના 'કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર'ના ડૉ. કે. બી. શાહ તથા અહીંના સંસ્કાર કેન્દ્ર (મ્યૂઝિયમ)ના ફોટોગ્રાફર શ્રી સુરેન્દ્ર પટેલે સાયન્સ સેન્ટરના ટચૂકડા દૂરબીન વડે તેના ફોટોગ્રાફો લીધેલા, જેમાંના ચાર અહીં આપ્યા છે. બાજુની છબિમાં દેખાતા મોટા સૂર્યબિંબ ઉપર જે કેટલાંક ટપકાં દેખાય છે તેમાં ઉપરનાં ચાર મોટાં ને અસ્પષ્ટ કિનારીવાળાં ટપકાં એ સૂર્યકલંકો છે જ્યારે સૂર્યબિંબની મધ્યમાં સહેજ નીચે દેખાતું સ્પષ્ટ ગોળ ટપકું એ બુધ છે. ભારતીય સ્ટાંડર્ડ ટાઇમ પ્રમાણે બપોરે બરોબર એક વાગ્યે આ છબિ લેવાઈ છે. આ છબિ પરથી બુધ અને એની પાછળ લાખો માઈલ દૂર દેખાતા વિરાટ સૂર્યબિંબના કદની સરખામણી રસમય બની રહેશે. છબિ જોતાં જણાશે કે સૂર્ય પરનાં કલંકો પણ બુધના કદ કરતાં મોટાં છે. આ તુલનામાં બુધ અને સૂર્ય વચ્ચેનું અંતર પણ લક્ષમાં રાખવું જોઈએ.

સૂર્યમાળામાં બુધ સૌથી નાનો—એટલો નાનો કે આટલાંટિક મહાસાગરમાં ડૂબી શકે, અને સૂર્યની સૌથી વધુ નજીકનો ગ્રહ છે. સૂર્યપ્રદક્ષિણાનો એનો માર્ગ એક સરખો ગોળાકાર નથી એટલે એ ક્યારેક સૂર્યની ઘણો નજીક તેમ ક્યારેક ઘણો દૂર હોય છે. પણ સરાસરી એ સૂર્યથી ૩૬૦ લાખ માઈલ દૂર છે. સૂર્યપ્રદક્ષિણાનો તેનો સમય આપણા ૮૭ દિવસ, ૨૩ ક. અને ૧૬ મિ. જેટલો છે અને લગભગ એટલો જ સમય એ પોતાની ધરી પર ફરતાં લે છે. આથી એની એક બાજુ સતત સૂર્ય તરફ જ ને બીજી બાજુ સતત અંધારામાં રહે છે. આમ એની અજવાળી બાજુ પર પૃથ્વી કરતાં દસ ગણો સૂર્યપ્રકાશ અને એવો જ તાપ પડે છે, જ્યારે બીજી બાજુ એવી જ ઠંડી. એટલે એક બાજુ સીસું પીગળી જાય એવી ગરમી તો બીજી બાજુ વાયુ પણ ઠરીને પથ્થર બની જાય તેવી ઠંડી. પણ ત્યાં વાયુઓ નથી. પૃથ્વી પર ૧૦૦ રતલ વજનનો થાય એ પદાર્થ ત્યાં માત્ર ૩૬ રતલ જ તોળાય એટલું ઓછું એનું ગુરુત્વાકર્ષણ છે એટલે ત્યાં વાતાવરણની શક્યતા નથી. જોકે છેલ્લાં સંશોધનોમાં ત્યાં અતિ અલ્પ પ્રમાણમાં કાર્બન ડાયોક્સાઈડનું અસ્તિત્વ હોવાનું જણાયું છે. 'પોતાના વિષુવવૃત્ત પર માત્ર ૩૧૦૦ માઈલના વ્યાસવાળા આ ટચૂકડા ગ્રહની બીજી કેટલીક લાક્ષણિકતા પણ જાણીતી છે. જ્યારે સૂર્યની નજીક હોય ત્યારે પોતાની ધરી પર વધુ ઝડપથી ફરે છે અને દૂર હોય ત્યારે ધીરે. દૂરબીનમાંથી એ નારંગી રંગનો લાગે છે ને તેની સપાટી પર ચંદ્રકલંક જેવા ડાઘ પણ જણાય છે. સૂર્ય અને પૃથ્વીની વચ્ચેનો એ ગ્રહ હોઈ ચંદ્ર અને શુક્ર પેઠે એની કળા જોવા મળે છે. એવો પણ અંદાજ છે કે બુધ પર કિરણોત્સર્ગી ધાતુઓ સાથે અન્ય ભારે ધાતુઓના વિપુલ ભંડાર પણ હોવા જોઇએ. સૂર્યથી નજીક હોવાને કારણે એનો પ્રદક્ષિણા પથ નાનો છે અને એટલે હમેશાં એ સૂર્યની આજુબાજુમાં પૂર્વાકાશ કે પશ્ચિમ આકાશમાં જ ક્ષિતિજથી થોડે ઊંચે સુધીમાં દેખાય છે. આ જ કારણે એના પરથી આવતાં પ્રકાશકિરણોને આપણા વાતાવરણના ગાઢ સ્તરને ભેદવાનાં આવતાં હોઈ એનું દર્શન સ્થિર તેજે પ્રકાશતા ગ્રહ જેવું નહિ પણ ઝગમગતા તારા જેવું લાગે છે. વધુ સંશોધનાર્થે આ ગ્રહ પર અવકાશયાન મોકલવાની હાલના સંજોગોમાં કોઈ શક્યતા જણાતી નથી કેમ કે સૂર્યની એ ઘણો નજીક હોઈ એની પાસે જનાર યાન સૂર્યના ગુરુત્વાકર્ષણથી એ તરફ ખેંચાઈ જઇને એની પ્રચંડ ગરમીમાં ખલાસ થઈ જાય. □

નીચેનાં ત્રણે ફોટોચિત્રો તા. ૯ મેની સાંજે લીધેલાં છે, જેનો સમય તેની નીચે દર્શાવ્યો છે. આમાં સૂર્યકલંકનાં સ્થાન ફરી ગએલાં દેખાય છે એટલું જ નહિ, સૂર્યબિંબમાં ડાબી બાજુ નીચે પેલા બે મોટા કલંકની બાજુમાં એક વધુ કલંક પણ દેખાય છે. આ ત્રણે કલંકની નીચે સ્પષ્ટ ટપકા રૂપે બુધ દેખાય છે જે હવે સૂર્યબિંબની નીચલી કિનાર નજીક પહોંચી ગયો છે અને બીજા અને ત્રીજા ચિત્રમાં તે એ દિશામાં વધુ ખસતો જઈ એક કિનારની લગોલગ પહોંચેલો દેખાય છે. આ ચિત્રો પરથી એના માર્ગની દિશાનો પણ ખયાલ મળી શકે છે.



↑ સાંજે ૫ ક. ૧૦ મિ.



↑ સાંજે ૫ ક. ૨૭ મિ.



↑ સાંજે ૫ ક. ૩૭ મિ.

થાટ પદ્ધતિ

સાકુરામ ન્યામતરાય ચોપ્રા

ભારતમાં પ્રચલિત બે સંગીત-પદ્ધતિઓ પૈકી અહીં આપણે 'ઉત્તર હિંદુસ્તાની પદ્ધતિ'નો જ વિચાર કરીશું, કેમ કે દક્ષિણ-માં પ્રવર્તતી 'કર્ણાટકી સંગીતપદ્ધતિ' આપણે જેનાથી વધુ પરિચિત છીએ એ પદ્ધતિથી ઘણે અંશે ભિન્ન છે.

સંગીતપદ્ધતિ વિષે વિચાર એટલે એમાં આવતી રાગ-રચનાનો અભ્યાસ. એનો પાયો સ્વરપદ્ધતિ પર આધારિત છે, અને સ્વરો સાત છે: ષડજ (સા), ઋષભ (રિ કે રે), ગાંધાર (ગ), મધ્યમ (મ), પંચમ (પ), ધૈવત (ધ) અને નિષાદ (ન) એ આપણે જાણી લીધું છે.

તેમાં ષડજ તથા પંચમને પોતપોતાનાં નાદસ્થાનોથી વિચલિત કરી શકાતા નથી તેથી તેમને 'અવિકારી' અથવા 'શુદ્ધ' કે 'તીવ્ર' એવી સંજ્ઞા આપવામાં આવી છે. બાકીના રે, ગ, મ, ધ અને નિ સ્વરો પોતાના સ્થાનથી વિચલિત કરવામાં આવતાં તેમનું રૂપ બદલાઈને વિકૃતિ પામે છે. તેથી તેમને 'વિકારી' સ્વરો કહે છે. તેમાં પણ 'મધ્યમ' સ્વર એક અપવાદ રૂપ છે, કેમ કે તેને વિચલિત કરવાથી થતા રૂપને 'તીવ્ર' નામ આપવામાં આવ્યું છે, જ્યારે બાકીના રે, ગ, ધ, નિ સ્વરોના વિકારી રૂપને 'કોમળ' સંજ્ઞા આપવામાં આવી છે. એટલે ઉપર મુજબ જોઈશું તો ષડજથી નિષાદ સુધીના સાત શુદ્ધ કે તીવ્ર સ્વરો અને રે,ગ,ધ,-નિના વિકારી ૪ કોમળ સ્વરો, તથા વિકારી મધ્યમનું તીવ્ર રૂપ મળી કુલ ૧૨ સ્વરોનો આપણી સંગીતપદ્ધતિમાં ઉપયોગ કરવામાં આવે છે.

આ બાર સ્વરોના જૂથને 'સ્વર-સપ્તક' કહે છે. સામાન્યત:સપ્તકમાં ફક્ત સાત સ્વરો હોવાનું મનાય; પણ સા, પ, સિવાયના પાંચ વિકારી સ્વરો ભેળવીને થતા બારના સ્વરસમૂહને પણ સંગીતમાં 'સપ્તક' જ કહે છે. વળી, સ્વરોના ઊંચા-નીચાપણાના ક્રમને આધારે તેમને 'મંદ્ર' (કે ખરજ), 'મધ્યમ' તથા 'તાર'નો સપ્તક એવી સંજ્ઞાઓ આપવામાં આવી છે. જેમ કે સ્વાભાવિકપણે ગાયકનો સ્વર જેમાં શરૂ થાય તે સ્વર સપ્તકને 'મધ્યમ સપ્તક' અને તેના સ્વરથી નીચે ઊતરતા 'નિ' થી 'સા' સુધીના અવરોહી સ્વરસપ્તકને 'મંદ્રસપ્તક' તથા ઉપરના 'તાર' ષડ્જથી શરૂ થતા સ્વરસપ્તકને 'તારસપ્તક' કહેવામાં આવે છે. નીચે આકૃતિમાં બતાવ્યા પ્રમાણે હાર્મોનિયમની સફેદ તથા કાળી ચાવીઓના ક્રમને અનુસરશો તો આ ત્રણે સપ્તકોનો પૂરો ખયાલ આવી જશે.



હાર્મોનિયમના સ્વરસપ્તકોનો અભ્યાસ કરવાથી સ્વરોના શુદ્ધ કે તીવ્ર તથા કોમલ રૂપોનો પણ સ્પષ્ટ ખયાલ આવી જશે. તમને જણાશે, બે સફેદ ચાવીઓથી ઓળખાતા શુદ્ધ સ્વરોની વચ્ચે કાળી ચાવીવાળું તે બીજા સ્વરનું કોમલ રૂપ ગણાય છે. જેમ કે સપ્તકની શરૂઆતમાંના ષડજ તથા શુદ્ધ ઋષભની બે ધોળી ચાવીઓ વચ્ચેનું કાળી ચાવીવાળું રૂપ તે કોમલ ઋષભ, જેને પહેલી કાળી ચાવી તરીકે પણ ઓળખવામાં આવે છે. તે જ પ્રમાણે કોમળ ગાંધાર, કોમળ ધૈવત તથા કોમળ નિ-ષાદનાં રૂપો પણ હાર્મોનિયમમાં દર્શાવેલાં મળી આવશે. આનાથી એક વસ્તુ પ્રતીત થશે કે બે શુદ્ધ સ્વરોના નાદસ્થાનની બરાબર મધ્યમાં આવેલું નાદસ્થાન તે ક્રમાનુસાર બીજા સ્વરનું કોમલ કે વિકારી રૂપ છે, પરંતુ ષડજ ને પંચમનું તેવું રૂપ નથી. પણ આ ચાવીઓના નિરીક્ષણથી જણાશે કે 'શુદ્ધ ગાંધાર'ની ધોળી ચાવી પછી તરત જ મધ્યમ સ્વરની સફેદ ચાવી જ બેસાડેલી છે, જ્યારે મધ્યમ તથા પંચમની વચ્ચે આવતી કાળી ચાવી તે 'તીવ્ર મધ્યમ' છે. આનો અર્થ એ થયો કે આપણા શુદ્ધ સ્વરોના સપ્તકમાં 'મધ્યમ' સ્વર 'તીવ્ર મધ્યમ' સ્વરથી નીચો છે, એટલે કે તેને કોમલ મધ્યમ કહીએ તોપણ ચાલે તેમ છે, પરંતુ સંગીતની પરિભાષામાં આ મધ્યમને કોમળ સંજ્ઞા આપવામાં આવતી નથી. પણ કેવળ 'શુદ્ધ મધ્યમ' જ કહે છે; આનું કારણ એ છે કે માનવ-સ્વરમાં સ્વાભાવિક રીતે મધ્યમનું આ જ રૂપ વિના આયાસ લઈ શકાય છે. તેથી તેને શુદ્ધ રૂપ કહ્યું છે, જ્યારે તીવ્ર મધ્યમ સ્વર કાંઈક ઊંચો હોઈ આરોહમાં લેવો કઠિન હોવાથી તેને અલગ ગણી તીવ્ર 'મધ્યમ' કહ્યો છે.

આપણી સંગીત પદ્ધતિમાં મધ્યમ એક અદ્ભુત સ્વર છે. તેનાથી સ્વરસપ્તકનો પૂર્વાર્ધ સમાપ્ત થાય છે. જેમ કે 'સા રે ગ મ' પૂર્વાર્ધ અને 'પ ધ નિ સા' ઉત્તરાર્ધ. આને લીધે રાગોના 'વાદી સ્વરો' જે અંગમાં આવેલા હોય તો તેમને પૂર્વાંગવાદી અને ઉત્તરાર્ધમાં હોય તો એને ઉત્તરાંગવાદી રાગો તરીકે ઓળખવામાં આવ્યા છે. 'વાદી' સ્વર એટલે જે સ્વર રાગનું સ્વરૂપ નક્કી કરવામાં મુખ્ય સ્વર તરીકે ઓળખાવી શકાય તથા જે તે રાગના આરોહ-અવરોહ સ્વરૂપમાં તેનો વધુ પ્રમાણમાં ઉપયોગ થાય તેને તે રાગનો 'વાદી' સ્વર કહેવાય. સંગીતની ભાષામાં એને 'રાજા'પણ કહે છે. તદુપરાંત રાગોના બે મોટા વિભાગ પાડવામાં આવ્યા છે. તેમાં ફક્ત મધ્યમનું રૂપ બદલવાથી તેમની પદ્ધતિ તથા રાગગાનસમયમાં ફેર પડી જાય છે. તેથી મધ્યમને 'અધ્વદર્શક'એટલે કે માર્ગ બતાવનાર સ્વર તેવી સંજ્ઞા પણ આપવામાં આવી છે. સામાન્ય રીતે શુદ્ધ મધ્યમવાળા રાગોને 'પૂર્વરાગ' તથા 'તીવ્ર મધ્યમ'વાળા રાગોને 'ઉત્તરરાગ' કહેવામાં આવે છે. આપણી સંગીત પદ્ધતિમાં રાગોના જે વિવિધ વિભાગો કરવામાં આવ્યા છે તેમાં (૧) બપોરના ૧૨ વાગ્યાથી રાત્રિના ૧૨ વાગ્યા સુધીમાં ગવાતા રાગોને 'પૂર્વરાગ' કહે છે જેમાં બહુધા શુદ્ધ મધ્યમ પ્રચલિત હોય છે; જ્યારે (૨) રાત્રિના ૧૨ વાગ્યાથી બીજા દિવસના ૧૨ વાગ્યા સુધીમાં ગવાતા રાગોને 'ઉત્તરરાગ' કહે છે જેમાં 'તીવ્ર મધ્યમ જ રાગસૂચક સ્વર તરીકે લેવાય છે.

થાટ રચના

આપણે જોયું તેમ સંગીતના ૧૨ સ્વરોના સમુદાયમાં સ્વરોનાં નામ તો ફક્ત સાત જ હોવાથી તેને 'સપ્તક' જ કહે છે. ગ્રંથોમાં આ સપ્તકને 'મેલ', 'સંસ્થિતિ' જેવાં નામો પણ અપાયાં છે. પ્રચારમાં ગાયકો એને 'ઠાઠ' કે 'થાટ' કહે છે. અને તેના પર આધાર રાખીને વિવિધ રાગોની રચનાઓ કરવામાં આવી છે. એટલે કે પ્રત્યેક રાગ કોઈ ને કોઈ થાટમાંથી ઉત્પન્ન થયો છે એમ માનવું ખોટું નથી. પરંતુ જેટલા રાગ છે એટલા થાટ નથી. સ્વ. પંડિત ભાતખંડેજીએ તો પ્રચલિત રાગરૂપોને ફક્ત દસ જ થાટમાં સમાવ્યા છે. જોકે થાટ પદ્ધતિના મૂળ સર્જકો તો દક્ષિણભારતના 'કર્ણાટકી' સંગીતના વિશારદો છે.

થાટ એટલે એક વિશિષ્ટ સ્વરસમુદાય. સપ્તકના સાત સ્વરોની અદલબદલ રચના કરીને વિવિધ થાટોનું સર્જન કરવામાં આવ્યું છે. આનો પ્રથમ આવિષ્કાર આશરે સાડા ત્રણસો વર્ષ પૂર્વે થઈ ગએલા વ્યંકટમખી નામના દક્ષિણના વિદ્વાને પોતાના સંગીતગ્રંથ 'ચતુર્દંડિ પ્રકાશિકા'માં કર્યો હોવાનું મનાય છે. તેમણે ૭૨ થાટોની રચના કરી છે. જેમાં તેમણે પ્રથમ તો સાત સ્વરોના નીચે પ્રમાણે બે ભાગ કર્યા: (૧) સા રે ગ મ અને (૨) પ ધ નિ સા. આમાં તેમણે પહેલા ભાગ (પૂર્વાર્ધ)-માં 'રે' 'ગ' તથા બીજા (ઉત્તરાર્ધ)માં 'ધ' 'નિ' સ્વરોના કોમલ રૂપો ઉમેરી ૭ સ્વરોનો એક એવા બે સમૂહો રચ્યા. ત્યાર બાદ પ્રત્યેક મેલાર્ધ-

શ્રી હરિઃ ૐ આશ્રમ તરફના રૂા. ૫૦ના પારિતોષિકને પાત્ર ગયા અંકમાંનું ચરિત્ર

પં. ગોપીનાથ કવિરાજ

લેખક : પ્રો. મહેન્દ્ર દવે

ઠરે છે. લેખકને આશ્રમ તરફથી તથા અમારા તરફથી અભિનંદન આપીએ છીએ અને પારિતોષિકની રકમ તેમને મોકલી આપીએ છીએ.

માં 'સા રે ગ મ' સ્વરોનાં ચાર જુદાંજુદાં રૂપો એકઠાં કરી છ સ્વરરૂપો બનાવ્યાં અને તે જ પ્રમાણે 'પ ધ નિ સાં' મેલાર્ધના પણ છ સ્વર-રૂપો તૈયાર કર્યાં. હવે આ બંને મેલાર્ધોને એકત્ર કરી તેમાં ફરીથી સ્વરરૂપોની અદલબદલ કરી ૬ × ૬ = ૩૬ થાટ તૈયાર કર્યા.

ઉપરના સપ્તકમાં વ્યંકટમખીએ 'શુદ્ધ મધ્યમ'નો ઉપયોગ કર્યો. હવે તે જ સ્થાને 'તીવ્ર મધ્યમ' મૂકવાથી બીજા ૩૬ થાટ રચ્યા. આમ, તેમણે કુલ ૭૨ 'મેલ' કે 'થાટ'ની રચના અને તેમાંથી વિવિધ રાગોની રચના વર્ણવી છે.

પરંતુ આપણી 'ઉત્તર હિંદુસ્તાની' પદ્ધતિમાં આ ૭૨ મેલની ઝંઝટમાં પડવાની કશી જરૂર નથી. આપણે તો ૧૦ થાટમાં જ આપણી પદ્ધતિમાં ગવાતા તમામ રાગો કઈ રીતે સમાવાયા છે તે જોઈશું.

રાગ રચના

સ્વરો સાત હોવાથી જેમાં એ સાતે સ્વરો હોય તે એક પ્રકારનો થાટ; જેમાં એક સ્વર ઓછો હોય તે છ સ્વરનો અને જેમાં બે સ્વરો ઓછા હોય તે પાંચ સ્વરોવાળો થાટ, એમ થાટના ત્રણ મુખ્ય પ્રકારો થયા. ઉદાહરણાર્થે 'સા રે ગ મ પ ધ નિ', 'સા ગ મ પ ધ નિ' તથા 'સા ગ પ ધ નિ' એ પ્રમાણે સાત, છ અને પાંચ સ્વરોવાળા થાટોની રચના થઈ શકે. હવે આથી આગળ વધી તેમનાં શુદ્ધ તથા કોમલ રૂપો અને મધ્યમ સ્વર બદલવાથી બીજા થાટ પણ રચાય.

આ સ્થળે એક વાત લક્ષ્યમાં રાખવા જેવી છે. થાટમાં ફક્ત સ્વરો જણાવાય છે. પરંતુ આ સ્વરોનાં બે રૂપ વારંવાર જોવા મળે. જેમ કે 'સા રે ગ મ પ ધ નિ' 'સાં નિ ધ પ મ ગ રે સા' આ રીતે લેવાતા સ્વરોને તેમના આરોહી તથા અવરોહી સ્વરૂપો કહેવામાં આવે છે. તેનો અર્થ એ કે થાટના સ્વરોને આરોહ તથા અવરોહમાં લેવાથી રાગ બને છે. આરોહ એટલે સ્વરોનું 'સા' થી 'નિ' સુધી ક્રમિક ચઢતા રૂપમાં ઉચ્ચારણ કરવું તે અને જ્યારે ઉપરના 'સા'થી ક્રમવાર 'સા નિ ધ પ મ ગ રે સા' પ્રમાણે ઉતરતા ક્રમમાં ઉચ્ચારણ કરવું તેનું નામ 'અવરોહ'. તેથી એક વાત સ્પષ્ટ સમજવી જરૂરી છે કે થાટમાં સ્વરોનું વર્ગીકરણ છે, પણ તેમના આરોહ-અવરોહ નથી. પણ થાટના સ્વરોનું આરોહ-અવરોહ સ્વરૂપ લેવાથી તરત જ તેમાંથી સર્જાતો રાગ પ્રકટ થશે. આ જ પ્રમાણે એક સ્વર કે બે સ્વરો ઓછા હોય તેવા સ્વરસમુદાયને આરોહ-અવરોહ સ્વરૂપમાં લેવાથી તેવા રાગોની ઉત્પત્તિ થશે. આને માટે સંગીતની પરિભાષામાં વિશેષ શબ્દો છે. જેમ કે જે રાગમાં સાતે સ્વરો આરોહ તથા અવરોહમાં લેવાય તે 'સંપૂર્ણ' રાગરૂપ; જેમાં છ સ્વરો આરોહ તથા અવરોહમાં લેવાય તેના 'ષાડવ' જાતિનો રાગ તથા જેમાં ફક્ત પાંચ સ્વરો આરોહ-અવરોહમાં લેવામાં આવે તે 'ઔડુવ' રાગ કહેવાય. એક સળંગ ઉદાહરણ આપવાથી આ હકીકત વધુ સ્પષ્ટ થશે.

આપણે 'સા રે ગ મ પ ધ નિ' એ સાતે શુદ્ધ સ્વરોનો સમુદાય લઈએ. આને આપણી પદ્ધતિમાં 'બિલાવલ' કે 'શંકરાભરણ' થાટ એ નામથી ઓળખવામાં આવે છે. આ થાટમાંથી ગણિતની દૃષ્ટિએ સ્વરોના આરોહ-અવરોહથી નીચે મુજબ ૯ પ્રકારની રાગરચના થઈ શકે.

(૧) સંપૂર્ણ-સંપૂર્ણ (એટલે કે આરોહમાં સાત સ્વરો તેમ જ અવરોહમાં પણ સાત સ્વરો); (૨) સંપૂર્ણ-ષાડવ (આરોહમાં સાત સ્વરો પણ અવરોહમાં છ સ્વરો); (૩) સંપૂર્ણ-ઔડુવ (આરોહમાં સાત સ્વરો પણ અવરોહમાં પાંચ સ્વરો); (૪) ષાડવ-સંપૂર્ણ (આરોહમાં છ અને અવરોહમાં સાત); (૫) ઔડુવ-સંપૂર્ણ (આરોહમાં પાંચ અને અવરોહમાં સાત સ્વરો); (૬) ષાડવ-ષાડવ (આરોહ-અવરોહ બંનેમાં છ છ સ્વરો); (૭) ષાડવ-ઔડુવ (આરોહમાં છ અને અવરોહમાં પાંચ સ્વરો); અને (૮) ઔડુવ-ષાડવ (આરોહમાં પાંચ તેમજ અવરોહમાં છ સ્વરો) તથા (૯) ઔડુવ-ઔડુવ (આરોહમાં પાંચ અને અવરોહમાં પણ પાંચ સ્વરો).

હવે પહેલા પ્રકારમાં સાત સ્વરોના આરોહ-અવરોહથી ફક્ત એક જ રાગ બની શકે તે તો સહેજે સમજાય તેવું છે.

બીજા સંપૂર્ણ-ષાડવ સ્વર સમુદાયમાં આરોહાવરોહથી નીચે મુજબ અન્ય છ સ્વરરચનાવાળા રાગો રચી શકાય.

આરોહ	અવરોહ
(૧) સા રે ગ મ પ ધ નિ	× ધ પ મ ગ રે સા
(૨) ,,	નિ × પ મ ગ રે સા
(૩) ,,	નિ ધ × મ ગ રે સા
(૪) ,,	નિ ધ પ × ગ રે સા
(૫) ,,	નિ ધ પ મ × રે સા
(૬) ,,	નિ ધ પ મ ગ × સા

રાગરચનામાં ષડ્જ સ્વર કદી છોડી શકાય નહિ તેથી સાતમો પ્રકાર નથી. આમ, છોડી દીધેલા કે નહિ વપરાતા સ્વરને 'વર્જ્ય' સ્વર કહે છે.

આ જ રીતે સંપૂર્ણ-ઔડુવ પ્રકારમાં અવરોહમાં દરેક વખતે ક્રમવાર બે સ્વરો ઓછા લેવાથી ૧૫ રાગરૂપો શક્ય બનશે. ચોથા તથા પાંચમા પ્રકારોમાં ઉપર મુજબ સ્વરોના આરોહમાં ફેરબદલ કરવાથી અન્ય ૬ તથા ૩૬ રાગરૂપો શક્ય બનશે.

આ જ રીતે ષાડવ-ષાડવ પ્રકારમાં પ્રત્યેક વાર આરોહ તથા અવરોહમાં છ સ્વરોની અદલબદલ કરવાથી કુલ ૩૬ રાગોનું નિર્માણ થઈ શકે. સાતમા ષાડવ-ઔડુવ પ્રકારમાં આરોહ તથા અવરોહમાં સ્વરોની ફેરબદલીથી નવા ૯૦ રાગરૂપો થશે.

હવે ષાડવ-સંપૂર્ણ તથા ઔડુવ-ષાડવ પ્રકારોમાં આરોહમાં ઉપર જણાવ્યા મુજબ સ્વરો બદલવાથી અનુક્રમે અન્ય ૧૫ તથા ૯૦ રાગરૂપો ઉત્પન્ન થશે. છેલ્લા ઔડુવ-ઔડુવમાં આરોહાવરોહ સ્વરોની અદલાબદલીથી નવા ૨૨૫ રાગરૂપો શક્ય બનશે. આ તમામનો એક કોઠો રચીએ તો ફક્ત સાત શુદ્ધ સ્વરોના એક જ થાટમાંથી નીચે મુજબ રાગો ઉત્પન્ન થશે.

૧ સંપૂર્ણ-સંપૂર્ણ	૧	૬ ષાડવ-ઔડુવ	૯૦
૨ સંપૂર્ણ-ષાડવ	૬	૭ ઔડુવ-સંપૂર્ણ	૧૫
૩ સંપૂર્ણ-ઔડુવ	૧૫	૮ ઔડુવ-ષાડવ	૯૦
૪ ષાડવ-સંપૂર્ણ	૬	૯ ઔડુવ-ઔડુવ	૨૨૫
૫ ષાડવ-ષાડવ	૩૬	કુલ	૪૮૪

હવે જો આપણે વ્યંકટમખીના ૭૨ મેલનો ઉપયોગ કરીએ તો આપણી પાસે ૩૪,૮૪૮ રાગો ગાવાના નક્કી થાય. પરંતુ આપણી પદ્ધતિમાં આટલા રાગો ગવાતા નથી. થાટમાંથી રાગ ઉત્પન્ન કરવા માટે એક બીજી વ્યાખ્યા નક્કી કરવામાં આવી છે–

યોऽयं ध्वनि विशेषस्तु स्वरवर्ण विभुषितः

रंजको जनचित्तानां सरागः कथितो बुधैः ॥

માટે થાટમાંથી રાગરચના કરવા સારુ આ બીજી વ્યાખ્યા લક્ષમાં લઈ ઘણા રાગો રંજકત્વને અભાવે નિરર્થક ગણવામાં આવ્યા છે. (ચાલુ)

ભાદરવા અને ઋષેશ્વરનાં ભીંતચિત્રો

રામસિંહજી રાઠોડ
ખોડીદાસ પરમાર




ગુજરાતના હૈયા સમાણાં ચરોતર વચાળે તેની ઓતરાદીથી દખણાદી દસ્ય કોર રૅંજળ મહીસાગર હડાબોળ વહે છે. એના ભરપૂર પ્રવાહના બેય કાંઠાના મથાળે ગેબની ગુફાઓ કોતરીને અનેક માથોડાંઢક બિકાળવાં કોતરો અંધારઘેરું અટ્ટહાસ્ય કરતાં ઊભાં છે. એમાંય ઊંડા વહેળા વહાવતાં અને રાની પશુઓને સંઘરતાં આ કોતરોની રાગને માથે બેય કાંઠે ટચરુકટચરુક નાનાંમોટાં ગામડાં ફૂલ્યાં-ફાલ્યાં છે. વડોદરા શહેરથી પંદરેક માઈલ છેટે તેના ઈશાન ખૂણે આવું એક ભાદરવા નામનું ગામડું મહીમાતાના જળે અંધોળાતું અને બે પાંદડે થઈ પાંગરતું પથરાએલું નદીની કંઠારે હિલોળા લેતું પડયું છે. પાઘડીપને પથરાએલું આ હાંડા જેવું ગામ સંસ્કારપ્રિય પણ છે. તેની વાંકીચૂંકી પણ ખવળી બજારમાં શેઠ-શાહુકારની હવેલીઓ અને મકાનો પાણી ભરતી પાણિયારીનાં શગવટ બેડાંની જેમ ઊભાં છે, અને ગઈ સદીનાં સંભારણાં અને જલાલીની મૂર્તિમંત યાદ આપે છે. એ ખપેડાબંધ ઓરડા અને ઝરૂખાબંધ હવેલીઓના મોવડના ભાગમાં જાતભાતનાં કંડાર-શોભન કોતરાયાં છે. વળી નેજવાંનાં ટેકણશરામાં એયને પંખાળા ઘોડા અને સૂંઢાળા હાથી, છલંગતો વાઘ અને કમનીય કાયાવાળા વ્યાળીની ચોપાસ છંદાવેલની જાળીગૂંથણીની તો ધૂંચાવળી જામી પડી છે! લાકડાં માત્રને જાણે પોચું મીણ માનીને કંડાર્યું, કોતર્યું હોય તેવાં ઝીણાંઝીણાં ને રૂપકડાં કંડાર કોર્યા છે! છતમાંયે શોભનતરાહો અને શોભનમુદ્રાઓના ચંદરવા કોતરેલા જોવા મળે છે. હવેલીના નેવે-ઝરૂખડે થઈને ઘરના ઉંબર સુધી લાકડકંડારની પ્રવાહિતા વિલસી રહી છે. એટલે એના મોરાંનો ભાગ તો આકાશેથી પુષ્પક વિમાન ઊતરીને અહીં ઠર્યું હોય તેવો સુંદર લાગે છે!

પરંતુ અહીં એકલા લાકડાંના કંડાર જ નથી. હવેલીની ફૂલફટાક ભીંતો ઓળી ફૂક્ક ન લાગે એટલા સારુ એના ઉપર ચિત્રો આળેખાવીને શોભા વધારી છે. કંડારશિલ્પ અને શોભાવંતાં આળેખ-ચિત્રો બંનેની કસબકલાને એક સાથે પ્રયોજીને શેઠ-શાહુકારોએ ગૃહને સ્વર્ગભવનની શોભા અરપી છે. નવલા નવરંગી ઘરમાં રહેવું તે પણ લૌકિક જીવનનો લા'વો ગણાયને! એથી જ તો પૈસેટકે સુખી એવા શોખીન શેઠિયાઓએ આવી રૂપસુંદર હવેલીઓ અને ખપેડાબંધ ઘર બનાવ્યાં હશેને.

આ ગામનાં સુશોભિત ઘરો અને હવેલીઓમાં કોઈ માંડ સો વરસ જેટલાં જૂનાં હશે. તેથી તેની ઉપર ચીતરેલાં ચિત્રો પણ એટલાં જ જૂનાં કે પાંચદશ વર્ષ પાછળનાં કહી શકાય. ચિત્રોમાં ભારતીય પરંપરાનાં દર્શન ડોકાય છે. જૂના કાળમાં જે લઢણે ભીંતો ઉપર ચિત્રો ચીતરાતાં તે જ રંગરૂપનો અંચળો આ ચિત્રોમાં પણ દષ્ટિગોચર થાય છે. તેમ છતાં જમાનો અને જે તે દેશકાળની રીતરસમની અસર ઝીલીને કલાકારે તે ચિત્રમાં ઉતારી છે. એ કાળે શહેરોમાં કહેવાતી શિષ્ટકલા પાંગરતી હતી ત્યારે ગામડાંની બળૂકી ધરતીમાં હજીયે પ્રાણવાન લોકકળાના છોડ મહોરાતા હતા. ગ્રામપ્રજા પોતાની એ આગવી કળાને ચાહી રહી હતી, અને તેથી લોકકળાનો ખહોળો પ્રવાહ જીવંત રીતે ગામડામાં વહ્યા કરતો





મથાળે: ઋષેશ્વરના એક સમાધિમંદિરના ઘૂમટમાં આલેખેલાં ચિત્રો. (ફોટો · રામસિંહજી રાઠોડ)

▽ ભાદરવા ગામના એક ઘરની ભીંત પરનાં ચિત્રો: રાધાના પગમાંથી કાંટો કાઢતા કૃષ્ણ અને કૂવાકાંઠે તરસ છિપાવતો ઘોડેસવાર. (આલેખક ખોડીદાસ પરમાર)



ભાદરવાનાં મકાનો પર આલેખાએલાં વિવિધ શોભનચિત્રો. મથાળે ડાબી બાજુથી અનુક્રમે : માતા અને બાળક, કૃષ્ણ-યશોદા, દ્વારપાળ, (વચલી હારમાં) કૃષ્ણ અને ગોપીઓ, ગોરો સાહેબ અને સ્ત્રી, તથા રાજારાણી. નીચે હરણને મારતા વાઘનો શિકાર તથા છેલ્લે રાજહાથી.

હતો. ગ્રામજનતા તેનાથી ખુશ હતી તેથી હજી આજે યે આવી શોભન-ચિત્રણાનાં નજરાણાં ગામડાંમાં ઠેરઠેર દેખા દેતાં રહે છે. ભાદરવા ગામની હવેલીઓ અને ઘરની દીવાલો ઉપર આળેખાયેલાં ચિત્રો એવી લોકલઢણનાં છે. તત્કાલીન ગાયકવાડી રાજના ચિતારાઓએ જેવું જોયું તેવું પોતાના ચિત્રમાં ઉતારવાનો પ્રયત્ન કર્યો છે. રાજની દોમદોમ સાહ્યબી ચારેકોર પ્રસરી હશે તેથી ચિતારાઓએ મોટા ભાગનાં ચિત્રોમાં નર-નારીના પહેરવેશમાં મરાઠી ઢબના પોશાક અને દરબારીના પ્રયોજ્યા છે. તેમાં ય પૌરાણિક પાત્રો કે જીવંત પાત્રોના પહેરવેશમાં ખાસ ફરક પડ્યો નથી. પોતાની પરંપરિત લઢણમાં તે ચિતારાઓએ રામાયણ, ભાગવત, મહાભારત, પુરાણ તેમજ રોજિંદા જીવનનાં અને રાજસવારીનાં દશ્યો ઉપરાંત ભક્તજીવનના પ્રસંગો પણ આલેખ્યા છે.

ધોળી ભીંત માથે આછાપાતળો ખ્યાલબંધીનો આળેખ કરી તેના ઉપર ગેરુ કે કાળો કાથો અથવા મેંશની તેજદાર હરીભરી રેખાથી બને તેટલી સપ્રમાણતા જાળવીને આકારને પૂરો કરી તેમાં પ્રથમ અથવા પછી-



▷ મહી નદીને કાંઠે ભાદરવા અને ઋષેશ્વરનું સ્થાન દર્શાવતો નકશો.



ઋષેશ્વરનાં સમાધિમંદિરો. તેમાં અંદર તેમજ બહાર બરચક ચિત્રશોભનો છે. (ફોટો : રામસિંહજી રાઠોડ)

થી રંગ ભર્યા છે. વળી, હવેલી કે મકાનની દીવાલમાં જેવી જગ્યા હોય તે પ્રમાણે વિષય લઇને અનુકૂળ રચના માંડેલી છે. જેમ કે લાંબી પટ્ટીઓમાં દાણલીલા, સમુદ્રમંથન વગેરે જેવા લાંબાપટમાં વર્ણીત વિષયો ચીતર્યા છે તો સમચોરસ જગ્યામાં કૃષ્ણને ખોળામાં લઇને બેઠેલાં જશોદામાતા, કે કૂવાકાંઠે પનિહારી પાસે તરસ છીપાવતો અસવાર દોરેલો છે. બંને બારણાંની પડખે પોપટ પઢાવતી નારી, દ્વારપાળ કે મદગળના માતંગને આલેખ્યા છે. તો કોઈ પ્રલંગ લાંબી પટ્ટીઓમાં રાજાની સવારી અને શિકારનાં દશ્યો પણ ચીતર્યા છે. ઊભી તક્તીમાં વસ્ત્રાહરણ જેવા પ્રસંગો પણ સમાવ્યા છે. વળી એક હવેલી ઉપર કૃષ્ણભક્ત બોડાણાની કથા આલેખી છે, તો બીજા ઘરે એવી જ ચિત્રધારીથી બે ઘોડાની ગાડીમાં ફરવા જતો સાહેબ અને ફૂલનો ગજરો વગેરે યુરોપીય પ્રજાનો વિષય લઇને આલેખન કર્યુ છે. આમ ભક્તિવત્સલ પ્રજાની ધાર્મિકતા પોષાય ત્યાંથી શરૂ કરી રાજસવારી અને ગોરાની ગાડીનું પણ ચિત્ર આલેખી ચિતારાએ તત્કાલીન જમાનાનો અચ્છો ખ્યાલ પણ આપી દીધો છે.

આ ચિત્રોના રંગમાં મોટે ભાગે લાલ ગેરુ, કાળો કાથો, મેશ, ભૂરી ગળી, પીળી માટોડી અને લીલો રંગ આટલાં મુખ્ય છે. વળી ચિત્રોની સાથોસાથ ચિતારાએ શોભનઆકારો, મોર, પોપટ, ફૂલફૂંદાં, ગજરા વગેરેથી ખાલી જગ્યા ભરી છે. કોઈ કોઈ સ્થળે તો ભીના પ્લાસ્ટર ઉપર ચિત્રો આળેખ્યાં હોવાથી તે ભીંત સાથે વજ્રલેપ થઇને ટાઢ, તડકો અને વરસાદની ઝડીઓ ઝીલતાં આજે પણ જાણે એવાં ને એવાં વિલસી રહ્યાં છે.

લગભગ ૮૦-૮૫ વર્ષ જેટલાં જૂનાં આ ચિત્રોમાં કલાકારની લોકલઢણ નજરે પડે છે. છતાંય કોઈ કોઈ પાત્રોની વેશભૂષા અને વાહનમાં અંગ્રેજી રૂપપ્રમાણની વાસ્તવિકતા માટે સભાન પ્રયત્ન થયો છે; અને તે વાસ્તવિકતા કલાકારે પોતાની આગવી ધાટીથી મેળવી લીધી છે. દરેક કાળનો ચિત્રકાર જૂની સાથે નવીન વસ્તુ લેવાનો પ્રયત્ન કરશે અને બંનેને ઓતપ્રોત કરીને નવું રૂપ મેળવશે. આમ આ ચિત્રોમાં પણ ઘણે સ્થળે થોડુંઘણું નવું તેમ બાકીનું ચીલાચાલુ ચિત્રિત થયું છે. ભાદરવાની હવેલીઓ અને ઘર ઉપર જે ચિત્રો આળેખાયાં છે તેનો ચિત્રકાર એક કોટીનો હશે તેમ અનુમાની શકાય છે. તેના વિષયનું નિરૂપણ, રચનાબંધ, રંગ અને રેખાનો વળાંક આ કહી દે છે. વળી કોઈ કોઈ ઘરનાં શોભનચિત્રો જે સાવ સામાન્ય છે, તે કોઈ બીજા ચિતારાનાં હશે એમ લાગે છે. આ મકાન પાછળથી ચણાયાં છે તેથી પણ આમ કહી શકાય.


ગુજરાતમાં મરાઠાકાળમાં શિલ્પસ્થાપત્ય અને બીજી લલિતકલાઓનું બહુ આછું નિર્માણ થતું રહ્યું ત્યારે લોકશૈલીમાં મરાઠી ઢબછબની અસર તો પડી જ છે. ૧૯મી સદીના છેલ્લા દસકામાં થએલાં આ શોભનચિત્રોમાં તત્કાલીન મરાઠી શૈલીની અસરવાળા લોકકળાના નમૂનાઓ કહી શકાય. જૂની પરંપરાગત ચિત્રણા સાથે પહેરવેશ વગેરેની નવીનતા આ ચિત્રોમાં દેખાય છે. સ્ત્રીઓએ કાછડો વાળીને પહેરેલી સાડી, નાકમાં નથનો મોટો ટોરો, તેમ જ પુરુષનું અચકન અને મરાઠી પાઘડીથી તેમજ દરદાગીનાથી આ ચિત્રોની લઢણ જુદી તરી આવે છે. વળી કોઈમાં તે યુરોપીય પોશાક પણ દેખાય છે.

ભાદરવા ગામથી આથમણી દશ્યે ભરીભાદરી વહી જતી મહીના ઊંચેરા કોતરોની ટોચે ઋષેશ્વર મહાદેવનું રળિયામણું સ્થાનક છે. ત્યાં પહોંચવા ભાદરવાથી મહીના કાંઠેકાંઠે વહી જતી એક કેડીએ ચાલતાં અને કોતરમાંથી ઉપર જતાં ૨૫ થી ૩૦ મિનિટ લાગે છે. નાનકડી કેડીએ ઉંચાબર કોતરોનું ચડાણ પૂરું કરી માથે પૂગતાં વિશાળ ખુલ્લી જગ્યા આવે છે. ત્યાં ખેતરડાંની વચ્ચે જ દેવદેરાંનું જાણે કે ગામડું હોય તેવાં નાનાંમોટાં ૨૦ થી ૨૫ જેટલાં દેરાં છે. એક બાજુ ઋષેશ્વર મહાદેવનું મંદિર છે અને બરોબર નીચે મંથર ગતિએ મહીસાગર વહી રહી છે.

ઋષેશ્વર મહાદેવની આસપાસ જે દેરીઓ છે તે બધી જ મઠધારી ગુંસાઇઓની સમાધ ઉપરની છે. નાની-મોટી તે દરેકમાં શિવલિંગ સ્થાપેલું હોવાથી બધી જ જાણે શિવમંદિરો જેવી છે. આ જગ્યા માટે ત્યાં એક કિંવદંતી પ્રચલિત છે, કે સતજુગમાં મહીમાતાનો મહિમા અપરંપાર હતો. ચારેકોર ભેંકાર કોતર અને સૂમસામ હોવાથી અહીં કોતરની



ઋષેશ્વરનાં સમાધિમંદિરોમાંના બે ચિત્રશોભિત ગોખ. એકમાં પાર્વતીની પ્રતિમા છે અને બીજામાં 'ઋષિપંચમી'નું પ્રતીક કાંસકીનું ચિત્ર.



ઋષેશ્વરના સમાધિમંદિરમાંનાં મોરનાં વિવિધ શોભન-આલેખનો. (ઉતારનાર : ખોડીદાસ પરમાર)

માથે મોટામોટા તેગંદરો અને ઋષિમુનિઓ તપસ્યા કરતા. તે જુગમાં અહીં આ શિવની સ્થાપના થએલી. વળી તે સ્થાપના ઋષિમુનિઓએ કરેલી તેથી ઋષેશ્વર નામે પ્રખ્યાત થયા. આમ ઋષેશ્વરના મહિમા મોટા છે. ત્યાં હજુયે દર જન્માષ્ટમીએ મોટો મેળો ભરાય છે.

ઋષેશ્વરનું મંદિર તો સાવ સાદું છે. પણ તેની આજુબાજુ મઠધારી ગોસાઈઓની જે સમાધો છે. તેમાં બેત્રણ જૂની અને ભીંતચિત્રોથી ભરચક છે. તેમાં ત્રણ મોટાં દે'રાં નાગરાદિ શિલ્પ-સ્થાપત્યની રચનાવાળાં છે, તેમાં કંડાર જૂજ છે, પણ બધે પુષ્કળ ચિત્રો ચીતરેલાં છે. ઈંટથી બાંધેલાં આ મંદિરોમાંથી બેની તક્તીઓમાં તેની નિર્માણ-સાલ વંચાય છે. એકમાં સં. ૧૮૧૨ની છે, ને બીજામાં સં. ૧૮૨૭ની.

મોટાં દે'રાંના ગવાક્ષ તથા બહારના ભાગની છતની પેટલી નીચે મોરથરનાં સુશોભનો છે તે પકવેલી માટીનાં બનાવીને મૂક્યાં હોય તેમ લાગે છે. આ સિવાય બહુ સામાન્ય પ્રકારની થોડીઘણી મૂર્તિઓ પણ કોરેલી છે. એક દે'રામાં બહારના ભાગમાં મસ્જિદમાં હોય છે તેમ મુસ્લિમ અને હિંદુ અસરવાળી શોભનતરાહોના આડથી દશ ચોરસા અને તેની નીચેના ભાગમાં રાજપૂત શૈલીની શોભનવેલો કંડારેલી છે. બાકીના ભાગો સાવ સાદા છે, તેમાં પણ ચિત્રો ઠેરઠેર ભરપટ્ટે દોરેલાં છે. તેમાં પાર્વતીના સ્થાપનનો ગોખ તો ચિત્રના શોભનભાતોથી સુંદર રીતે શણગારેલો છે. આ દરેક દે'રાંની બહારના ભાગમાં ચિત્રો છે પણ વા-વરસાદ લાગીને મોટા ભાગે ભુંસાઈ-ખવાઈ ગયાં છે. કોઈ કોઈ આડશવાળી જગ્યાએ અરધાંપરધાં બચેલાં ચિત્રો દેખાય છે ખરાં. દરેક દે'રાના બહારના ભાગમાં એક ફૂટથી નાનામોટા ચોરસા ઉપર પુષ્કળ ચિત્રો હશે તેમ અવશેષ એંધાણ પરથી લાગે છે. તેમાં રાગરાગિણી, કામશાસ્ત્ર, કૃષ્ણલીલા, રામાયણ, રાજદરબાર, શિકાર, સંતવંદના વગેરે ચિત્રોના આખા-અરધા અવશેષો જોવા મળે છે. પણ દે'રાની અંદરના ગભારામાં અને ઘુમ્મટમાં તો આજે પણ અપરૂપ રીતે ચિત્રો જળવાયાં છે. જોકે કોઈ કોઈ સ્થળેથી પ્લાસ્ટર ઊખડી જવાથી કે ચામાચેણે માળા બાંધીને તેમજ અમર નામ રાખવા ઇચ્છતાં મનેખડાંએ કોલસા, ચાક, ખીલા વગેરેથી પોતાનાં નામઠામ લખીને ચિત્રોને નુકસાન પહોંચાડ્યું છે. તેમ છતાં અંદરનાં ચિત્રો રંગની તાજગી, રચનાની ગોઠવણી, રેખાની કુમાશ વગેરે સમગ્ર રૂપના બહાર કરતાં વધારે સારો ખ્યાલ આપે છે. આ ચિત્રોમાં શિવપુરાણ, કૃષ્ણજીવન, પુરાણકથાઓ, તેમજ સાધુઓની દિનચર્યા, નાગાબાવાની જમાત, વરઘોડો વગેરે ઉપરાંત એક સાથે પાંચ હાથીને ઉપાડી જતું ગરુડપંખ, રાસલીલા વગેરેની શોભનમાંડણી રૂડી રીતે કરવામાં આવી છે. વળી રાગરાગિણી ગાતી સ્ત્રીઓ, વનઘટામાં ગહેકતા અને સાપોલિયાં ખાતા મોરલા તો ઠેર ઠેર ચીતરાયા છે. ઈરાની ઢબની પાંખા પરીઓ પણ ઘુમ્મટમાં હાથતાળી લેતી અને નાચતી ફરતી જોવા મળે છે. તે ઉપરાંત રથ, સવારી, ઘોડેસવારો વગેરે ખૂબ જ કાળજીથી અને લાવણ્યવંતા દોર્યાં છે.

સુરેખ મત્રાની પાતળી જોરદાર કાળી તથા લાલ રેખાથી સમગ્ર ચિત્ર પૂરું કરવામાં આવ્યું છે. ઝીણામાં ઝીણી વિગતો પણ સુરેખ રીતે આલેખી છે. માનવપાત્રોની સાથે પ્રકૃતિને પણ સુંદર રીતે પશ્ચાદ્ભૂમિમાં ચીતરી પાત્રને વધારે ઉઠાવ આપ્યો છે. પશુ પંખીના આકારો બને તેટલા સપ્રમાણમાં ચીતરવાનો પ્રયત્ન પણ થયો છે.

ચિત્રશૈલીમાં ૧૯મી સદીની ગુજરાતની અપભ્રંશ કલમની રમણા તેમજ મુસ્લિમ કલમની અસર છે. વળી લોકશૈલીથી થોડાક વધારે શુદ્ધ પ્રકારનાં ચિત્રણો પણ અહીં જોવા મળે છે. દરેક દે'રામાં નાનાનાના ગોખલા છે. તેમાં પુરુષના સરવાણામાં અપાતી કાંસકી, કચોળું, સોમપાત્ર વગેરેનાં પ્રતીકો દોરેલાં છે. તેથી માની શકાય કે આ નરદમ નરદેહોની સમાધો છે.

બાદરવા ગામનાં શોભન-આલેખ ગ્રામીણ કહી શકાય તેવાં છે. જ્યારે ઋષેશ્વરની સમાધિઓનાં ચિત્રો વધારે સુંદર, સમગ્રતયા રચના, માંડણી અને રેખારંગની બાબતમાં વધારે ચડિયાતાં છે. ઋષેશ્વરનાં ચિત્રોની રૂપરચના વધારે સંકુલ અને રંગરચનાની બાબતમાં સામંજસ્યવાળી છે. જ્યારે બાદરવા ગામનાં ચિત્રો જાડી રેખાઓવાળાં અને ખાસ તો તે ગૃહશોભનમાં નાના મોટા ખંડની જગ્યા પૂરવા માટે કર્યાં હોય તેવાં લાગે છે. પણ બંને ઠેકાણે ચિતારાનો સામાન્ય આશય એક જ છે અને તે શોભામાં વધારો કરવાનો.

ઋષેશ્વરમાં જુદાજુદા બે થી ત્રણ ચિત્રકારોએ કામ કર્યું હશે તેવું દેખાય છે. તેની માનવઆકૃતિઓ, પંખીઓ વગેરેની આકૃતિઓ બે થી ત્રણ પ્રકારની નોખનિરાળી દેખાય છે તેથી આવું અનુમાન કરવાને અવકાશ રહે છે.

ઋષેશ્વર-બાદરવામાં ૧૮-૧૯મા સૈકામાં ગુજરાતના ગામડામાં વિલસતી ચિત્રકલાનાં દર્શન થાય છે. ગુજરાતના તળ અંતરાળની લોકકળાની આ ચિત્રલક્ષ્મી નાશ ન પામે ત્યાં સુધીમાં કોઈ કલારસિયો પોતાની કલમે અને કૅમેરાની આંખે સંઘરી લે તેની જાણે રાહ જોઈ રહ્યાં હોય તેમ, આ ઘરબાર, આ હવેલીઓ અને આ દે'રાં ડરકામણાં મહીસાગરનાં ઊંડાં કોતરો માથે આજે પણ બાદરવા અને ઋષેશ્વર એ જૂની સમૃદ્ધિને સાચવતાં ઊભાં છે.

કલાયાત્રા

શ્રી વાસુદેવ સ્માર્તની કલા

હવે તો 'કુમાર'ના વાચકોને સુપેરે પરિચિત કલાકાર શ્રી વાસુદેવ સ્માર્તનાં ચિત્રોનું એક પ્રદર્શન થોડા સમય પહેલાં અમદાવાદમાં યોજાયું હતું. એમાં મુખ્યત્વે એમણે છેલ્લે આસામના નેફા વિસ્તારના પ્રવાસ દરમિયાન કરેલાં ચિત્રો રજૂ થએલાં, જે એમની આગવી ભારતીય શૈલીનાં ચિત્રો કરતાં વિષય અને શૈલીની દૃષ્ટિએ ભિન્ન હોઈ એમની કલાસૂઝનું એક અન્ય દર્શન કરાવતાં હતાં. શ્રી સ્માર્તનાં એ ચિત્રો નેફાના એમના પ્રવાસના વર્ણન સાથે આપવાની ઇચ્છા હોઈ અહીં માત્ર પ્રદર્શનમાં રજૂ થએલી એ સિવાયની કેટલીક કૃતિઓ આપી છે.

શ્રી સ્માર્તે અનેક વિટંબણાઓ સહેતાં-સહેતાં, શ્રી જગન્નાથ અહિવાસી જેવા પૂર્ણતઃ ભારતીય શૈલીના પુરસ્કર્તા ગુરુ પાસે કલાભ્યાસ કરી, ગુજરાત, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ તથા કેન્દ્રની લલિતકલા અકાદમીમાં સારી પેઠે પ્રસિદ્ધ થવા સાથે, દેશના અગ્રગણ્ય કલાવિદોની પ્રશંસા પામવા સુધીની કલાસિદ્ધિ પ્રાપ્ત કરી છે. રામાયણ, રઘુવંશ, ઋતુસંહાર, મેઘદૂત ઇત્યાદિ સંસ્કૃત સાહિત્યકૃતિઓમાંથી પ્રેરણા લઈ કરેલાં એમનાં ચિત્રોમાં નિતાંત ભારતીયતા નીતરે છે અને એ ચિત્રો ઘણી પ્રશંસા ને પુરસ્કારો પામતાં રહ્યાં છે. સૌંદર્યની શોધમાં વિસ્તૃત પ્રવાસો ખેડી એમણે દેશના વિવિધ ભાગોમાંથી મબલખ કલાનોંધો ઉતારી છે. એ ઉપરાંત ભારતના પ્રાગૈતિહાસિક કાળથી માંડી છેક રાજપૂત યુગ સુધીના ભારતીય રૂપ-અલંકરણની લગભગ બે હજાર જેટલી આકૃતિઓનો એમનો એક મોટો સંગ્રહ 'રૂપસંહિતા' 'કલારવિ ટ્રસ્ટ' દ્વારા ટૂંક સમયમાં પ્રકટ થનાર છે.



स विवेश पुरीं तया विना क्षणदापायशशाङ्कदर्शनः।
परिवाहमिवावलोकयन्स्वशुचः पौरवधूमुखाश्रुषु ॥ (અર્થ માટે જુઓ પૃ. ૨૩૯ પર)



△ દક્ષિણ ગુજરાતના આદિવાસીઓનું હાટ

▽ નીચે ડાંગ પ્રદેશના પાળિયા



ગત શતકના આરંભની ગુજરાતી ચિત્રકળા

ભારતીય ચિત્રકળાક્ષેત્રમાં ગુજરાત તેનાં ગ્રંથચિત્રોથી વિખ્યાત છે. ભારતીય લઘુચિત્રોના વિકાસમાં આ ચિત્રો અગ્રિમ પુરોગામી ગણાયાં છે. મોટે ભાગે આવાં ચિત્રો જૈન હસ્તલિખિત ગ્રંથોમાં મળતાં હોવ થી 'ગ્રંથચિત્રો એટલે જૈન પોથીઓમાંનાં જ ચિત્રો' એમ મનાતું આવ્યું છે, પણ ભાગવતપુરાણ, દેવી ભાગવત, ગીતગોવિંદ અને અમુક ધાર્મિક સામાજિક કથાઓ જેવા કેટલાક હિંદુ ગ્રંથોમાં પણ સુંદર ચિત્રો આલેખાયાં છે. સ્વ. નાનાલાલ (એન. સી.) મહેતા, ડૉ. મોતીચંદ્ર વગેરે જેવા વિદ્વાન કલાવિદોના પ્રયત્નોથી આપણે આપણી એ પ્રાચીન કલા વિષે જાણતા થયા પછી આજે આ કળામાં રસ વધી રહ્યો છે ત્યારે ગુજરાત રાજ્યના માહિતીખાતાએ એ દિશામાં આજ સુધી અપ્રકટ એવું કંઈક પ્રકાશમાં લાવવા વિચાર્યું અને અમદાવાદના શ્રી ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયનન-સંશોધન વિદ્યાભવન (બી. જે. ઈન્સ્ટિટ્યૂટ ઑવ લર્નિંગ ઍન્ડ રીસર્ચ)ના હસ્તલિખિત ગ્રંથસંગ્રહમાંની ૬૫ સુંદર ચિત્રોવાળી 'સપ્તશતી'ની સુંદર પ્રતપર પસંદગી ઉતારી. ગઈ સદીના આરંભની એ પ્રતમાંનાં મોટાભાગનાં ચિત્રો દેવી ચંડી ને દેવ-દૈત્યો વચ્ચેના સંગ્રામ વગેરેનાં છે. ચંડીનાં અનેક સ્વરૂપો તેમાં સુંદર રીતે આલેખાયાં છે. વિવિધ રંગરચના, સુંદર સંયોજનો, પ્રભાવક રેખાવટ અને પ્રસંગાનુરૂપ ગતિ-લયને કારણે આ ચિત્રો આંખને એક અજબ અનુભૂતિ કરાવે છે. ચિત્રને અનુરૂપ લાલ, લીલી, પીળી કે જાંબલી પશ્ચાદ્‌ભૂમિ પર કેટલેક સ્થાને ફૂલછોડ, કેળ-વૃક્ષો વગેરેથી વાતાવરણને સુંદરસભર બનાવ્યું છે. હરિયાળી અને ટેકરીઓ દર્શાવવાની એની શૈલી લાક્ષણિક છે. સૌરાષ્ટ્રમાં અલિયાબાડાની ડી.







શ્રી વાસુદેવ સ્માર્તનાં ત્રણ ચિત્રો. ગોત્રજ (ઉપર)
નાગદમન (ડાબી બાજુ મથાળે) અને
◁ વસ્ત્રાપુરના મારવાડીઓનું હોળીનૃત્ય

• ઈન્દુમતીના વિયોગથી, રજની જતાં નિસ્તેજ અને ઉદાસ બની ગએલા ચન્દ્ર જેવો લાગતો રાજા (અજ) નગરમાં પ્રવેશ્યો ત્યારે નગરની સ્ત્રીઓ (એને દુઃખી જોઇ) ડૂસકાં ભરી રડવા લાગી, જાણે રાજાનો શોક એ બધી સ્ત્રીઓની આંખમાંથી વહેવા લાગ્યો. (રઘુવંશ : સર્ગ ૮ · શ્લોક ૭૪)

જી. આર્ટ્સ કૉલેજમાં સંગૃહીત 'રામચરિતમાનસ'નાં ચિત્રો જેવી શૈલીનાં આ ચિત્રો છે. બંનેમાં પાત્રાલેખન અને પોશાક લગભગ સરખાં લાગે, પણ દેવીનું આલેખન જુદું છે. સપ્તશતીનાં આ ચિત્રોમાં ગતિમયતા સવિશેષ અસરકારક છે, એનાં સંગ્રામચિત્રોમાં ભાવોદ્રેક્તા વધુ સચોટ બની છે, અને એટલું જ સુંદર એનું રેખાંકન તથા ભાતીગળપણું છે. સૌરાષ્ટ્રની સ્પષ્ટ અસર દાખવતા એના અશ્વોના કાન અને એમની ચાલ ખાસ ધ્યાન ખેંચે છે. વાઘના શરીર અને હાથીના મસ્તકવાળા પ્રાણીની સપ્તશતીનાં ચિત્રોમાંની કલ્પના પણ અનોખી છે અને એવું જ રસમય ચિત્રણ છે દૈત્યોનું. શસ્ત્રોનું આલેખન પણ સ્પષ્ટ હોવા સાથે અભ્યસનીય બની રહે તેટલી વિવિધતાવાળું છે. અહીં ચંડિકાને તેજ રંગોથી ચીતરીને એના દેવી સ્વરૂપને અલગ પાડવાને બદલે એના અનેક શસ્ત્રસજ્જ હાથ તથા આક્રમક દેહભંગિ વડે એની શક્તિને પ્રકટ કરી છે. દેવીનો મુકુટ પણ આ પહેલાંનાં ચિત્રો કરતાં વધુ સારો જોવા મળે છે, જ્યારે તેનો રથ ઉત્તર મધ્યકાળની સાક્ષી પૂરે છે. ચિત્રોમાંનાં અન્ય પાત્રોના પોશાકમાં ને એમની પાઘ અને જામાના આલેખનમાં, સ્થાનિક સ્પર્શ પ્રકટ થાય છે. પણ એકંદર આ સમગ્ર ચિત્રગુચ્છ એક સુંદર કલાસંપુટ બની રહે છે.

જૈન ગ્રંથચિત્રોની આલેખના કરતાં કંઈક વધુ વિકસિત શૈલીનાં આ ચિત્રોમાં તેની અનુગામી અને એથી વધુ વિકસેલી શૈલીની પ્રૌઢતા કદાચ નથી, પણ મુઘલ કલમની આરંભની કેટલીક સુંદર લાક્ષણિકતા તેમાં જોવા મળે છે ખરી. આમ, આ સ્થાનિક શૈલી ગુજરાતના કલાઇતિહાસમાં 'રામચરિતમાનસ' અને આ 'સપ્તશતી' દ્વારા આગવું સ્થાન મેળવતી હોઈ ભારતીય ચિત્રકળાના ઇતિહાસમાં એક નવું પ્રકરણ ઉમેરે છે. (મૂળ અંગ્રેજીમાં ડૉ. પનુભાઈ ભટ્ટ)

આ અંકના પૂઠા પરની કૃતિ

અમેરિકન સરકારના માહિતી ખાતા દ્વારા મુદ્રણક્ષમ કલાની ચાળીસેક સમકાલીન કૃતિઓનું એક પ્રદર્શન ભારતનાં અગ્રગણ્ય શહેરોમાં બતાવાયું. એમાંની એક કૃતિ 'તરુણ-તબેલો' આ અંકના પૂઠા પર આપ્યું છે. આડે માર્ગે ચડી જઈ પાશવી કામુકતા ને નશીલી દવાઓના સેવનથી આણેલી ખુમારીમાં રાચતા આજના એક યુવાનવર્ગને રજૂ કરતા એ લાક્ષણિક વૂડ-કટમાં એક જ રંગમાં તેજ-છાયાના પલટા વડે એકબીજાના આધારે આકારોને ઉપસાવીને ને માનવપાત્રો સાથે જાનવરોના નિર્દેશને સાંકળી લઇને કલાકારે પોતાનાં કૌશલ-ચાતુરીને દાખવવા સાથે ચિત્રવિષયને ચોટદાર બનાવ્યો છે.

'વિજ્ઞાન અને ટેક્નૉલૉજીના આ યુગમાં એ ખાસ યાદ રાખવું જોઇએ કે કલા વિના તો જીવન એના પ્રાણ રૂપ કૈંક તત્ત્વ ગુમાવી બેસશે. એટલે વિજ્ઞાન અને ટેક્નૉલૉજીને માર્ગે આપણે આગળ વધતા જઇએ તેની સાથેસાથે કલા અને સૌંદર્યની જ્યોત પણ જલતી રાખવી જરૂરી છે. —જવાહરલાલ નેહરુ

સાહિત્યસંપર્ક

શબ્દકથા : 'અજવાસ' 'ઉજાસ'

જોડણીકોશમાં 'અજવાસ' નોંધાયો નથી, પણ 'અજવાશ' છે. તેના મૂળ વિશે કશું કહ્યું નથી. પણ અર્થદષ્ટિએ તેને 'ઉજાસ'નો સમાનાર્થ કહ્યો છે. 'અજવાશિયું' શબ્દ 'અજવાળિયું, જાળિયું' એવા અર્થ સાથે આપેલો છે.

'અજવાસ' ઉપરાંત 'અંજવાસ' 'અંજવાશ' એવાં ઉચ્ચારણ પણ પ્રચલિત છે. ઉચ્ચાર તેમ જ અર્થની દષ્ટિએ આ 'અજવાસ'–'અંજવાસ'ને 'અજવાળું'–'અંજવાળું' એ શબ્દો સાથે સમાનતા હોવાથી વ્યુત્પત્તિની દષ્ટિએ પણ તે સંકળાએલા હોવાનો વહેમ જાય. પણ હકીકત જુદી છે. 'અજવાળું'નો સંબંધ 'ઉજ્જ્વાલ'ની સાથે છે, જ્યારે 'અજવાસ'ના મૂળમાં 'આંજવું', 'અંજાવું' છે. આંજી દે તેવો પ્રકાશ તે 'અંજવાસ', 'અજવાસ'. પછીથી 'અજવાળું' એવા સામાન્ય અર્થમાં તે પ્રચલિત બન્યો. જેમ 'રહેવું'–'રહેવાસ', 'બકવું'-'બકવાસ', તેમ 'આંજવું'-'અંજવાસ'. આ જ પ્રમાણે 'વાપરવું' ઉપરથી 'વપરાસ' થાય, પણ માન્ય ઉચ્ચારણ 'વપરાશ' છે.

વસ્તુના રંગ, સ્વાદ અને ગુણધર્મનાં વાચક કેટલાંક વિશેષણો ઉપરથી 'આશ' પ્રત્યય લાગીને કેટલાંક નામ બનેલાં છે. જેમ કે 'રતાશ', 'કાળાશ', 'કડવાશ', 'મિઠાશ', 'ખાટાશ', 'બહેરાશ', 'ટાઢાશ', 'નરમાશ', 'નમણાશ' વગેરે. અસરથી કદાચ 'વપરાસ'નું 'વપરાશ' બન્યું હોય.

'ઉજાસ' શબ્દ પ્રાકૃત 'ઉજ્જાસ'માંથી ઊતરી આવ્યો છે. તેના મૂળમાં લોકપ્રચલિત 'ઝપ્'= 'બળવું' એ ધાતુ છે. 'ઉજાસ' કે 'ઉજાશ' ઉપરાંત 'ઉજેશ' એવું ઉચ્ચારણ પણ છે. જેમ 'ધીમાશ' ઉપરાંત 'ધીમેશ' કહેવાય છે, તે પ્રમાણે આ કોઈ સ્થાનિક ઉચ્ચારણભેદ હોવા સંભવ છે.

હરિવલ્લભ ભાયાણી

અવલોકનો

(પ્રો. ડૉ. ધીરુભાઈ પરીખ)

તપોવન

પ્રા. સુરેશ દલાલ સંપાદિત અને મુંબાઈની કે. જે. સોમૈયા કૉલેજ દ્વારા પ્રકાશિત આ ગ્રંથમાં આપણા યુગના પ્રમુખ સર્જક સુન્દરમની સર્જનપ્રતિભાનું મૂલ્યાંકન કરવાનો પ્રશસ્ય પ્રયાસ થયો છે. શ્રી સુન્દરમની પ્રતિભા કવિતા, વાર્તા, પ્રવાસવર્ણન, નિબંધ, અવલોકન-વિવેચન આદિ વિવિધ ક્ષેત્રે મહોરેલી છે એનું સમ્યક્ મૂલ્યાંકન ૩૫૬ પૃષ્ઠના આ ગ્રંથમાં વિવિધ વિવેચકો દ્વારા ૩૮ લેખોમાં થયું છે. સુન્દરમ્ પ્રમુખતયા કવિ છે એટલે એમની કવિપ્રતિભાને મૂલવતા લેખો પ્રમાણમાં વિશેષ હોય તે સ્વાભાવિક છે. એમાં સુન્દરમને સમગ્ર કવિ તરીકે વિવેચતા લેખો છે તો 'કાવ્યમંગલા', 'વસુધા', 'યાત્રા' આદિ એમના કાવ્યસંગ્રહોની અપેક્ષાએ થએલું એમનું કવિમૂલ્યાંકન પણ છે. 'ખોલકી'થી 'ઉન્નયન' વાળા લેખમાં શ્રી જયંતી દલાલે વાર્તાકાર સુન્દરમને યોગ્ય રીતે જ નાણ્યા છે. 'અવલોકના' જેવા લેખમાં શ્રી ભૂપેન્દ્ર ઉપાધ્યાયે વિવેચક સુન્દરમની અવલોકન શક્તિને અર્ઘ્ય આપ્યો છે. આમ સુન્દરમનું સર્જક તરીકે મૂલ્યાંકન કરતા લેખોમાં જયન્ત પાઠક, કાન્તિલાલ કાલાણી, ઉશનસ, જયંતી દલાલ, રામપ્રસાદ બક્ષી, નીતિન્ મહેતા, નલિન રાવળ, રમણલાલ જોશી અને ઉમાશંકર જોશીના લેખો નોંધપાત્ર બની રહે છે.

ઉપરાંત, સુન્દરમની સાધકપ્રતિભાની ઝાંખી કરાવતો સ-રસ શૈલીમાં લખાએલો શ્રી કિશનસિંહ ચાવડાનો 'હરિરથના યાત્રિક' લેખ પણ સુંદર છે. 'પ્રશ્નોત્તરી'ના પહેલા લેખમાં જ સુન્દરમના જવાબોમાંથી એમની સર્જક-સાધક પ્રતિભાની ભૂમિકા, વિકાસ અને એમનું ઉભય વ્યક્તિત્વ ઠીકઠીક ઊપસવા પામ્યું છે. 'પતંગિયું અને ગરુડ' (જયેન્દ્ર ત્રિવેદી), 'બુદ્ધનાં ચક્ષુ' (અમૃતલાલ યાજ્ઞિક), 'ભવ્ય સતાર' (પ્રકાશ મહેતા) અને '૧૩-૭ની લોકલ' (નલિન રાવળ) જેવા કાવ્ય-આસ્વાદો સંતર્પક બન્યા છે. છેલ્લે આપેલી 'સંદર્ભસૂચિ' પણ સુન્દરમ્ વિષે અભ્યાસ કરનારને ખૂબ ઉપકારક થાય તેવી છે.

શિક્ષણસંસ્થાનું કાર્ય માત્ર વર્ગની ચાર દીવાલોમાં પુસ્તકનાં બે પૂંઠાંની વચ્ચેનાં પૃષ્ઠોનું પોપટિયું શિક્ષણ આપવાનું તે નથી, છાત્રોને સાચા વિદ્યા-અર્થી બનાવવા એ જ શિક્ષણસંસ્થાનો હેતુ હોઈ શકે. સોમૈયા કૉલેજનું ગ્રંથ-પ્રકાશનનું આ પ્રસ્થાન એનું સૂચક છે. આવા સદ્પ્રયાસ માટે કૉલેજ અને ગ્રંથના સંપાદક પ્રા. સુરેશ દલાલ હાર્દિક અભિનંદનને પાત્ર છે, એટલું જ નહિ પણ બીજી વિદ્યાસંસ્થાઓ માટે ય આ એક અનુકરણીય પ્રયાસ છે.

(તપોવન: સં. પ્રા. સુરેશ દલાલ, પ્ર. કે. જે. સોમૈયા કૉલેજ વતી કૃષ્ણાજી શ. સામંત, સોમૈયા પબ્લિકેશન પ્રા. લિ. ૧૭૨, નાયગામ ક્રૉસરોડ, દાદર, મુંબઈ-૧૪; રૂ. ૧૫).

બે કાવ્યસંગ્રહો

કલ્પનાવિહારની કવિતા

આપણા પીઢ કવિ શ્રી જયંત પાઠકનો આ• ચોથો કાવ્યસંગ્રહ એમની કાવ્યપ્રવૃત્તિના સાતત્યનો દ્યોતક છે. સૉનેટ, ગીત, ભજન, ગઝલ, હાઈકુ વગેરે પ્રકારોમાં અહીં કવિની કલ્પનાનો મુક્ત વિહાર જોવા મળે છે. સૉનેટરચનાઓમાં નેહ અને નિસર્ગ સુપેરે વિષયભૂત થયાં છે. પ્રણયનિરૂપણમાં મુખ્યત્વે વિપ્રલંભની નિષ્પત્તિ થએલી છે. પ્રકૃતિની રમણાનો આનંદ અને એનાથી અળગા પડી ગયાનો દુઃખાનુભવ એમનાં ઘણાં કાવ્યોમાં મળે છે. પ્રકૃતિનાં કલ્પનામય ચિત્રોની સાથેસાથે થોડુ ચિંતન પણ પૂરી લેવાનું કવિનું વલણ પ્રકૃતિ પ્રત્યેનો વૈચારિક અભિગમ દર્શાવે છે. 'વર્ષારંભ'માં કવે છે: 'ભીની વ્યથા ઝમી જતી નભની નિબિડ/પ્રેરી ધરાઉદર બીજની જન્મપીડ.' તો 'વસંત-સ્ફોટ'માં ચિંતવે છે: 'નિયંત્રે ખોલીને દલ શું ગલગોટા સમ ચનો !/ક્રશો વક્ષસ્ફોટે તવ પ્રકટ ગૂઢાર્થ વચનો !'

કવિની રચનાફાવટ દરેક પ્રકારની કૃતિમાં જોઈ શકાય છે, પરંતુ સુરમ્ય કલ્પનોઠ્યનોના પડછે સંવેદનની તીવ્રતા એટલી સચોટ નથી. ગીતરચનાઓમાં કેટલેક ઠેકાણે શિથિલ પ્રાસનું આયોજન ખટક્યા વગર રહેતું નથી. છતાં આ સંગ્રહનું હૃદ્ય તત્ત્વ તો છે એનો કલ્પનાવૈભવ. કલ્પનાનું વૈચિત્ર્યયુક્ત નાવીન્ય આનંદપ્રદ બની રહે છે: 'હવે ફાટ્યું કાળું નભનું ('વસંતસ્ફોટ'), જેવી અનેક કલ્પનાઓથી કવિએ સુંદર ચિત્રો અને સચોટ અભિવ્યક્તિ સાધ્યાં છે. વિચાર-ચિંતન-સંવેદન બધું જ અહીં મનહર કલ્પના-રંગોથી રંગાઇને કાવ્યાવતરણ પામે છે.

કાવ્યસંગ્રહને અંતે દસ હાઈકુ પણ મુકાયાં છે, જેમાંનાં 'તળાવડી' અને 'આભ' નોંધપાત્ર છે. એકંદરે સંગ્રહની કૃતિઓ પ્રતીતિ કરાવી આપે છે કે કવિ કાવ્યનાં વિષય, સ્વરૂપ, નિરૂપણ બધાંની બાબતમાં જૂના પ્રવાહોની સાથે અનુસંધાન રાખે છે તો નૂતન પ્રવાહો સાથે તાલસે કદમ પણ મિલાવી શકે છે.

સમથળ સંવેદનાની કવિતા

છેલ્લા એકાદ દાયકાથી કાવ્યસાધના કરી રહેલા કવિઓમાંના શ્રી યોસેફ મૅકવાનના પ્રથમ કાવ્યસંગ્રહ•માં ૧૯૬૯ સુધીમાં પ્રકટ થએલી એમની રચનાઓમાંથી ચૂંટીને ૧૦૨ કૃતિઓ આપી છે, જેમાં મુખ્યત્વે સૉનેટ, ગીત અને પરંપરિત લયની રચનાઓ સાથે છેલ્લે ત્રણેક અછાંદસ રચનાઓ પણ છે. પ્રકૃતિ અને પ્રીતિ એમની રચનાઓનો મુખ્ય નિરૂપિત વિ-

• 'સર્ગ'–પ્રકાશક : વોરા ઍન્ડ કંપની, ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ-૧, રૂ. ૨-૫૦.

• 'સ્વગત'-પ્રકાશક: વોરા ઍન્ડ કંપની, ગાંધી ચેમ્બર્સ ગાંધી માર્ગ, અમદાવાદ-૧; રૂ. ૩.







શ્રી વાસુદેવ સ્માર્તનાં ત્રણ ચિત્રો. ગોત્રજ (ઉપર)
નાગદમન (ડાબી બાજુ મથાળે) અને
◁ વસ્ત્રાપુરના મારવાડીઓનું હોળીનૃત્ય

● ઈન્દુમતીના વિયોગથી, રજની જતાં નિસ્તેજ અને ઉદાસ બની ગએલા ચન્દ્ર જેવો લાગતો રાજા (અજ) નગરમાં પ્રવેશ્યો ત્યારે નગરની સ્ત્રીઓ (એને દુઃખી જોઇ) ડૂસકાં ભરી રડવા લાગી, જાણે રાજાનો શોક એ બધી સ્ત્રીઓની આંખમાંથી વહેવા લાગ્યો. (રઘુવંશ : સર્ગ ૮ · શ્લોક ૭૪)

જી. આર્ટ્સ કૉલેજમાં સંગૃહીત 'રામચરિતમાનસ'નાં ચિત્રો જેવી શૈલીનાં આ ચિત્રો છે. બંનેમાં પાત્રાલેખન અને પોશાક લગભગ સરખાં લાગે, પણ દેવીનું આલેખન જુદું છે. સપ્તશતીનાં આ ચિત્રોમાં ગતિમયતા સવિશેષ અસરકારક છે, એનાં સંગ્રામચિત્રોમાં ભાવોદ્રેક્તા વધુ સચોટ બની છે, અને એટલું જ સુંદર એનું રેખાંકન તથા ભાતીગળપણું છે. સૌરાષ્ટ્રની સ્પષ્ટ અસર દાખવતા એના અશ્વોના કાન અને એમની ચાલ ખાસ ધ્યાન ખેંચે છે. વાઘના શરીર અને હાથીના મસ્તકવાળા પ્રાણીની સપ્તશતીનાં ચિત્રોમાંની કલ્પના પણ અનોખી છે અને એવું જ રસમય ચિત્રણ છે દૈત્યોનું. શસ્ત્રોનું આલેખન પણ સ્પષ્ટ હોવા સાથે અભ્યસનીય બની રહે તેટલી વિવિધતાવાળું છે. અહીં ચંડિકાને તેજ રંગોથી ચીતરીને એના દૈવી સ્વરૂપને અલગ પાડવાને બદલે એના અનેક શસ્ત્રસજ્જ હાથ તથા આક્રમક દેહભંગિ વડે એની શક્તિને પ્રકટ કરી છે. દેવીનો મુકુટ પણ આ પહેલાંનાં ચિત્રો કરતાં વધુ સારો જોવા મળે છે, જ્યારે તેનો રથ ઉત્તર મધ્યકાળની સાક્ષી પૂરે છે. ચિત્રોમાંનાં અન્ય પાત્રોના પોશાકમાં ને એમની પાઘ અને જામાના આલેખનમાં, સ્થાનિક સ્પર્શ પ્રકટ થાય છે. પણ એકંદર આ સમગ્ર ચિત્રગુચ્છ એક સુંદર કલાસંપુટ બની રહે છે.

જૈન ગ્રંથચિત્રોની આલેખના કરતાં કંઈક વધુ વિકસિત શૈલીનાં આ ચિત્રોમાં તેની અનુગામી અને એથી વધુ વિકસેલી શૈલીની પ્રૌઢતા કદાચ નથી, પણ મુઘલ કલમની આરંભની કેટલીક સુંદર લાક્ષણિકતા તેમાં જોવા મળે છે ખરી. આમ, આ સ્થાનિક શૈલી ગુજરાતના કલાઇતિહાસમાં 'રામચરિતમાનસ' અને આ 'સપ્તશતી' દ્વારા આગવું સ્થાન મેળવતી હોઈ ભારતીય ચિત્રકળાના ઇતિહાસમાં એક નવું પ્રકરણ ઉમેરે છે. (મૂળ અંગ્રેજીમાં ડૉ. **પનુભાઈ ભટ્ટ**)

આ અંકના પૂઠા પરની કૃતિ

અમેરિકન સરકારના માહિતી ખાતા દ્વારા મુદ્રણક્ષમ કલાની ચાળીસેક સમકાલીન કૃતિઓનું એક પ્રદર્શન ભારતનાં અગ્રગણ્ય શહેરોમાં બતાવાયું. એમાંની એક કૃતિ 'તરુણ-તબેલો' આ અંકના પૂઠા પર આપ્યું છે. આડે માર્ગે ચડી જઈ પાશવી કામુકતા ને નશીલી દવાઓના સેવનથી આણેલી ખુમારીમાં રાચતા આજના એક યુવાનવર્ગને રજૂ કરતા એ લાક્ષણિક વૂડ-કટમાં એક જ રંગમાં તેજ-છાયાના પલટા વડે એકબીજાના આધારે આકારોને ઉપસાવીને ને માનવપાત્રો સાથે જાનવરોના નિર્દેશને સાંકળી લઇને કલાકારે પોતાનાં કૌશલ-ચાતુરીને દાખવવા સાથે ચિત્રવિષયને ચોટદાર બનાવ્યો છે.

'વિજ્ઞાન અને ટેકનૉલૉજીના આ યુગમાં એ ખાસ યાદ રાખવું જોઇએ કે કલા વિના તો જીવન એના પ્રાણરૂપ કૈંક તત્ત્વ ગુમાવી બેસશે. એટલે વિજ્ઞાન અને ટેકનૉલૉજીને માર્ગે આપણે આગળ વધતા જઇએ તેની સાથેસાથે કલા અને સૌંદર્યની જ્યોત પણ જલતી રાખવી જરૂરી છે.
—જવાહરલાલ નેહરુ

સાહિત્યસંપર્ક

શબ્દકથા : 'અજવાસ' 'ઉજાસ'

જોડણીકોશમાં 'અજવાસ' નોંધાયો નથી, પણ 'અજવારા' છે. તેના મૂળ વિશે કશું કહ્યું નથી. પણ અર્થદૃષ્ટિએ તેને 'ઉજાસ'નો સમાનાર્થ કહ્યો છે. 'અજવારિયું' શબ્દ 'અજવાળિયું, જાળિયું' એવા અર્થ સાથે આપેલો છે.

'અજવાસ' ઉપરાંત 'અંજવાસ' 'અંજવારા' એવાં ઉચ્ચારણ પણ પ્રચલિત છે. ઉચ્ચાર તેમ જ અર્થની દૃષ્ટિએ આ 'અજવાસ'–'અંજવાસ'ને 'અજવાળું'–'અંજવાળું' એ શબ્દો સાથે સમાનતા હોવાથી વ્યુત્પત્તિની દૃષ્ટિએ પણ તે સંકળાએલા હોવાનો વહેમ જાય. પણ હકીકત જુદી છે. 'અજવાળું'નો સંબંધ 'ઉજ્જ્વાલ'ની સાથે છે, જ્યારે 'અજવાસ'ના મૂળમાં 'આંજવું', 'અંજાવું' છે. આંજી દે તેવો પ્રકાશ તે 'અંજવાસ', 'અજવાસ'. પછીથી 'અજવાળું' એવા સામાન્ય અર્થમાં તે પ્રચલિત બન્યો. જેમ 'રહેવું'–'રહેવાસ', 'બકવું'-'બકવાસ', તેમ 'આંજવું'–'અંજવાસ'. આ જ પ્રમાણે 'વાપરવું' ઉપરથી 'વપરાસ' થાય, પણ માન્ય ઉચ્ચારણ 'વપરાશ' છે.

વસ્તુના રંગ, સ્વાદ અને ગુણધર્મનાં વાચક કેટલાંક વિશેષણો ઉપરથી 'આશ' પ્રત્યય લાગીને કેટલાંક નામ બનેલાં છે. જેમ કે 'રતાશ', 'કાળાશ', 'કડવાશ', 'મિઠાશ', 'ખાટાશ', 'બહેરાશ', 'ટાઢાશ', 'નરમાશ', 'નમણાશ' વગેરે. અસરથી કદાચ 'વપરાસ'નું 'વપરાશ' બન્યું હોય.

'ઉજાસ' શબ્દ પ્રાકૃત 'ઉજ્ઝાસ'માંથી ઊતરી આવ્યો છે. તેના મૂળમાં લોકપ્રચલિત 'ઝર્'= 'બળવું' એ ધાતુ છે. 'ઉજાસ' કે 'ઉજાશ' ઉપરાંત 'ઉજેશ' એવું ઉચ્ચારણ પણ છે. જેમ 'ધીમાશ' ઉપરાંત 'ધીમેશ' કહેવાય છે, તે પ્રમાણે આ કોઈ સ્થાનિક ઉચ્ચારણભેદ હોવા સંભવ છે.

હરિવલ્લભ ભાયાણી

અવલોકનો

(પ્રો. ડૉ. ધીરુભાઈ પરીખ)

તપોવન

પ્રા. સુરેશ દલાલ સંપાદિત અને મુંબાઈની કે. જે. સોમૈયા કૉલેજ દ્વારા પ્રકાશિત આ ગ્રંથમાં આપણા યુગના પ્રમુખ સર્જક સુન્દરમ્‌ની સર્જનપ્રતિભાનું મૂલ્યાંકન કરવાનો પ્રશસ્ય પ્રયાસ થયો છે. શ્રી સુન્દરમ્‌ની પ્રતિભા કવિતા, વાર્તા, પ્રવાસવર્ણન, નિબંધ, અવલોકન-વિવેચન આદિ વિવિધ ક્ષેત્રે મહોરેલી છે એનું સમ્યક્ મૂલ્યાંકન ૩૫૬ પૃષ્ઠના આ ગ્રંથમાં વિવિધ વિવેચકો દ્વારા ૩૮ લેખોમાં થયું છે. સુન્દરમ્ પ્રમુખતયા કવિ છે એટલે એમની કવિપ્રતિભાને મૂલવતા લેખો પ્રમાણમાં વિશેષ હોય તે સ્વાભાવિક છે. એમાં સુન્દરમ્‌ને સમગ્ર કવિ તરીકે વિવેચતા લેખો છે તો 'કાવ્યમંગલા', 'વસુધા', 'યાત્રા' આદિ એમના કાવ્યસંગ્રહોની અપેક્ષાએ થએલું એમનું કવિમૂલ્યાંકન પણ છે. 'ઓલકી'થી 'ઉન્નયન' વાળા લેખમાં શ્રી જયંતી દલાલે વાર્તાકાર સુન્દરમ્‌ને યોગ્ય રીતે જ નાણ્યા છે. 'અવલોકના' જેવા લેખમાં શ્રી ભૂપેન્દ્ર ઉપાધ્યાયે વિવેચક સુન્દરમ્‌ની અવલોકન શક્તિને અર્ઘ્ય આપ્યો છે. આમ સુન્દરમ્‌નું સર્જક તરીકે મૂલ્યાંકન કરતા લેખોમાં જયન્ત પાઠક, કાન્તિલાલ કાલાણી, ઉશનસ્, જયંતી દલાલ, રામપ્રસાદ બક્ષી, નીતિન્ મહેતા, નલિન રાવળ, રમણલાલ જોશી અને ઉમાશંકર જોશીના લેખો નોંધપાત્ર બની રહે છે.

ઉપરાંત, સુન્દરમ્‌ની સાધકપ્રતિભાની ઝાંખી કરાવતો સ-રસ શૈલીમાં લખાએલો શ્રી કિશનસિંહ ચાવડાનો 'હરિરથના યાત્રિક' લેખ પણ સુંદર છે. 'પ્રશ્નોત્તરી'ના પહેલા લેખમાં જ સુન્દરમ્‌ના જવાબોમાંથી એમની સર્જક-સાધક પ્રતિભાની ભૂમિકા, વિકાસ અને એમનું ઉભય વ્યક્તિત્વ ઠીકઠીક ઊપસવા પામ્યું છે. 'પતંગિયું અને ગરુડ' (જયેન્દ્ર ત્રિવેદી), 'બુદ્ધનાં ચક્ષુ' (અમૃતલાલ યાજ્ઞિક), 'ભવ્ય સતાર' (પ્રકાશ મહેતા) અને '૧૩-૭ની લોકલ' (નલિન રાવળ) જેવા કાવ્ય-આસ્વાદો સંતર્પક બન્યા છે. છેલ્લે આપેલી' સંદર્ભસૂચિ' પણ સુન્દરમ્ વિષે અભ્યાસ કરનારને ખૂબ ઉપકારક થાય તેવી છે.

શિક્ષણસંસ્થાનું કાર્ય માત્ર વર્ગની ચાર દીવાલોમાં પુસ્તકનાં બે પૂંઠાંની વચ્ચેનાં પૃષ્ઠોનું પોપટિયું શિક્ષણ આપવાનું તે નથી, છાત્રોને સાચા વિદ્યા-અર્થી બનાવવા એ જ શિક્ષણસંસ્થાનો હેતુ હોઈ શકે. સોમૈયા કૉલેજનું ગ્રંથ-પ્રકાશનનું આ પ્રસ્થાન એનું સૂચક છે. આવા સદ્‌પ્રયાસ માટે કૉલેજ અને ગ્રંથના સંપાદક પ્રા. સુરેશ દલાલ હાર્દિક અભિનંદનને પાત્ર છે, એટલું જ નહિ પણ બીજી વિદ્યાસંસ્થાઓ માટે ય આ એક અનુકરણીય પ્રયાસ છે.

(તપોવન : સં. પ્રા. સુરેશ દલાલ, પ્ર. કે. જે. સોમૈયા કૉલેજ વતી કૃષ્ણાજી રા. સામંત, સોમૈયા પબ્લિકેશન પ્રા. લિ. ૧૭૨, નાયગામ ક્રૉસરોડ, દાદર, મુંબઈ-૧૪; રૂ. ૧૫).

બે કાવ્યસંગ્રહો

કલ્પનાવિહારની કવિતા

આપણા પીઢ કવિ શ્રી જયંત પાઠકનો આ* ચોથો કાવ્યસંગ્રહ એમની કાવ્યપ્રવૃત્તિના સાતત્યનો દ્યોતક છે. સૉનેટ, ગીત, ભજન, ગઝલ, હાઈકુ વગેરે પ્રકારોમાં અહીં કવિની કલ્પનાનો મુક્ત વિહાર જોવા મળે છે. સૉનેટરચનાઓમાં નેહ અને નિસર્ગ સુપેરે વિષયભૂત થયાં છે. પ્રણયનિરૂપણમાં મુખ્યત્વે વિપ્રલંભની નિષ્પત્તિ થએલી છે. પ્રકૃતિની રમણાનો આનંદ અને એનાથી અળગા પડી ગયાનો દુઃખાનુભવ એમનાં ઘણાં કાવ્યોમાં મળે છે. પ્રકૃતિનાં કલ્પનામય ચિત્રોની સાથેસાથે થોડું ચિંતન પણ પૂરી લેવાનું કવિનું વલણ પ્રકૃતિ પ્રત્યેનો વૈચારિક અભિગમ દર્શાવે છે. 'વર્ષારંભ'માં કવે છે : 'ભીની વ્યથા ઝમી જતી નભની નિબિડ/પ્રેરી ધરાઉદર બીજની જન્મપીડ.' તો 'વસંત-સ્ફોટ'માં ચિંતવે છે : 'નિયંત્રે ખોલીને દલ શું ગલગોટા સમ યનો !/કશો વક્ષસ્ફોટે તવ પ્રકટ ગૂઢાર્થ વચનો !'

કવિની રચનાફાવટ દરેક પ્રકારની કૃતિમાં જોઈ શકાય છે, પરંતુ સુરમ્ય કલ્પનોત્થનોના પડછે સંવેદનની તીવ્રતા એટલી સચોટ નથી. ગીતરચનાઓમાં કેટલેક ઠેકાણે શિથિલ પ્રાસનું આયોજન ખટક્યા વગર રહેતું નથી. છતાં આ સંગ્રહનું હૃદ્ય તત્ત્વ તો છે એનો કલ્પનાવૈભવ. કલ્પનાનું વૈચિત્ર્યયુક્ત નાવીન્ય આનંદપ્રદ બની રહે છે : 'હવે ફાટ્યું કાલું નભનું ('વસંતસ્ફોટ'), જેવી અનેક કલ્પનાઓથી કવિએ સુંદર ચિત્રો અને સચોટ અભિવ્યક્તિ સાધ્યાં છે. વિચાર-ચિંતન-સંવેદન બધું જ અહીં મનહર કલ્પના-રંગોથી રંગાઇને કાવ્યાવતરણ પામે છે.

કાવ્યસંગ્રહને અંતે દસ હાઈકુ પણ મુકાયાં છે, જેમાંનાં 'તળાવડી' અને 'આભ' નોંધપાત્ર છે. એકંદરે સંગ્રહની કૃતિઓ પ્રતીતિ કરાવી આપે છે કે કવિ કાવ્યનાં વિષય, સ્વરૂપ, નિરૂપણ બધાંની બાબતમાં જૂના પ્રવાહોની સાથે અનુસંધાન રાખે છે તો નૂતન પ્રવાહો સાથે તાલસે કદમ પણ મિલાવી શકે છે.

સમથળ સંવેદનાની કવિતા

છેલ્લા એકાદ દાયકાથી કાવ્યસાધના કરી રહેલા કવિઓમાંના શ્રી યોસેફ મૅકવાનના પ્રથમ કાવ્યસંગ્રહ*માં ૧૯૬૯ સુધીમાં પ્રકટ થએલી એમની રચનાઓમાંથી ચૂંટીને ૧૦૨ કૃતિઓ આપી છે, જેમાં મુખ્યત્વે સૉનેટ, ગીત અને પરંપરિત લયની રચનાઓ સાથે છેલ્લે ત્રણેક અછાંદસ રચનાઓ પણ છે. પ્રકૃતિ અને પ્રીતિ એમની રચનાઓનો મુખ્ય નિરૂપિત વિ-

* 'સર્ગ'–પ્રકાશક : વોરા ઍન્ડ કંપની, ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ-૧, રૂ. ૨-૫૦.

* 'સ્વગત'-પ્રકાશક : વોરા ઍન્ડ કંપની, ગાંધી ચેમ્બર્સ ગાંધી માર્ગ, અમદાવાદ-૧; રૂ. ૩.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



પં. રવિશંકર

૧ આપે વાદ્યમાં સિતાર જ કેમ પસંદ કરી?

ઉ. અનાયાસ જ. અનેક વાજિંત્રો હું શીખતો હતો, પણ ગુરુબાબા અલ્લાઉદ્દીન ખાં સાહેબે સિતાર પ્રતિ વાળ્યો.

૨ આપ સંગીતને કઈ દૃષ્ટિએ જુઓ છો?

ઉ. સંગીત સર્જનહારની સ્નેહભરી શુભેચ્છાની અમીવર્ષા છે. એના અગાધ આનંદ અને ઊર્મિસભર કલ્લાસમાં આપણું અલ્પ વ્યક્તિત્વ તથા સર્વ ઉપાધિઓ આપોઆપ શમી જાય છે. સંગીત સાથે પૂર્ણ એકાગ્રતા સધાતાં તન-મન અને સમયનું ભાન ભુલાઈ જઈ સાચી સમાધિ સધાય છે.

૩ આપને કયા રાગ સવિશેષ ગમે?

ઉ. દરેક રાગમાં પોતાની વિશિષ્ટતા, અનોખી છટા, ચમક અને ભાવદર્શના છે. પ્રસંગ, સમય ને શ્રોતાઓના સમભાવભર્યા સહકાર પ્રમાણે એનું વાતાવરણ રચાય છે.

૪ સૌંદર્ય અને કલાની આપની માન્યતા શી છે?

ઉ. સૌંદર્ય અસ્પૃશનીય, અવર્ણનીય અને લૌકિક તત્ત્વ છે, છતાં આનુભવિક છે. આવી અનુભૂતિ કરાવનાર કૃતિ એ કલા.

૫ આપને જીવનની સાર્થકતા શામાં લાગે છે?

ઉ. ફળની અપેક્ષા વિના પ્રભુઅર્પિત ભેટ જગતમાં રેલાવવાના પ્રયાસમાં જીવનની સાર્થકતા છે. જીવન એ સુખ અને દુઃખ, કસોટી અને ભૂલો, આવડત અને ઊણપ વગેરે દ્વારા કંઈ સક્રિય ને સંગીનપણે સાધ્ય કરવાની એક અમૂલ્ય તક છે.

૬ આપના ખાસ શોખ?

ઉ. સૂરોની અવનવી સજાવટ ને રચના, સારાં પુસ્તકોનું વાચન, ઐતિહાસિક ને રમ્ય સ્થળોની સફર, આહ્લાદક સંગીતનું શ્રવણ, કોઈ ફક્કડ નાટક કે ફિલ્મ અને મિત્રોમાં ચર્ચાવાર્તા.

૭ કોનું વ્યક્તિત્વ વધારે ગમે?

ઉ. કદી પૃથક્કરણ કર્યું નથી, પણ આદર્શસભર અને ધ્યેયલક્ષી વ્યક્તિઓએ મારા પર ઊંડી છાપ પાડી છે. કલાકારો, સુધારકો, કેળવણીકારો, જેમણે ઇતિહાસમાં કે વર્તમાનમાં મૌલિક અને ચિરંજીવ છાપ મૂકી છે એમણે મને જીવનબળ આપ્યું છે.

જન્મ : બનારસમાં, ૭ એપ્રિલ ૧૯૨૦. મોટાભાઈ ઉદયશંકરના કલાકારવૃંદમાં નૃત્યકાર તથા સંગીતકાર તરીકે કારકિર્દીનો આરંભ કર્યો. ૧૯૪૯માં ઑલ ઇંડિયા રેડિયોમાં સંગીત દિગ્દર્શક. 'ડિસ્કવરી ઑવ ઇંડિયા', 'સામાન્ય ક્ષતિ' વગેરે નૃત્યનાટકો તથા 'ધી ફ્લ્યુટ ઍન્ડ ઍરો', 'ધી ચેરી-ટેલ', 'અનુરાધા', 'કાબુલીવાલા', 'પથેર પાંચાલી' જેવી ફિલ્મોમાં સંગીત દિગ્દર્શન કર્યું છે. હાલ મુંબાઈમાં અને લૉસ ઍન્જેલસમાં 'કિન્નર સ્કૂલ ઑવ મ્યુઝિક' નામની પોતાની સંગીતશાળા ચલાવવા સાથે દેશવિદેશમાં પોતાના સિતારવાદનના કાર્યક્રમો આપે છે અને એ માટે દુનિયાભરમાંથી એમને માન મળ્યું છે. હિંદુસ્તાની વાદ્યસંગીત માટેનો રાષ્ટ્રપતિ ઍવૉર્ડ, સંગીતનાટક અકાદમીનું સભ્યપદ, 'પદ્મભૂષણ'નું બહુમાન, બર્લિન ફિલ્મ ફેસ્ટિવલમાં 'સિલ્વર બેર' ઍવૉર્ડ અને અન્ય અનેક ઉચ્ચ બહુમાનોથી વિભુષિત છે.

રવિશંકર

ધ્ય છે. પ્રણય નિરૂપણમાં વિષાદ અને આનંદ એમ ઉભય અનુભૂતિઓ છે, પણ મુખ્યત્વે એમણે પ્રણય માધુરીનું ગાન કરેલું છે. પ્રણયની મુગ્ધ સંવેદનાની સ્વસ્થ અભિવ્યક્તિ આ કૃતિઓમાં ધ્યાન ખેંચે છે. 'મન' જેવી રચનામાં વૈફલ્યની ઊંડી વેદના પણ સ્પર્શી જાય તેવી છે.

પ્રકૃતિના નિરૂપણમાં કૃત્રિમતાની માયા અને એનાથી છૂટા પડી ગયાનો ક્યાંક અવસાદ જ મુખ્ય છે. તડકા અને અંધારાનું કવિચિત્તને વિશેષ આકર્ષણ છે. તડકો અનેક રચનાઓમાં ઉપમાન અને ઉપમેય થઈને આવ્યો છે. એની અભિવ્યક્તિનું નાવીન્ય પણ તાજગીભર્યું છે : 'તડકાનું છલકે તળાવ', 'તડકા તણી પાતળી પરણહીન પ્રવેરાતી ડાળખી !' જેવી ભાવાનુકૂલ સચોટ સ-રસ અભિવ્યક્તિ કવિની સચ્ચાઈનો પરિચય કરાવી જાય છે. ક્યારેક ક્યારેક સ્પષ્ટ ચિંતન પણ જોવા મળે છે :

'ચોમેર શો ય પથરાય તમિસ્રભાર,
ના તેજનો અરથ કૈં, નહિ કોઈ સાર !'

'કથની' કાવ્યગુચ્છનાં સાત સૉનેટોમાં પ્રણયભાવ ઘૂંટાઈને ઊતર્યો છે તો 'મારું શહેર', 'વધતા જતા નગરમાં' આદિમાં શહેરની વિરૂપ સંસ્કૃતિનો ખેદ પણ વ્યક્ત થયો છે.

ગીતરચનાઓ કરતા છંદોબદ્ધ રચનામાં કવિની ફાવટ વધુ જણાય છે. ગીતરચનામાં નિરંજનની છાપ (લય, વિષય, નિરૂપણ, બાની વગેરેમાં) ડોકિયાં કરી જાય છે શૈલીમાં ઋજુ અલંકારનાવીન્ય ખાસ ધ્યાન ખેંચે છે : 'પંખીના કલરવનું ઝીણું સરી પડે દુકુલ...', 'ને માહરી નજર સૂર્યમુખીનું ફૂલ', 'કોળેલ દર્ભ સમ યૌવનના ઉઘાડે' વગેરે.

એકંદરે સંગ્રહની રચનાઓની નીચે મુકાએલાં વર્ષ જોતાં કવિનો સ્પષ્ટ વિકાસ અનુભવી શકાય છે. ભાવોર્મિઓના ઉત્કટ પતનોત્થાનની આ રચનાઓ નથી; આ તો છે સમથળ વહેતી સાચી સંવેદનાની સરિતા. એને માટે કવિની જ પંક્તિ સહેજ વિરામચિહ્નના ભેદે મૂકી શકાય તેવી છે : '...ધબકતું ઉર અક્ષરોમાં.'

ગુજરાતી કવિતા પર અંગ્રેજીની અસર

સમાજ અને સાહિત્ય પરસ્પરાવલંબી છે, એટલે સમાજમાં બનતી કેટલીક ઐતિહાસિક ઘટનાઓ પણ સાહિત્યનાં વિવિધ સ્વરૂપોને પ્રભાવિત કરે છે. હિંદની શાસનપરંપરામાં જેમ મુસલમાનોના આગમનથી ફારસી-અરબીના સાહિત્ય પર પ્રભાવ પડ્યો છે તેમ અંગ્રેજોના આગમનથી અંગ્રેજીનો પ્રભાવ આપણા સાહિત્ય પર દૂરગામી પડ્યો છે. આ મુદ્દાને નિરૂપતો ગ્રંથ 'ધી ઇન્ફ્લ્યુએન્સ ઑવ ઇંગ્લિશ ઑન ગુજરાતી પોએટ્રી' પ્રા. ઉમેદભાઈ મણિયારે પોતાના પીએચ.ડી. માટેના શોધપ્રબંધ નિમિત્તે તૈયાર કર્યો છે, જેમાં ગુજરાતી સાહિત્યના માત્ર કવિતાક્ષેત્રને જ અંગ્રેજીના પ્રભાવ માટે નિરૂપ્યું છે. આ શોધપ્રબંધ વડોદરાની મ. સ. યુનિવર્સિટીને ૧૯૬૩માં સુપરત કરેલો (જે ૧૯૬૯માં બહાર પડ્યો) હોવાથી લગભગ ૧૯૬૦-'૬૨ સુધીની ગુજરાતી કાવ્યપ્રવૃત્તિને એમાં આવરી લેવાઈ છે.

પ્રથમ ખંડનાં ત્રીસ પૃષ્ઠોમાં લેખકે નિરૂપ્ય વિષયની અછડતી ભૂમિકા બાંધેલી છે, જે ઇતિહાસ અને સાહિત્યના સામાન્ય અભ્યાસીને સુપરિચિત છે. બીજા ખંડને એમણે ત્રણ પેટા વિભાગોમાં વહેંચી નાખ્યો છે : ધી એઈજ ઑવ ટ્રાન્ઝિશન (સંક્રાંતિકાળ), ન્યૂ પોએટ્રી (નવી

કવિતા) કૉન્ટેમ્પેરરી ગુજરાતી પોએટ્રી (સમકાલીન ગુજરાતી કવિતા). ૩૫ થી ૬૪ પૃષ્ઠમાં નિરૂપાએલા સંક્રાંતિકાળમાં એમણે સ્વાભાવિક રીતે જ મુખ્યત્વે નર્મદ અને દલપતને કેન્દ્રમાં રાખ્યા છે. અંગ્રેજીના પ્રભાવનાં પ્રથમ રશ્મિ કેવી રીતે પ્રવેશ્યાં એ જાણીતી હકીકત અહીં સુપેરે નિરૂપાઈ છે; જ્યારે નવી કવિતાના બીજા ભાગમાં એમણે નરસિંહરાવ, કાન્ત, કલાપી, નાનાલાલ, બ. ક. ઠાકોર અને ખબરદારને ચર્ચ્યા છે. આ બધા જ કવિઓ પર અંગ્રેજી કાવ્ય સાહિત્યના વિષયો, વિચારો, વિભાવના, સ્વરૂપો વગેરેની વિવિધ અસરો થઈ છે તે અહીં સમુચિત દષ્ટાંતો દ્વારા દર્શાવવાનો પ્રયાસ થયો છે. ઠાકોર પરની વિવેચનામાં લેખક હજુ ચર્ચા કરી શક્યા હોત, જ્યારે ખબરદાર જેવાને માટે રોકેલાં પંદર પૃષ્ઠને ઓછાં કરી શકાયાં હોત. આખા ય પુસ્તકમાં આ ૩૫ થી ૨૧૨ પાનાંનો વિભાગ મહત્ત્વનો છે, છતાં એમાં થવી જોઈતી ખાસ નવીન સંશોધનાત્મક ચર્ચાની અહીં ઊણપ વર્તાયા કરે છે. ત્રીજા (સમકાલીન ગુજરાતી કવિતાના) વિભાગમાં રા. વિ. પાઠક, સુન્દરમ્, ઉમાશંકર, બાલમુકુન્દ દવે, રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, પ્રિયકાન્ત મણિયાર, હસમુખ પાઠક આદિને આવરી લેવાયા છે. આમાંના કેટલાક પર અંગ્રેજીનો પ્રભાવ પ્રગાઢ પડ્યો છે જેની પણ વિગતે ચર્ચા થઈ શકી હોત. કાલક્રમે નર્મદથી નિરંજન સુધી આવતાં એ પ્રભાવ કેટલી વિવિધતાથી, વિશદતાથી ને વેધકતાથી પડ્યો છે તેનો સળંગસૂત્ર ચિતાર મળી રહેતો નથી. સમગ્રતયા ગ્રંથના વાચન પછી વાચકને શોધપ્રબંધની અપેક્ષાએ નવું પ્રાપ્ત કરવાની જાગેલી ઉત્કંઠા નિરાશામાં પરિણમે છે. આમ છતાંય ગુજરાતી ભાષા નહિ જાણનારને આ પુસ્તકના અંગ્રેજી માધ્યમને લીધે ગુજરાતી કવિતા પર અંગ્રેજીનો પ્રભાવ કેવો પડ્યો છે તે જાણવાનો જરૂર લાભ મળશે અને એ રીતે આ પુસ્તક મહત્ત્વનું ગણાય. (પ્રકાશક: ધી મ. સ. યુનિવર્સિટી વડોદરા, રૂ. ૧૦.)

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન અને કવનનો પરિચય

[૯]

કરાવનાર · જલન માતરી



'મસ્ત-હબીબ'

'મંઝિલ ફરી ગઈ, તું નિરર્થક બની ગયો.'

'૩૫' માઈલનો આંક દર્શાવતા લાહોરને રસ્તે આવેલા એક માઈલ-સ્ટોન વિષે લખાએલી ઉપર્યુક્ત પંક્તિમાંનું દર્દ કેટલું વેધક છે! 'લાહોર અહીંથી પાંત્રીસ માઈલ દૂર છે' એમ ભારતના ભાગલા પછી કહેતા એ પથ્થરનું કથન ભારતના ભાગલાએ નિરર્થક બનાવી દીધું—આજે એ કહી શકાય તેમ નથી કે લાહોર કેટલું દૂર છે!

આ ન કલ્પી શકાય એવું બની જવા પર વલોપાત કરતા શ્રી હસનભાઈ એમ. પટેલને ગુજરાતના ગઝલપ્રેમીઓ 'મસ્ત-હબીબ'ના નામે ઓળખે છે. તેઓ ભરૂચ જિલ્લામાં આવેલા સારોદ ગામના વતની હોવાથી 'સારોદી' નામથી પરિચિત છે. ૮મી નવેમ્બર ૧૯૧૨ના રોજ જન્મ. ૧૯૩૩થી એકધારી ગઝલ-સેવા આપી રહ્યા છે. વર્ષો સુધી પ્રાથમિક શાળાના આચાર્યપદે રહી હાલમાં નિવૃત્ત જીવન ગાળે છે. એમના બે કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે: 'મુલ્લાં રમૂજી'ના ઉપનામથી 'તુલસી ઈસ સંસારમેં' નામક કટાક્ષ-કાવ્યોનો સંગ્રહ અને 'મસ્તી' ગઝલસંગ્રહ. એમની ગઝલો બહુધા વિચારપ્રધાન છે. ભાષા અને પિંગળના સારા અભ્યાસી છે.

મુશાયરા-પ્રવૃત્તિમાં એમનો ફાળો નાનોસૂનો નથી. મહાગુજરાત ગઝલ-મંડળના તેઓ વર્ષો સુધી મંત્રી રહ્યા હતા. આ વિચારવંત શાયરની વિવેકી કલમના થોડા શે'રો માણીએ:

ઊઠો, આ રાત્રિને જ પ્રાત:ની પાસે લઈ જઈએ!
પ્રતીક્ષા ક્યાં સુધી કરવી કે સૂર્યોદય થવાનો છે?

રુદન ને હાસ્યમાં કૈં છે
તફાવત તો, 'હબીબ' આવો:
સુરા છે એક, પણ પ્યાલીઓ
છે નોખા પ્રકારોની.

દિલસાથ ગમનો એવો નિકટનો રહ્યો સંબંધ
જોવા મળે છે જેવો સુમન ને સુવાસમાં.

એની નજરમાં તારી પ્રતિષ્ઠા રહે ખરી?
તારા જગતમાં જેનું જીવન થૈ ગયું હરામ!

હકીકતમાં દુ:ખોએ તો કરી છે પરવરિશ મારી;
વિનય તો જો! કહું છું તો ય પાલનહાર હું તુજને?

એવા સમયમાં જીવી રહ્યો છું 'હબીબ' હું,
પયગમ્બરોને પણ જે સમય ના થયો નસીબ.

'મસ્ત' એ પોતે વિચારોની ખુમારીમાં હતો,
એટલે મયખાનું એ ત્યાગી ગયો પીધા વગર.

મારું દુ:ખ, મારો જમાનો, મારા જીવનની કથા
વાત સાધારણ છતાં ચર્ચાઈ ગઈ છે દૂરદૂર!

'હબીબ' આ વિશ્વમાં જે પ્રાત:ને પાસે લઈ આવ્યા,
નસીબે એમના શાને હજી પણ રાત બાકી છે?

રહીરહીને શું પ્રકૃતિને ય
અવનવા કંઈ વિચાર આવે,
નહિ તો આ પાનખર પછી
શું ચમનમાં પાછી બહાર આવે?

વિચાર કરવાથી મિત્ર મારા
કદી ય દુ:ખનો ન પાર આવે,
બહાર નિશ્ચિત સમય પર આવે,
વિચારવાથી ન બહાર આવે!

દુ:ખની શી વિચિત્રતા, કેવો વિરોધાભાસ આ!
કે, દિલ બળે છે જેનું તેની આંખ ભીની હોય છે!

કંટકો પર જોર ના ચાલ્યું તો આખર એમણે
મારાં ફૂલોનો કર્યો: કૈં તો સુધારો જોઈએ!

ઉલ્ફતની અમર જ્યોત ન સરખાવો દીપકથી
એક રાત બળી દીપ તો થૈ જાય છે બેનૂર.

મારા વિકાસ પર તો અધિકાર કોઈનો;
મારો વિનાશ કેમ મારી મુન્સફી ઉપર?

કંટક ગણી અમારી ઉપેક્ષા કરો નહિ,
સહવાસથી ગુલોના પરિચિત થયા વગર.

ભક્તિ ને પ્રાર્થના તણો આશય શું એ જ છે?
મારા તજી વિચાર કરું કોઈના વિચાર!

કરતું નથી અધર્મનો કોઈ મુકાબલો
જાણે હજુ ય કોઈ પયમ્બર છે આવનાર!

બદલાયો જો પ્રવાહ સરિતાનો રાહમાં,
કાંઠે હતાં જે શહેર, ઘણાં દૂર થઈ ગયાં!

દુ:ખ એ જ છે કે કેમ ના નાવિક બની શક્યા?
દુ:ખ એ નથી કે કેમ આ તોફાન થાય છે!

આર. આર. શેઠની કંપની
મુંબઈ-૨ • અમદાવાદ-૧

વ્યંજના : શ્રી સુંદરજી બેટાઈના 'તુલસીદલ' પછીના આ છઠ્ઠા કાવ્યસંગ્રહનો વિષય કવિની લાડલી પૌત્રી વ્યંજના જ નહિ પરંતુ વિશ્વલીલાની કૌતુકસભર ધ્વનિમયતાનું સ્ફુટ-અસ્ફુટ સ્વરૂપ પણ છે. શુભ અને સુંદરની પ્રસ્થાપના માટેની અભિલાષા અને માતબર શૈશવાનુભવની ગંગોત્રીને કારણે 'વ્યંજના'ની કવિતા હૃદય-ઉત્સવની કવિતા બની શકી છે. નરસિંહરાવની જેમ કાવ્યની સુગ્રથિત એકતા, બાનીની પ્રાસાદિકતા અને છન્દની સુઘડતા શ્રી બેટાઈએ વિકસાવી છે. કાવ્ય સૌન્દર્યની અવનવી છટાઓ પણ તે લીલયા નિપજાવે છે. આ સંગ્રહની એ વિશેષતા છે. ઉચિત રીતે જ એને ઈ. ૧૯૬૯ના વર્ષના શ્રેષ્ઠ કાવ્યગ્રંથ તરીકેનું કવિ નાનાલાલ પારિતોષિક મળ્યું છે. પૃ. ૧૧૮, પાકું પૂઠું, રૂ. ૫.

કાવ્યમાં શબ્દ : કવિતાને સ્પર્શતા છંદ, લય, આકૃતિ, અર્થ, રૂપ, ઔચિત્ય, વગેરે જેવા તેમ જ નવલકથા ને ટૂંકી વાર્તા જેવા શબ્દોના ખયાલ વર્તમાન સંદર્ભમાં કંઈક વધુ સ્પષ્ટ ને ચોક્કસ કરવાના પ્રયાસ રૂપે લખાએલા જાણીતા ભાષાવિદ્ હરિવલ્લભ ભાયાણીના મનનીય લેખોના સંગ્રહ; પૃ. ૨૬૫, પાકું પૂઠું, રૂ. ૬ ૫૦.

કથોપકથન : મહદ્ અંશે નવલકથા અને ટૂંકી વાર્તા વિષેના સુરેશ જોશીના, માર્મિક વિચારણા દર્શાવતા, મનનીય વિવેચનાત્મક લેખોનો સંગ્રહ; પૃ. ૩૩૨, પાકું પૂઠું, રૂ. ૮.

પરસ્પર : 'પૂર્વરાગ' નામની પોતાની પ્રથમ નવલકથાનાં પાત્રો સોનલ-ચંદ્રહાસના લગ્ન પછીના સંબંધ દ્વારા શ્રી રઘુવીર ચૌધરીએ આલેખેલી માનવ સંબંધની એકલતા દર્શાવતી નવલકથા; પૃ. ૩૬૭, પાકું પૂઠું, રૂ. ૮-૭૫.

ચિદંબરા : ઈ. ૧૯૨૬થી '૫૫ દરમિયાન લખાએલા સુંદરમના વાર્તાપ્રધાન, ચિંતનપ્રધાન, ઐતિહાસિક અને તાત્ત્વિક એવા ૩૯ લેખોનો સંગ્રહ; પૃ. ૪૨૬, પાકું પૂઠું, રૂ. ૧૦-૫૦.

ચૌરંગી : બંગાળના સુપ્રસિદ્ધ સર્જક (મણિ)શંકરની, એક જ વર્ષમાં વીસ આવૃત્તિનો યશ પામેલી નવલકથાનો શ્રીકાન્ત ત્રિવેદીએ કરેલો અનુવાદ; પૃ. ૬૩૫, પાકું પૂઠું, રૂ. ૧૫.

સુકાએલાં ફૂલોની સુગંધ : નામાંકિત મરાઠી લેખક વિ. સ. ખાંડેકરના હળવા નિબંધોનો બીજો સંગ્રહ; અનુવાદક : ગોપાળરાવ વિદ્વાંસ, પૃ. ૨૪૩, પાકું પૂઠું, રૂ. ૬-૨૫.

તેજશલાકાઓ : લોકોપયોગી દષ્ટાંતો અને વાસ્તવિક જીવનનાં સત્યોની ઝાંખી કરાવતી વિ. સ. ખાંડેકરની રૂપક-કથાઓનો સંગ્રહ; અનુ. ઉપર મુજબ. પૃ. ૨૩૩, પાકું પૂઠું. રૂ. ૬.

પાનખરનાં ફૂલ : મુંબાઈના દૈનિક 'જનશક્તિ'માં ક્રમશઃ પ્રગટ થયેલી શ્રી વિઠ્ઠલ પંડ્યાની નવલકથા. પૃ. ૩૮૪, પાકું પૂઠું. રૂ. ૯-૨૫.

આર. આર. શેઠનું બાલસાહિત્ય



વાહ રંગલા : શ્રી જીવરામ જોષીએ નાનાં-મોટાં બધાને આનંદ-વિનોદમાં રસબસતાં બનાવી દે તે પ્રકારનું હાસ્ય વિનોદનું વાચન આ મોટા કદનાં પાંચ પુસ્તકોની પાકા પૂંઠાની શ્રેણીમાં પીરસ્યું છે. (૧) ખરી રેવડી, પૃ. ૭૨, રૂ. ૩-૫૦; (૨) ખરી રંગત, પૃ. ૯૬, રૂ. ૪-૫૦; (૩) ખરી ફજેતી, પૃ. ૬૮, રૂ. ૩-૨૫; (૪) તારી રંગત, પૃ. ૯૦, રૂ. ૪-૫૦; (૫) તારી રમઝટ, પૃ. ૮૮, રૂ, ૪ ૨૫. સેટના રૂ. ૨૦.

છેલ અને છબો : ૭ પુસ્તકોના આ સેટમાં શ્રી જીવરામ જોષીની કલમે બાળવાચકો માટે સાહસ અને શૌર્યના જાણીતા પાત્રનાં પરાક્રમો બાળભોગ્ય શૈલીમાં ગૂંથ્યાં છે. (૧) સિંહકોટમાં, પૃ. ૧૪૮, રૂ. ૩-૨૫; (૨) હિમશિખામાં, પૃ. ૨૧૨, રૂ. ૫; (૩) ભયંકર ભુજાલી પૃ. ૧૧૮, રૂ. ૨-૫૦; (૪) ભેદી જોગી, પૃ. ૧૩૬, રૂ. ૩; (૫) જલતી મૂર્તિ, પૃ. ૧૩૨, રૂ. ૩; (૬) દેવગઢના ગુપ્તચર, પૃ. ૧૪૮, રૂ. ૩-૨૫. કાચા પૂંઠાનાં છ યે પુસ્તકોના સેટની કિં. રૂ. ૨૦.

કિશોર રહસ્ય કથામાળા : કિશોરોને સાહસ ને ત્યાગની પ્રેરણા આપતી ને સાથે રહસ્યના આનંદ પમાડતી રમણલાલ સોનીની બાલભોગ્ય પુસ્તિકાઓનો સેટ (૧) જાદુઈ શાહી-પૃ. ૧૩૨, રૂ. ૩ ૨૫; (૨) બાટલિયા બાપા-પૃ. ૧૨૪, રૂ. ૩; (૩) તુંબતુંબા-પૃ. ૧૩૨, રૂ. ૩-૨૫; (૪) નાથિયો નાકકટ્ટો-પૃ. ૧૦૪, રૂ. ૨-૭૫; (૫) નાથિયો નાક બહાદુર પૃ. ૧૨૨, રૂ. ૩. દરેકનું પાકું પૂઠું; આખા સેટના રૂ. ૧૫l.

મેઘધનુષ ગ્રંથમાળા : મેઘધનુષના સાત રંગોની જેમ સાહસ, પરાક્રમ, ચાતુરી, કલ્પના, ઈત્યાદિ દર્શાવતી હરીશ નાયકની, કિશોરોને આકર્ષે એવી કથાઓના સેટ (૧) સાવજ સાત સમંદરના-પૃ. ૧૨૯, રૂ. ૩-૨૫; (૨) બે સાવજ બાર સમંદર પૃ. ૧૨૦, રૂ. ૩-૨૫; (૩) ટારઝન કિશોરી-પૃ. ૧૩૨, રૂ. ૩-૨૫; (૪) દુશ્મન દુનિયાપારના-પૃ. ૧૩૨, રૂ. ૩-૨૫; (૫) ડિટેકટિવ બિરબલ ચોરસ દુનિયાની શોધમાં પૃ. ૮૨, રૂ. ૨; (૬) રમતારામ, હકર્યુલીસ આણુરાક્ષસ-પૃ. ૧૦૩, રૂ. ૨-૫૦; (૭) કોયડાનું કારખાનું પૃ. ૧૦૩, રૂ. ૨-૫૦; દરેકનું પાકું પૂઠું આખા સેટના રૂ. ૨૦.

અડુકિયો દડુકિયો : જાણીતા બાળ-લેખક જીવરામ જોષીનાં પાંચ પુસ્તકોની શ્રેણી (૧) આગિયો ભૂત પૃ. ૮૦, રૂ. ૪; (૨) ઘોડા પૂરમાં પૃ. ૬૫, રૂ. ૩; (૩) ચાંદનગરમાં-પૃ. ૬૩, રૂ. ૩-૨૫; (૪) મામાને ઘેર પૃ. ૫૦ રૂ. ૨ ૫૦; (૫) ગાલુ જાદુગર-પૃ. ૬૮, રૂ. ૩-૨૫. દરેકનું પાકું પૂઠું, આખા સેટના રૂ. ૧૬.

જ્ઞાનકૌશલ્ય પ્રચાર સમિતિ
૧૩ સ્નેહકુંજ આંબાવાડી અમદાવાદ-૬

હોમિયોપથી શું છે? એ વિષયના અધિકૃત નિષ્ણાત ડૉ. એસ. આર. વાડિયાએ એનાથી ક્યાં દર્દો કેવી રીતે અને કેટલા પ્રમાણમાં મટે છે એ વિષે સંક્ષિપ્ત આપેલી માહિતી; પૃ. ૩૨, કાચું પૂઠું, ૫૦ પૈસા.

નળ સરોવરનાં પક્ષીઓ : ગુજરાતના અગત્યના વિહારધામ નળ સરોવર પર શિયાળામાં એકઠાં થતાં પંખીઓના પરિચય આપતી પુસ્તિકા; લે. દિનકરરાય વૈદ્ય 'મીન પિયાસી', પૃ. ૬૪, કાચું પૂઠું, રૂ. ૧

પ્રકાશસાહિત્ય મંદિર
વટવા માર્ગ સર્વનગર અમદાવાદ-૮

ધરતીના પેટાળમાંથી નીકળતા તેલની શોધ અને એ ક્ષેત્રે થએલા વિકાસની સંવાદરૂપ સચિત્ર કથા; લેખિકા : કપિલા ઠાકોર, પૃ. ૩૫, કાચું પૂઠું, ૫૦ પૈસા.

સાહસની સૃષ્ટિ ભાગ ૧, ૨, ૩ : કેટલીક સત્ય ઘટનાઓને આધારે ને કેટલીક કાલ્પનિક એવી સચિત્ર સાહસકથાઓ; લેખક : યશવંત મહેતા. દરેક ભાગના પૃ. ૧૧૧, કાચું પૂઠું, અને દરેકના રૂા. ૨.



પચ્ચીસ વર્ષ પહેલાં

જૂન ૧૯૪૫ અંક ૨૫૮

માનવજાતની મોટામાં મોટી શોધ-જેણે જ્ઞાન ને સંસ્કારને સંસારવ્યાપી કર્યાં તે લેખનકળાના ઉદ્‌ગમ અને વિકાસ વિષે શ્રી દત્તાત્રેય નંદુર બારકરના એક અભ્યસનીય લેખ આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવી ગયો. તેમાંનો ઉપયોગી ભાગ તારવીએ :

જ્ઞાનપ્રાપ્તિ અને જ્ઞાનપ્રસારનું મુખ્ય અને મહત્ત્વનું સાધન તે લેખનકળા. સંસ્કૃતિના વિકાસ ને પ્રગતિમાં મોટામાં મોટો ફાળો કદાચ લેખનકળાનો છે. લેખનકળાનો પ્રચાર થયો ન હતો તે વખતે વિદ્વાન માણસને 'બહુશ્રુત' કહેતા. જેણે ઘણું સાંભળીસાંભળીને જ્ઞાન મેળવ્યું છે તેવો માણસ. લેખનકળાની શોધ પછી જ્ઞાન ગ્રંથસ્થ થવા લાગ્યું. એ લેખનકળાની શરૂઆતથી માંડીને લિપિ કેવી રીતે ઉત્પન્ન થઈ તેનો ઇતિહાસ ટૂંકાણમાં જોઈશું.

(૧) ભાષા, (૨) બોલી અને (૩) લિપિ એ ત્રણ સંજ્ઞાઓ આપણે સારી રીતે જાણી લેઇએ. 'ગુજરાતી' એ ભાષા છે. અમદાવાદમાં ગુજરાતી બોલાય છે અને સુરતમાં પણ ગુજરાતી બોલાય છે. છતાં, 'બાર ગાઉએ બોલી બદલાય' એ કહેવત પ્રમાણે ઉપરનાં બંને શહેરોમાં બોલાતી ભાષામાં ફેર પડે છે. અમદાવાદમાં રૂઢ થએલા 'પતંગ' શબ્દને સુરતમાં 'કનકવો' કહે છે. પૂનામાં બોલાતી મરાઠી ભાષા કોંકણની ભાષાથી જુદી છે. ત્યાં 'મરાઠી' એ ભાષા છે, 'કોંકણી' એ બોલી, ને એ બંને જેમાં લખાય છે તે 'દેવનાગરી' લિપિ ગુજરાતીમાં ભાષા અને લિપિને માટે એક જ નામ (ગુજરાતી) છે.

જંગલી માણસને પણ પોતાના વિચારો વ્યક્ત કરવાની જરૂર પડે જ છે. જંગલી માણસ ઝઘડાખોર ને યુદ્ધપ્રિય હોય છે. શત્રુઓ પરના વિજય પછી પોતાનાં પરાક્રમોની યાદગીરી રાખવાની વૃત્તિ છેક ગુફામાં રહેનાર જંગલી માણસોમાં પણ જાગેલી હતી. તે માટે તેઓ હાડકાં કે હાથીદાંત પર માણસો ને પશુ-પક્ષીઓનાં ચિત્રો દોરતા. લેખનકળાની આ સાવ પ્રારંભની અવસ્થા પછી માણસ જેમજેમ સુધરતો ગયો તેમતેમ તેને પોતાનાં દૂરનાં સગાંવહાલાંને, બીજો કોઈ પણ માણસ ન જાણે તેવી રીતે, છૂપો સંદેશો મોકલવાની જરૂર જણાવા લાગી. તેવો સંદેશ મોકલવાને માટે તેણે કાંઈક જુદાં ને વધારે સારાં ચિત્રોનો ઉપયોગ કર્યો.

આજથી પચ્ચીસ વર્ષ પર આવી ગએલી લેખમાળા 'મૂર્તિશાસ્ત્ર-પરિચય'ના ચોથા લેખમાં શ્રી અમૃતલાલ પંડ્યાએ પ્રતિમાઓનાં આસનો સમજાવ્યાં હતાં.

દેવમૂર્તિની પૂજાનો એક હેતુ ઉપાસકને ઈશ્વરપ્રાપ્તિ માટે યોગ અને ઉપાસનાના માર્ગે જવામાં સહાયભૂત થવાનો છે. આથી દેવમૂર્તિઓને યોગની ભિન્નભિન્ન મુદ્રાઓ, આસનો ઇત્યાદિનાં સ્વરૂપો આપવામાં આવે છે. મુદ્રાઓનો પરિચય અગાઉ લેવો. હવે આસનો લઈએ.


હઠયોગમાં આસનો અનેક છે. શિવનાં ૮૪ આસનો હોવાનું કહેવાય છે, પણ તેમાં ૩૨ મુખ્ય છે. વળી એ ૩૨માંનાં પણ થોડાંક જ પ્રતિમાઓમાં લેવામાં આવે છે. એ આસનો આ પ્રમાણે છે : ૧ સુખાસન, ૨ સમપાદ (સમપાદ સ્થાનક), ૩ આલીઢ, ૪ ઉત્કટિક, ૫ પદ્માસન અને ૬ યોગાસન, એ બધાંનાં ચિત્રો અહીં આપેલાં છે.



આ ઉપરાંત જૈન પ્રતિમાઓમાં કાયોત્સર્ગ, પર્યંક, અર્ધપર્યંક, વીર ઈત્યાદિ બીજાં પણ આસનો છે. તેમની વિગત જૈન પ્રતિમાઓ સંબંધેના લેખોમાં આવશે. એમાંનાં પર્યંક અને અર્ધપર્યંક આસનો ક્વચિત્ હિંદુ પ્રતિમાઓમાં પણ નજરે પડે છે.

આ પ્રકારની ચિત્રાલેખન પદ્ધતિમાંથી (Hieroglyphic writing અથવા Picture-writing) નામની લેખનકળાનો જન્મ થયો.

શરૂઆતની એ લેખનકળાનું સ્વરૂપ ઘણું મર્યાદિત હતું. તેનાથી બહુ ઓછા પદાર્થ દર્શાવી શકાતા. 'મનુષ્ય' દર્શાવવા માટે બે નાની લીટીઓ, ને બે પગને માટે બે મોટી લીટીઓ દોરી માણસનું ચિહ્ન કાઢતા. સૂર્યની કલ્પના વ્યક્ત કરવા માટે એક વર્તુળ દોરી તેમાં એક ટપકું મૂકતા.




આના પછીની લેખનકળાની પ્રગતિ એટલે, ચિત્રોની મદદથી પ્રાણીઓની વિશિષ્ટતા દર્શાવવાનો પ્રયત્ન. દાખલા તરીકે શરૂઆતમાં જે સિંહનું ચિત્ર સિંહ પ્રાણી માટે વપરાતું હતું તે જ ચિત્ર પછીની અવસ્થામાં અસામાન્ય શક્તિ, ચપળતા, પરાક્રમ વગેરે સિંહના વિશિષ્ટ ગુણો બતાવવા માટે દોરાવા લાગ્યું. આ લેખનપદ્ધતિમાં મુખ્ય ચિત્ર કરતાં તે દ્વારા વ્યક્ત કરાતા વિચારોનું વધારે મહત્ત્વ હોવાને લીધે તેને 'કલ્પનાલેખન પદ્ધતિ' (Ideographic writing) કહે છે.


કલ્પનાલેખન પદ્ધતિ ઘણાં વર્ષ સુધી ચાલુ રહ્યા પછી ધ્વનિલેખન પદ્ધતિ (Phonographic writing)નો જન્મ થયો. માણસની પ્રગતિ જેમજેમ થઈ તેમતેમ તેને લાગ્યું કે માણસના મુખમાંથી બોલતી વખત હ્રસ્વ, દીર્ઘ, મૃદુ, કઠોર, ઉચ્ચ, નીચ એવા અસંખ્ય ધ્વનિ બહાર પડવા છતાં 'તદ્દન સ્વતંત્ર' ધ્વનિઓની સંખ્યા તો ઘણી થોડી અને મર્યાદિત જ છે.


દુનિયાની પ્રાચીનમાં પ્રાચીન ગણાતી ત્રણ લિપિઓ (૧) ઇજિપ્ત દેશની લિપિ, (૨) બૅબિલોનિયા દેશની ને (૩) ફીનીશિયા દેશની. ઇજિપ્ત દેશની લિપિ એટલે ચિત્રાલેખન પદ્ધતિના અવશેષ, કલ્પનાલેખન પદ્ધતિ, અને બહુ જ થોડાં ધ્વનિલેખન પદ્ધતિનાં ચિહ્નો મળીને થએલી લિપિ. તેમાં માછલાં, સિંહ, બાજપક્ષી વગેરેનાં ચિત્ર મળી આવે છે. આજના સીરિયા દેશને પ્રાચીન ગ્રીક-રોમન લોકો ફીનીશિયા કહેતા. ત્યાંની લિપિ અગત્યની છે, કારણ કે પાશ્ચાત્ય વિદ્વાનો માને છે કે આજનાં બધાં સુધરેલાં રાષ્ટ્રોની લિપિઓ એ જ લિપિમાંથી નીકળી છે. ફીનીશિયા દેશ બહુ સમૃદ્ધ ગણાતો અને તેનો વેપાર દૂરદૂરના દેશો સાથે ચાલતો; એટલે પોતાના વેપારની સાથોસાથ ફીનીશિયાના લોકોએ આખી દુનિયામાં ફીનીશિયન લિપિનો પ્રચાર કર્યો.

હિંદુસ્તાનની બધી લિપિઓ બ્રાહ્મી લિપિમાંથી નીકળેલી છે. હ્યુ-એન-ત્સંગ નામનો ચીની પ્રવાસી કહે છે કે બ્રહ્મદેવે હિંદુસ્તાનની વર્ણમાલાની શોધ કરી. પ્રસિદ્ધ અરબી મુસાફર અલ-બેરૂની કહે છે કે એક વખત હિંદના લોકો તેમની વર્ણમાલા તદ્દન ભૂલી ગયા હતા, જે તેમને પરાશર-પુત્ર વ્યાસના દૈવી સામર્થ્યથી પ્રાપ્ત થઈ. પરાશર-પુત્ર વ્યાસનો કાળ ઈ.સ. પૂર્વે ૩૧૦૧ વર્ષ છે. આપણી લેખનકળાની શરૂ-



ઇજિપ્તની ચિત્રલિપિમાંથી આજની અંગ્રેજી લખાતી રોમન લિપિનો ક્રમવિકાસ દર્શાવતો એક નમૂનો. અનુક્રમે : (૧) ઇજિપ્શ્યન ચિત્રાક્ષર હાયેરોગ્લિફ, (૨-૩) તે પરથી થયેલી ઇજિપ્શ્યન લિપિ હાયેરાટિક, (૪) તે પરથી નીપજેલી ફિનીશિયન લિપિ, (૫) તે પરથી થએલા ગ્રીક અક્ષર, (૬) તે પરથી થએલા રોમન ને (૭) આધુનિક અક્ષર A.





ખરોષ્ઠી લિપિમાં અશોકનો શાહબાઝગરીના શિલાલેખ. એ લિપિ ફારસીની માફક જમણેથી ડાબે વાંચવાની છે. પહેલી પંક્તિ ખરોષ્ઠીમાં અને નીચે દેવનાગરીમાં તેનો ઉચ્ચાર આપ્યો છે. જમણી બાજુ બ્રાહ્મી લિપિમાં ગિરનાર ઉપરના અશોકના પહેલો શિલાલેખ (ઈ. સ. પૂર્વે ત્રીજો સૈકો). ઉપરની લીટીઓમાં પહેલી પંક્તિ બ્રાહ્મી લિપિની છે, તેની નીચે બીજી પંક્તિમાં તેનો ઉચ્ચાર દેવનાગરી લિપિમાં દર્શાવ્યો છે, ને ત્રીજી પંક્તિમાં તેનો અર્થ ગુજરાતી લિપિમાં આપ્યો છે.

આત ત્યારથી થઈ. બૌદ્ધોના 'લલિતવિસ્તર' ગ્રંથમાં ૬૪ લિપિઓ વિષે ઉલ્લેખ છે, જેમાં બ્રાહ્મી, ખરોષ્ઠી અને દ્રવીડી એ ત્રણ મહત્ત્વની ગણાતી છે, બ્રાહ્મી લિપિ ગુજરાતી લિપિની માફક ડાબી બાજુથી જમણી બાજુ લખાતી. ખરોષ્ઠી લિપિ ફારસી માફક જમણેથી ડાબી તરફ લખાતી. હિંદુ લોકો ઘણા પ્રાચીન કાળથી જલપર્યટન માટે પ્રસિદ્ધ છે, જાતક ગ્રંથોમાં ભૃગુકચ્છ (ભરૂચ), શૂર્પારક(સોપારા)વગેરે બંદરોનાં નામ મળી આવે છે. હિંદુસ્તાનનો પરદેશ સાથે જાહોજલાલીભર્યો વેપાર ચાલતો. હિંદુઓએ વેપારના બહોળા ફેલાવા સાથે બ્રાહ્મી લિપિનો પણ પ્રચાર આખી પૃથ્વી ઉપર કર્યો. બ્રાહ્મી અને સેમેટિક વચ્ચેના સામ્યનું કારણ બ્રાહ્મી લિપિમાંથી જ સેમેટિક લિપિની ઉત્પત્તિ થઈ એ છે.

વહાણકથા-૩૦

ઈ. ૧૮૧૫ પછીનાં યુદ્ધજહાજો સદી પહેલાંનાં એમનાં પુરોગામીઓ કરતાં ઘણી રીતે જુદાં હતાં. મોરે-વાંઢારે (આગળ-પાછળ) ગઢ જેવી બાંધણીને બદલે હવે સળંગ સપાટ તૂતક બનતાં હતાં. શોભા-શણગાર ઘટી ગયાં હતાં ને તોપખાનું પણ વધુ અસરકારક બન્યું હતું. પહોળાઈ ઘટી હતી. પણ દરિયાખેડમાં એ ઓછાં કામિયાબ સાબિત થયાં. ન્યૂ યૉર્કના બારામાં રક્ષણાર્થે ફ્લ્ટને આવું એક જહાજ ઈ. ૧૮૧૪માં બનાવેલું.



સ્ફિંક્સ

ઈ. ૧૮૨૯માં ફ્રાંસના નૌકાદળ માટે 'સ્ફિંક્સ' નામનું એક જહાજ બંધાયું. તદ્દન જુદી ઢબનું એ જહાજ એ સમયે એના વેગ માટે ઘણું જાણીતું હતું. અલ્જીઅર્સના વિજયના સમાચાર અને પારી(સ)માં પૅલેસ દ લા કૉન્કૉર્ડમાં શોભતા વિરાટ શિલાસ્તંભને છેક ઇજિપ્તથી લઈ આવવાનો એને યશ મળેલો.



બેલ-પોલ

'બેલ-પોલ' નામનું એક બીજું જહાજ પણ ફ્રાંસની જહાજાતના ઇતિહાસમાં જાણીતું છે. લૂઈ ફિલિપની આજ્ઞાથી એના પુત્ર પ્રિન્સ દ જોઈનવિલેના નેતૃત્વમાં ઈ. ૧૮૪૦માં એ જહાજમાં, સેંટ હેલિનામાં અવસાન પામેલા નેપોલિયનના શબને ફ્રાંસ લાવવામાં આવેલું. આ શોક-સફર માટે એ આખું જહાજ કાળા રંગે રંગવામાં આવ્યું હતું.





કોના રંગભવનમાં આજે ઘોર ગભીર મૃદંગ!
બિન શેરી વરસે છે અઢળક ઉર્જ્વલ કિયો ઉમંગ
વીજ ઝબૂકે; અલપઝલપ મુખ કોનું મધુરું દરસે!
ધરતીના હૃદયેથી ઉભરે કોની સૌરભ મીઠી,
લીલી વનરાજીના અંગે પીત ફૂલની પીત,
એક બુંદની ટહેલ, ગગન જગ સભર કરીને વરસે.

—હરીન્દ્ર દવે

પંકજકુમાર મલ્લિક

પંકજ મલ્લિકના નામથી તો લગભગ બધા જ્ઞાત છે. હિંદી ચલચિત્રોમાં એમણે આપેલા સંગીતે એક ઊંચું અને અનોખું ક્ષેત્ર સર્જ્યું છે. અને તેના દ્વારા એમના એક વિશાળ ચાહક વર્ગ ઊભો થયો છે. આ ઉપરાંત પણ સંગીતક્ષેત્રે એમણે કરેલી સેવા ભારત સરકારે એમનું જે બહુમાન કર્યું તે સર્વથા યોગ્ય ઠરે એવી આગવી અને અદ્વિતીય રહી છે.

કલકત્તાના એક મધ્યમ વર્ગના ચુસ્ત વૈષ્ણવ કુટુંબમાં એમનો જન્મ થયો હતો. ઘરઆંગણે વિવિધ ઉત્સવોમાં પ્રસિદ્ધ ગાયકો અને સંગીતકારોના કાર્યક્રમો યોજાતા તેમાંથી એમને સંગીતનો શોખ લાગ્યો. એક પ્રસંગે તેમના સંબંધી સ્વ. દુર્ગાદાસ બૅનરજી અને અન્ય શાસ્ત્રીય સંગીતના રસજ્ઞો સમક્ષ નવયુવાન પંકજે કેટલાંક સુંદર ગીતો ગાયાં. આથી અભિભૂત થઇને સ્વ. દુર્ગાદાસે તેમને 'ક્ષેત્રમોહન સંગીત વિદ્યાલય'માં મોકલવાની ભલામણ કરી. એ એમના કૉલેજ કાળના આરંભના દિવસો હતા. આ જ સમયમાં તેઓ ઠાકુર કુટુંબના પરિચયમાં પણ આવ્યા અને ત્યાં રવીન્દ્ર-સંગીતના નિષ્ણાત શ્રી દિનેન્દ્રનાથ ઠાકુર અને ખુદ ગુરુદેવ ટાગોરનો સ્નેહ મેળવ્યો. પછી તો ભારતીય સંગીતનો અભ્યાસ એ એમનો જીવન-વ્યવસાય બની રહ્યો. અને કલકત્તા રેડિયોસ્ટેશન શરૂ થતાં તેમાં ગાયક તરીકે તેમને સ્થાન મળ્યું.


ઈ. સ. ૧૯૨૪-'૨૯ દરમિયાન 'ઈન્ટર નૅશનલ ફિલ્મ ક્રાફ્ટ' નામની એક પ્રખ્યાત ફિલ્મ નિર્માણ સંસ્થાના સંગીતનિર્દેશક તરીકે તેમણે કામ કર્યું. ૧૯૩૦માં આ સંસ્થા 'ન્યૂ થીએટર્સ લિમિટેડ'માં રૂપાંતર પામી. તેના ઉપક્રમે જે જે ચલચિત્રો પંકજ મલ્લિકના સંગીત દિગ્દર્શનથી પ્રસિદ્ધિ પામેલા તેને તો ભારતની જનતા આજે પણ ભૂલી નથી. 'પિયા મિલનકો જાના', 'ચલે પવનકી ચાલ', 'મહેક રહી ફૂલવારી' આજે પણ વાતાવરણમાં ગુંજતાં સંભળાય છે.

ઈ. ૧૯૩૫માં સ્વ. શ્રી પી. સી. બારુઆની વિનંતિથી 'ડૉક્ટર' અને 'મુક્તિ' ચિત્રોમાં તો તેમણે અભિનેતા તરીકે પણ કામ કર્યું. આ સમયમાં તેમણે ગીતની પંક્તિઓ વચ્ચે સંગીત મૂકવાનો પ્રયોગ કર્યો અને ત્યારથી ચલચિત્રોમાં પાર્શ્વસંગીતના નિર્માણમાં તેમનું સ્થાન અદ્વિતીય બની રહ્યું છે.



કવિવર ટાગોરના બંગાળી ગીતોને પોતાના સુરીલા કંઠે હિંદીમાં વહેતા મૂકીને તેમણે રવીન્દ્ર સંગીતને ભારતભરમાં જાણીતું કરી સંગીતક્ષેત્રે એક અનેરી સેવા બજાવી છે. આમાંનાં કેટલાંક ગીતો તેમણે ફિલ્મોમાં પણ લીધેલાં.

ઈ. સ. ૧૯૨૯માં શ્રોતાઓને હળવા સંગીતની તાલીમ મળે તે માટે કલકત્તા રેડિયો પર દર રવિવારે રેડિયો દ્વારા સંગીત શિક્ષણ આપવાનો તેમણે પ્રયોગ શરૂ કર્યો જેની સફળતા અને લોકપ્રિયતા પણ અદ્વિતીય રહી છે.



૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭

હસ્તધૂનનનો પ્રભાવ

માણસના દેખાવ, રીતભાત, સ્વાભાવિક કે અજાણતાં થતી હીલચાલ, હસ્તાક્ષરો કે વાતચીતની રીતમાં એના વ્યક્તિત્વની ને એની મનઃસ્થિતિની અસર અચૂક વ્યક્ત થાય છે એવું માનસશાસ્ત્રનું માનવું છે. આ રીતે માણસ કોઇને મળે ત્યારે હસ્તધૂનન કરે તેમાં પણ તેના પ્રભાવ અને માનસની અસર જોવા મળે છે. એ કઈ રીતે સામી વ્યક્તિનો હાથ પકડે છે, કેટલો સમય પકડી રાખે છે અને ક્યાં સુધી અને કેવી રીતે હાથ હલાવે છે એ બધું આમાં જોવાય છે. અલબત્ત, હસ્તધૂનન સાથે ચહેરાના હાવભાવ, ઉદ્‌ગાર ને માથું ધુણાવવાની ક્રિયા પણ પૂરક બની રહે ખરી. વળી, ટટ્ટાર ઊભા રહીને, માથું અક્કડ રાખીને, મોં પર ગંભીરતા જાળવીને તથા ધીઘરા કે ઊંચા અવાજે બોલીને પણ માણસ પોતાનો પ્રભાવ વધારવા પ્રયત્ન કરી શકે.

હમણાં થોડા વખત પર ઇંગ્લંડના વડા પ્રધાને અમેરિકાના પ્રમુખની મુલાકાત લીધેલી તે સમયના લંડનના 'સનડે ટાઈમ્સ'માં હસ્તધૂનન પરથી, કેટલીક અગ્રગણ્ય વ્યક્તિઓની મુલાકાતના ફોટોમાં ઊભી થતી છાપ વિષે થોડું લખાણ પ્રકટ થએલું. આ અંગે ઑક્સફર્ડના 'ઇન્સ્ટિટ્યૂટ ઑવ એક્સ્પેરિમેન્ટલ સાયકૉલૉજી'માં કામ કરતા માઈકલ આર્ગિલ નામના એક સામાજિક માનસશાસ્ત્રીએ કેટલાંક તારણો કરેલાં છે. પોતાના કેટલાક મિત્રોને સામાજિક સમારંભમાં શરમાળપણાને લીધે કંઈક એકાકીપણું અનુભવતા જોઈ એમણે આમ અશાબ્દિકપણે પોતાના ભાવો વ્યક્ત કરવાની કેટલીક રીત વિષે સંશોધન આદર્યું હતું. શરમાળ માણસોએ પોતાના ભાવ વ્યક્ત કરવા કે પોતાનો પ્રભાવ બતાવવા આવી કેટલીક યુક્તિઓને મોટર ચલાવવાની આવડત જેવી ગણીને શીખી લેવી જોઇએ એમ તેઓ કહે છે. પણ આવી રીતે કોઈના વિષે ચોક્કસ અભિપ્રાય બાંધી શકાય નહિ. જુદાજુદા દેશની વ્યક્તિઓ મળે ત્યારે તેમની કેટલીક રીતભાતમાં તેમની સાંસ્કૃતિક ભિન્નતાની અસર પણ જોવા મળે જ. દા. ત. લેટિન અમેરિકન માણસ બહુ નજીક આવીને વાત કરશે અને એને એ તદ્દન સ્વાભાવિક લાગશે જ્યારે એટલા બધા નજીક આવવાને અંગ્રેજો વધુ પડતી છૂટછાટ લેખશે. પણ છતાં આ એક સંશોધનનો રસિક વિષય તો છે જ. ક્યારેક આંતર-સાંસ્કૃતિક સમારંભમાં કંઈક ગેરસમજ પણ થઈ જાય. એવું જણાયું છે કે આરબો સાથેના પ્રસંગમાં તમારે એમને વધુને વધુ સ્પર્શ કરવો જરૂરી બની જાય છે. એમને આવા શારીરિક સ્પર્શના પ્રમાણમાં આત્મીયતાનું પ્રમાણ અનુભવાય છે; પણ એસ્કિમો તો અરસપરસ ધબ્બા મારતા જઇને પોતાનો પ્રેમ વ્યક્ત કરે છે.

હસ્તધૂનનનાં કેટલાંક દૃષ્ટાંત આ સાથે આપ્યાં છે. કેટલીક અગ્રગણ્ય વ્યક્તિઓની મુલાકાતના ફોટોગ્રાફ ઉપરથી એ આલેખેલા છે. તે વ્યક્તિઓનાં નામ તથા તેમના હસ્તધૂનનમાંથી મળતું સૂચન ચિત્રાનુક્રમ પ્રમાણે આ મુજબ છે: (૧) હેલ સેલાસી ને પ્રેસિ. જ્હૉનસન: આફ્રિકા અને અમેરિકાની સંસ્કૃતિનું મિલન. આફ્રિકન નેતાનો નાનકડો પંજો અમેરિકા સમ 'મોટાભાઇ'ના હાથમાં ટેકાઈ રહ્યો છે. (૨) રાણી ઇલિઝાબેથ અને પ્રેસિ. નિક્સન: ઇંગ્લંડ અને અમેરિકાની સંસ્કૃતિ. હાથની પકડ તદ્દન સ્વાભાવિક. શિષ્ટાચાર અને બંને વચ્ચેના અંતરનું દર્શન. (૩) જનરલ દ'ગોલ અને નામદાર પોપ: જુજુત્સુના દાવની પકડ નહિ પણ વેટિકનનો રાજદ્વારી શિષ્ટાચાર વ્યક્ત થાય છે. દ'ગોલ ભાગ્યે જ દાખવે એવી પળ. (૪) પ્રેસિ. સ્ટોબોડા અને કોસિગિન: અક્કડ વલણવાળી લોખંડી પકડ. પણ આની સાથે અસરપરસ સ્મિત અને નમન વડે સારી છાપ પડી રહે. (૫) પ્રેસિ. નિક્સન અને હૅરોલ્ડ વિલ્સન: પડખોપડખ ઊભા રહી કરેલા આ હસ્તધૂનનમાં સહકાર દાખવવાનું અશાબ્દિક સૂચન છે. (૬) પ્રિન્સ ફિલિપ અને વિલી બ્રાન્ડ્ટ: યુરોપીઅન ઢબ. સરખેસરખા બળિયાનો શિષ્ટાચાર. (૭) વિલ્સન અને પૉમ્પીદુ: ઍંગ્લો-ફ્રેન્ચ વલણ. પૉમ્પીદુની પકડ વધુ મજબૂત છે, પણ મૂળ ફોટોમાં સ્મિતભર્યા મોંએ ટટ્ટાર રહી વિલ્સને પણ પ્રતિભા જાળવી છે. અજાણતાં જ વ્યક્ત થતાં આવાં અનેક પ્રકારના સૂચનો દ્વારા વ્યક્તિની લાક્ષણિકતા, તેની મનઃસ્થિતિ ને તેના સ્વભાવ વિષે અંદાજ કાઢી શકાય એ ખરું, પણ આટલા જ પરથી કોઈના વિષે કાયમી અભિપ્રાય બાંધી લેવો ક્યારેક તે વ્યક્તિને અન્યાય કર્તા પણ નીવડી શકે. વિષય અલબત્ત, રસમય છે, પણ તેનું પૂરું જ્ઞાન હોવુંયે એટલું જ જરૂરી છે.

ઈ. સ. ૧૯૫૩માં બંગાળના તે સમયનો મુખ્યપ્રધાન ડૉ. બિધાનચંદ્ર રૉયે તેમને રાષ્ટ્રીય મહાસભાની બેઠકમાં નિમંત્રણ આપ્યું. તે સમયે તેમણે પશ્ચિમ બંગાળ સરકારના માહિતી વિભાગના આશ્રયે 'લોકરંજન સંસ્થા' શરૂ કરવાનું સૂચન કર્યું. તેમનો હેતુ આ સંસ્થાના કાર્યક્રમો દ્વારા જનતાને નૃત્ય, નાટક અને સંગીત આદિનું સાંસ્કૃતિક મનોરંજન પૂરું પાડવાનો હતો. આ કાર્યના વિકાસ અને વિસ્તૃત પ્રસારનું જવાબદારી ભર્યું કામ શ્રી પંકજ મલ્લિકને સોંપવામાં આવેલું.

ખૂબ જ વિનમ્ર હોવાને કારણે તેઓ જાહેર જીવનમાં ભાગ્યે જ આગળ પડતો ભાગ ભજવે છે પણ તેમની પ્રતિભા અનન્ય છે. પડછંદ દેહ, ભવ્ય લલાટ, તીક્ષ્ણ નયનો અને મુખ પર વિલસતું મૃદુ હાસ્ય તેમના વ્યક્તિત્વને નિરાળું રૂપ આપે છે. તેમની વાણી મીઠી, નમ્ર અને રણકારથી વિભૂષિત છે. ગાયક હોવા ઉપરાંત તેઓ એક ઉચ્ચ કોટિના વિદ્વાન છે. વેદ, પુરાણ, ઉપનિષદ્ અને બીજા કેટલાક સંસ્કૃત ગ્રંથોનું તેઓ ઊંડું જ્ઞાન ધરાવે છે. પાશ્ચાત્ય-સંગીતનું પણ તેમને એવું જ જ્ઞાન છે. વૈષ્ણવધર્મમાં પૂર્ણ શ્રદ્ધા અને ધાર્મિક વૃત્તિએ તેમને તત્ત્વજ્ઞાની બનાવ્યા છે. ઘરમાં શ્રી જગન્નાથની સ્થાપના હોઈ રોજ એક કલાક તેઓ દેવસેવામાં અને અધ્યયનમાં ગાળે છે. આ તેમનો એકાંતનો સમય હોવાથી ત્યારે કોઇને યે મળતા નથી. ત્યાર બાદ મુલાકાતીઓને મળે છે અને પત્રવ્યવહાર સંભાળે છે. તે પછી ભોજન અને થોડી વિશ્રાંતિ લઇને તેઓ ઑફિસમાં જઇને ત્યાંનું કાર્ય સંભાળે છે, તથા જાહેર અને સરકારી કાર્યક્રમો અંગેનું આયોજન કરે છે. સાંજે તેઓ પોતાના અંગત કાર્યક્રમોનું આયોજન કરે છે. ઊગતા સંગીતકારોને તેઓ હમેશાં પ્રોત્સાહન આપે છે. મશહૂર ગાયક-અભિનેતા સ્વ. કુંદનલાલ સાયગલને આગળ લાવવામાં તેમનો મોટો ફાળો હતો.

તેઓ માત્ર સંગીતજ્ઞ જ નથી પરંતુ રસજ્ઞ પણ છે. તેથી જ તેઓ કાવ્યના રસને પિછાની તેના સમસ્ત ભાવને પ્રેક્ષકો સમક્ષ તાદૃશ્ય ખડો કરે છે. તેમનું સંગીત માત્ર સ્વરોચ્ચારનો વ્યાપાર જ નથી, પરંતુ તેની સાથે આત્માનો સંગમ થતો હોવાથી તે માનવહૃદયની ઊર્મિઓને સ્પર્શે છે અને ઉષ્મા આપે છે.

વિજ્ઞાનના સ્નાતક થયા પછી વ્યવસાયનાં પ્રલોભનોને અવગણીને

એમણે પોતાનું સમસ્ત જીવન સંગીતકલાને ચરણે ધર્યું છે. જનતાને ઉચ્ચ સ્તરનું સંગીત પ્રદાન કરવું તે એમનું સૌથી વિશિષ્ટ કાર્ય રહ્યું છે. ૬૫ વર્ષની વયે પણ અવિશ્રાંત ગાઈને તેઓ શ્રોતાઓને સંગીતની જે લ્હાણ આપે છે તે કદી ભૂલી ન શકાય તેવી છે. આવા ઉચ્ચ કલાકારનું રાજદ્વારે બહુમાન થયું એ સર્વથા યોગ્ય છે. —મધુરિકા નાણાવટી

'ક્યુરી'

માદામ ક્યુરીનું નામ તો જાણીતું છે. રેડિયમની શોધ એમણે કરી હતી. એમના પતિ ગાડીના અકસ્માતમાં અકાળ અવસાન પામેલા. આ ક્યુરી દંપતીનું નામ અમર કરવા કિરણોત્સર્ગના માપના એકમને 'ક્યુરી' કહેવામાં આવે છે. દર ક્ષણે એક કિરણોત્સર્ગી પદાર્થમાંથી કેટલા અણુ-ઓનું વિસર્જન થાય છે તે આ માપ દર્શાવે છે. આમ, એક ક્યુરી કિરણો-ત્સર્ગ એટલે એક સેકંડમાં ૩૩,૦૦,૦૦,૦૦,૦૦૦ અણુઓનું વિસર્જન. આથી ઓછી સંખ્યા દર્શાવવા 'મિલિ ક્યુરી' ને 'માઇક્રો-ક્યુરી' નામના પેટા એકમ પણ નક્કી કરેલા છે. એક ગ્રામ રેડિયમમાં એક ક્યુરી કિરણોત્સર્ગ થાય છે. આવા કિરણોત્સર્ગી અણુઓનું સંપૂર્ણ વિસર્જન થઈ જાય ત્યારે યુરેનિયમ સીસામાં ફેરવાઈ જાય છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘની 'એફ.એ.ઓ.' શાખાનો અંદાજ છે કે દુનિયાભરમાં પેદા થતાં ખાદ્યોનો વાર્ષિક જે બગાડ થાય છે એના માત્ર દસ જ ટકા પણ જો બચાવી લેવાય તો યે દુનિયાભરના લોકોને પર્યાપ્ત પોષણ મળી રહે.

ભારતીય સમાચારપત્રો છેલ્લા એકાદ દાયકામાં બેવડી સંખ્યામાં વધી ગયાં છે. આજે લગભગ ૬૦૦ ઉપરાંત દૈનિક પત્રો પ્રકટ થાય છે. એમાંનાં ૪૦ ટકા જેટલાં તો દિલ્હી અને બીજાં છ મુખ્ય શહેરોમાંથી જ નીકળે છે.



← દશાંશ ચલણ પ્રમાણેની કિંમત વાળી ૧૦, ૨૦ અને ૫૦ નવા પેન્સ-ની બ્રિટનની પ્રથમ ત્રણ નવી ટપાલ-ટિકિટો આ માસની ૧૭ તારીખે બહાર પડશે. કિંમત અને રંગના ફેર સાથે આ ત્રણે ટિકિટો પર-ની છાપ એકસરખી અને હાલની ચાલુ ટપાલટિકિટો જેવી જ છે.

અનુસંધાન] **ગુરુ નાનક** [પૃ. ૨૨૫ પરથી

ખંડને સમજાવતાં તેઓ મનુષ્યના આચરણ પર ભાર મૂકે છે. એમનું કહેવું છે કે, 'ઈશ્વર માનવીના આચરણ પરથી એનો ન્યાય તોળશે. આથી પ્રત્યેક માનવીએ વિશુદ્ધ નીતિમાન જીવન જીવવું જોઈએ.' જ્ઞાનખંડ વિષે એઓ કહે છે કે, 'ઈશ્વરજ્ઞાનથી વિવિધ ભક્તો ઉચ્ચતમ બની શકે છે. જ્ઞાનનો અર્થ ધર્મશાસ્ત્રોનું પોપટિયું જ્ઞાન નહીં પણ અનુભૂતિજન્ય આત્મિકજ્ઞાન' એવો નાનકનો મત છે. પ્રત્યેક માનવીમાં રહેલ પ્રભુનું જ્ઞાન એ જ સાચું જ્ઞાન છે. વળી, ઇશ્વર સર્જક છે, એ જ જીવનદાતા છે એ વાતનો સ્વીકાર કરવો એ જ સમ્યક્ જ્ઞાન છે. આધ્યાત્મિક ખંડમાં તેઓ સમાધિ અને આંતરજાગૃતિ પર ભાર મૂકે છે. મનુષ્યનો આ તબક્કો વૈખરી દ્વારા વર્ણવી શકાય તેવો છે. અનુભૂતિજન્ય મૂક આનંદની આ કોટિ છે. આથી ઉચ્ચતમ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને ઈશ્વરકૃપાથી નિર્વાણપદને પામી શકાય છે.

ચોથો તબક્કો છે સચખંડનો. નાનક કહે છે કે, 'સર્વત્ર ઇશ્વરનો વાસ છે અને એ મનુષ્યને નિહાળે છે. આ સત્યસાક્ષાત્કાર થતા સાન્તનું જોડાણ શક્ય બને છે. આ અંતિમ અને પૂર્ણ તબક્કો છે કે જ્યારે ભક્ત નિર્વાણપદ પ્રાપ્ત કરે છે.'

ત્રીજી વાત એમણે માનવપ્રેમની કરેલી છે. એ કહે છે કે આપણે સૌ એક જ ઇશ્વરના સંતાનો છીએ અને તેથી ભાઇઓ છીએ. કોઈ ઉચ્ચ નથી કોઈ નીચ નથી. ઊંચનીચના ભેદ તો માનવસર્જિત છે. મનુષ્ય પોતાનાં કર્મોથી ઊંચ કે નીચ ગણાય છે. માનવસેવા એ ઉત્કૃષ્ટ કક્ષાની પ્રભુપ્રાર્થના છે. એઓ કહે છે: 'આ વિશ્વમાં સેવાપરાયણ થાઓ અને તમને સ્વર્ગમાં સ્થાન મળશે.' એમને કહેવું છે કે આત્મજ્યોતિ સિવાય સઘળું મિથ્યા છે. જે પ્રેમ કરે છે તે જ જીવે છે. ઝભ્ભા પર પડેલો લોહીનો ડાઘ ઝભ્ભાને બગાડે છે તો જેઓ મનુષ્યનું લોહી ચૂસે છે તેમનાં હૈયાં વિશુદ્ધ કઈ રીતે રહી શકે? સાચો માનવધર્મ એમણે આ રીતે સમજાવ્યો છે: 'કોઈનું બૂરું ઇચ્છશો નહિ. આ છે વૈચારિક અહિંસા. કોઈના વિષે કટુ વેણ ઉચ્ચારશો નહિ, આ છે વાણીની અહિંસા. કોઈના કામમાં વિઘ્ન નાખશો નહિ, આ છે ક્રિયાશીલ અહિંસા. કોઈ તમારું ખરાબ બોલે તો તેને ક્ષમા આપો. શારીરિક, માનસિક અને આત્મિક સહનશીલતા આચરો. તમારા જીવનના ભોગે પણ પીડિતોને સહાય કરો.' સ્ત્રીઓને સમાજમાં સમાનાધિકાર આપવાની પણ એમણે હિમાયત કરેલી. તેઓ કહેતા કે મહાપુરુષોને જન્મ આપનાર સ્ત્રીઓને ન ધિક્કારો.

ઈશ્વર વિષેનું એમનું ચિંતન મૌલિક હોવા છતાં ય, ઉપનિષદ, ઇસ્લામ, કબીર, ભક્તિ-સંપ્રદાય આદિથી પ્રભાવિત થએલું હતું. તેઓ એકેશ્વરવાદમાં માનતા હતા. ઇશ્વર સર્વવ્યાપી, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન છે એમ એમની દૃઢ શ્રદ્ધા હતી. ઇશ્વર ભાવના નથી પણ હકીકત છે. ઇશ્વર અનાદિ અનંત છે, નિરાકાર-નિરંજન છે. એ દયાળુ, ઉદાર, સત્યમ્-શિવમ્-સુંદરમ્ છે. 'જપજી'માં એ કહે છે કે ઇશ્વરની ઈચ્છાને આપણી બનાવવાથી, ઇશ્વરસ્મરણથી અને એની કૃપાથી મોક્ષ મળે છે. ભક્તિ દ્વારા ઇશ્વર સાથેના તાદાત્મ્યથી માણસ સંસારનાં અવિરત ફરતા ચક્રમાંથી મુક્ત થઈ શકે છે. એમના મત પ્રમાણે ઈશ્વર પાસે પહોંચવાના ચાર માર્ગ છે: પવિત્ર ધ્યાન, સત્ય, સંતોષ અને ઈંદ્રિયનિગ્રહ. ઈશ્વરને માટે એ પરમ પુરખ, પરબ્રહ્મ, પ્રભુ, હર, અકલ પુરખ, મહાપુરખ, પરમશર, નાથ, નિરાકાર, ગુરુદેવ, અલ્લાહ, રહીમ, કરીમ વગેરે વિશેષનામોનો ઉપયોગ કરે છે. આ રીતે ઇશ્વરને અપાએલું સાંપ્રદાયિક સ્વરૂપ ટાળવાનો નાનકે ખૂબ પ્રયાસ કર્યો છે.

ધર્મ વિષેના એમના વિચારો ધર્મના તત્ત્વને પ્રગટ કરે છે. કર્મકાણ્ડ, રૂઢિઓ, વહેમો, બાહ્યાચારો, બાહ્યચિહ્નો કે વેશમાં ધર્મ આવી જતો નથી. ધર્મ શબ્દનો બનેલો નથી. સાચો ધર્મ સર્વ પ્રત્યે સમભાવ શીખવે છે. તેઓ કહે છે ધર્મ તો પ્રેમની પ્રેરણા છે. આથી ધર્મ વ્યક્તિવ્યક્તિ વચ્ચે ઘૃણા નહિ પણ પ્રેમનું સ્થાપન કરે છે અને આથી જ અસહિષ્ણુ સંકુચિત સાંપ્રદાયિકતા પર એમણે પ્રહારો કરેલા છે. ધર્મના આચરણ માટે જીવનની પવિત્રતા અને ઉદાત્તતા, સદ્ગુણી કૃત્યો અને માનવજાતની સેવા જરૂરી છે. ધર્મને નામે ચાલતા મૂર્તિપૂજા, જડ ઉપાસના, અર્થહીન યાત્રાઓ, દંભી સંસ્કારો વગેરેનો એમણે વિરોધ કર્યો હતો. એ વખતે સંકુચિત બની ગએલા જડ બ્રાહ્મણ ધર્મની નાગચૂડમાંથી હિંદુ ધર્મને છોડાવવાનું ભગીરથ કાર્ય કર્યું હતું. આ રીતે એમણે હિંદુ ધર્મને સરળ બનાવ્યો. પરિણામે નાનકના શિષ્ય સમુદાયની સાહજિક માગમાંથી શીખ સંપ્રદાયનો જન્મ થયો અને ગુરુ નાનક એના સ્થાપક ગણાયા.

ધર્મ અને ઇશ્વરની વાતો કરનાર નાનકની નજર સમક્ષ તો સદાય હતાં વ્યક્તિ અને સમાજ. વ્યક્તિગતજીવનને ઉચ્ચતર બનાવવા એમણે જીવનભર પ્રયાસો કર્યા હતા. માટે તો તેઓ કહે છે: 'જ્ઞાનને તમારી માતા, સંતોષને તમારો પિતા અને સત્યને તમારો ભાઈ બનાવો.' અહમ્ વ્યક્તિના વિકાસને અવરોધે છે માટે સૌપ્રથમ એ અહમ્‌ને ઓગાળી નાખવો જોઈએ. આ માટે આત્મજ્ઞાન એ જ સાચી અભિજ્ઞાનો આરંભ બની રહે છે. આત્માની આ પરમ યાત્રામાં ગુરુ માર્ગદર્શક બની રહે છે. મનુષ્યજીવનમાં રાગ અને ત્યાગ, ઐહિક ને પારલૌકિક, પાર્થિવ ને આત્મિક પ્રવૃત્તિઓ વચ્ચે સંવાદિતા સાધવાનો ગુરુનાનકનો પ્રશસ્ય પ્રયાસ હતો.

વ્યક્તિ સુધારણાની જેમ સામાજિક સુધારણાની દિશામાં પણ નાનક ક્રાંતિકારી હતા. તત્કાલીન અને પ્રાચીન રૂઢિઓને નવું સ્વરૂપ આપી એમણે સામાજિક ક્રાંતિ આણેલી. સમાજને એમણે એક નવો સુવ્યવસ્થિત ધર્મ આપ્યો. પરિણામે કોમવાદરહિત વ્યવસ્થિત સમાજ સ્થાપવા તરફ એમણે આજીવન પ્રયાસો કર્યા. આથી જ એક સ્થાને ડૉ. નિહારરંજન રે કહે છે: **'Neither the leaders of the Bhakti movement nor of the Nathapantha and the Sant synthesis attempted to do what Guru Nanak did, not in any systmatic manner, at any rate.'** જે વ્યક્તિઓ ધર્મને નામે સમાજથી અળગી પડી, વ્યક્તિગત મોક્ષભાવનાથી દૂરદૂરની ગુફાઓમાં પુરાઈ રહેતી તે નાનકને પસંદ નહોતી કારણ કે આવી વ્યક્તિઓ પોતાના પર જ ભાર મૂકતી અને એમને જનસમુદાયના ઉત્થાનની પડી નહોતી આથી જ એમણે ઐહિક જીવન અને સાધક જીવન વચ્ચે સમન્વયનો માર્ગ અપનાવ્યો હતો. તેઓ માનતા કે જ્યારેજ્યારે સમાજમાં માનવીય વ્યવહારોને અનિષ્ટ અને અજ્ઞાન ઘેરી લે છે ત્યારેત્યારે નીતિ અને અજ્ઞાન આપણી વહારે ધાય છે એ આધ્યાત્મિક સત્ય છે. સમાજના દબાએલા-કચડાયેલા વર્ગ પ્રત્યે એમને અપાર કરુણા હતી. એઓ કહેતા: 'હું તો અધમોમાંના અધમોની સાથે છું, ઉચ્ચોથી મારે શું? જેઓ અધમો પર કૃપાદૃષ્ટિ રાખે છે તેના પર ઇશ્વરની મહેર વરસે છે.' સમાજમાં કોઈ વ્યક્તિનો એમને વિરોધ નહોતો, પરંતુ સમાજમાં વ્યાપેલ અન્યાય, અસત્ય, અનીતિ, અત્યાચાર, અસૂયા, અધર્મ સામે એમના અકળાઈ ઊઠેલા આત્માના પુણ્યપ્રકોપનો આર્તનાદ હતો.


ગુરુ નાનકની આવી પ્રતિભા કોળવા પાછળ બ્રાહ્મણ હિંદુવાદ, ઉપનિષદો, વજ્રયાન અને સહજયાન, સંતો અને વૈષ્ણવ ભક્તો, કબીર અને નાથપંથીઓ, વેદ અને ઈસ્લામ સૌનો ફાળો નોંધપાત્ર છે. આ બધા વિચારોને તેઓ વ્યક્તિગત અનુભૂતિમાંથી પસાર થવા દઈ પોતાની કલ્પનાશક્તિ અને બુદ્ધિપ્રતિભાથી ચકાસતા અને પછી જ સ્વીકાર કરતા. પરિણામે એમની વિચારધારામાં જ્ઞાન, ભક્તિ અને કર્મનો ત્રિવેણી સંગમ થયો હતો. આવા ગુરુ નાનક સત્યાન્વેષક, એકેશ્વરવાદી પરમ જ્ઞાની ભક્ત, ક્રિયાશીલ રહસ્યવાદી, સમન્વયકારી ઉદ્બોધક, સમાજ અને ધર્મસુધારક, અજબ માનવતાપ્રેમી, નિર્મમ ગૃહસ્થી સંત એવી વિવિધ પ્રતિભા ધરાવતા મહામાનવ હતા. આજે પાંચસો વર્ષ પછી પણ એમની આ પ્રોજ્જ્વલ પ્રતિભા વ્યક્તિ અને સમાજને ઉચ્ચતર માર્ગે દોરતી રહો એ જ એમને સાચી અંજલિ હોઈ શકે. □



કાંગડા પ્રદેશ પર ઘેરાતાં વાદળ - ફોટોકલાકાર: આર. આર. ભારદ્વાજનું એક મનોરમ દૃશ્યચિત્ર

શતરંજનો કોયડો-૬

T. B. GORGIEV



આ મહિને આપણે ફરી એક End-game study જોઈશું. અહીં સફેદે રમવાનું છે અને ડ્રૉ મેળવવાનો છે. વાચકોએ ઉકેલની મુખ્ય લાઈન ઉપરાંત અગત્યના વિકલ્પો પણ આપવાના રહેશે.

સ્થિતિ: 3kb2R/8/7N/4P3/3P3p 1k6/P4b2/8.

ઉકેલ મોકલવાની છેલ્લી તા. ૩૧–૭–'૭૦ પરદેશમાં વસતા વાચકો માટે ૩૧–૮–'૭૦.

ઉકેલ મોકલવાનું સરનામું:

Suresh M. Mody, 6/9 Kandhari Colony, Chembur, Bombay-71AS.

કોયડા-૩ (માર્ચ ૧૯૭૦)નો ઉકેલ:

સ્થિતિ: 2R5/ kpb1P1P1/1p6/1P 6/K7/24.

કોયડો: સફેદે રમવાનું અને ત્રણ ચાલમાં મ્હાત કરવાનું.

ચાવીની ચાલ: 1 R–KR8 (૩ ગુણ)

ધમકી: નથી. ચાવીથી કાળો Zugzwang માં મુકાય છે. (૧ ગુણ)

વિકલ્પો: ૧) If 1..., B–Q1; 2 P×B (=B)! K–N1 or K–R1; 3 B×P dis. ch. and mate (૨ ગુણ)

૨) If 1..., B–Q3; 2 P–N8(=Q) અને 3 Q–R8 mateની ધમકી છે. હવે જો 2..., B–N1; તો 3 Q×B mate (૨ ગુણ)

૩) If 1..., B–K4; 2 P–K8(=Q) અને 3 Q–R8 mateની ધમકી છે હવે જો 2..., B–N1; તો 3 Q×B mate (૨ ગુણ)

G. Leon Martinનો આ કોયડો બે જુદાજુદા મધ્યવર્તી વિચારો દર્શાવે છે.

પહેલા વિકલ્પમાં Indian Theme બતાવાયો છે ને તેમાં તેનાં બધાં લક્ષણો છે: ૧) સફેદની પહેલી ચાલમાં હાથી Critical ખાના (અહીં કાળાનું Q1) ઉપરથી પસાર થાય છે; ૨) કાળાની પહેલી ચાલથી Stalemateની શક્યતા ઊભી થાય છે; ૩) સફેદની બીજી ચાલમાં પ્યાદાનો ઊંટ બનાવીને Stalemate થતો અટકાવાય છે ને રાજાને ફરજિયાત હાથીની લાઈનમાં ચાલવું પડે છે; ૪) છેલ્લે ઊંટ હાથીની લાઈનમાંથી ખસી જઈને Discovered check આપીને મ્હાત કરે છે.

વિકલ્પ ૨ અને ૩માંના જે મધ્યવર્તી વિચાર છે તેને Turtor Doubling. કહે છે. રાજા ઉપર હુમલો કરવામાં એક લાઈનમાં વજીર અને ઊંટ કે વજીર અને હાથી હોય અને તેમાં ઊંટ કે હાથી આગળ હોય તો ફક્ત શેહ આવતી હોય પણ જો વજીર આગળ હોય તો મ્હાત થતી હોય એવા દાખલા રમતમાં ઘણી વાર જોવા મળે છે આવા સંજોગોમાં તેનો ક્રમ ઉલટાવી શકાય તો મ્હાત જલદી કરી શકાય. આ વિચારને કોયડાના સ્વરૂપમાં બતાવાય તો તેને Turtor Doubling કહે છે.

વિકલ્પ ૨ કે ૩માં પહેલાં જ પ્યાદાનો વજીર બનાવવામાં આવે તો હાથી આગળ ને વજીર પાછળ પડી જાય માટે હાથી એકદમ પાછળ ખસી જાય છે અને પછી વજીર બનાવાય છે. જેથી વજીર આગળ રહે. હવે ક્રમ બદલાઈ જાય છે અને તેથી મ્હાત શક્ય બને છે.

ઉકેલ મોકલનારનાં નામ તથા તેમણે મેળવેલા ગુણ: (કુલ ગુણ ૧૦)

(૧) ડૉ. ઇન્દ્રવદન મોદી-ભાવનગર, (૨) મહેન્દ્ર મહેતા-ભૂજ અને (૩) પી. જે. પંડ્યા-રાણાવાવ, દરેકના—૧૦ ગુણ, (૪) મહેન્દ્ર મહેતા-મુંબાઈ, (૫) મહેન્દ્ર રાવળ-ભાવનગર, (૬) દિલીપ આહલપારા-ભાવનગર—દરેકના ૯ ગુણ (૭) નિખીલેશ દેસાઈ-સુરેન્દ્રનગર—૮½ ગુણ (૮) બુહરભાઈ ચાવડા-વિરમગામ, (૯) દિનેશકુમાર પંચમતિયા-રાજકોટ, (૧૦) નટવરલાલ સૌદેરિયા-અમદાવાદ ને (૧૧) બિપિન પટેલ-અમદાવાદ—દરેકના ૮ ગુણ, (૧૨) અક્ષયકુમાર વૈદ્ય-ભૂજ—૭½ ગુણ, (૧૩) લક્ષ્મણ હરિરામ-અમદાવાદ અને (૧૪) કિશોર ગાંધી કાલાવડ—બન્નેના ૭ ગુણ, (૧૫) એસ. ટી. સોલંકી. અમદાવાદ અને (૧૬) માણેકજી લોડાયા-મુંબઈ—બન્નેના ૬½ ગુણ, (૧૭) ચંદ્રશેખર ઉપાસની-વાઘોડિયા ૫½ ગુણ (૧૮) કલ્યાણભાઈ મુલિયા-વિરમગામ—૪ ગુણ, (૧૯) ડૉ. એમ. બી. મોતીવાલા-અમદાવાદ અને (૨૦) સુધીરકુમાર ભટ્ટ-ભાવનગર—બન્નેના ૩ ગુણ (૨૧) હરિકૃષ્ણ સેવક-વિપલોદ, (૨૨) મહેન્દ્રકુમાર તખાણીયા-ભાવનગર, (૨૩) મહેન્દ્ર ત્રિવેદી-કલોલ, (૨૪) હેમન્ત આચાર્ય-રાજકોટ ને (૨૫) ગિરીશ માંકડ-અમદાવાદ—દરેકના ૦.

આ માસ (જૂન) ઇતિહાસમાં

તા. ૮, ૧૮૬૯ વીસમી સદીના એક અગ્રિમ સ્થાપત્યવિદ્ ફ્રૅંક લૉઈડ રાઈટનો જન્મ. એમણે લગભગ ૮૦૦ મકાનોની રચના કરેલી. એક ધોધ પર ઝળુંબતું 'ફૉલિંગ વૉટર' નામનું એક ઘર, જાપાનમાં વારંવાર થતા ધરતીકંપ સામે સુરક્ષિત રહી શકે એ માટે કૉંક્રીટના નવા જ પ્રકારના ટેકા તથા પાયામાં પોચા ગારાની ગાદીઓવાળી ટોકિયોની 'ઇમ્પિરીઅલ હૉટેલ', અને ન્યૂ યૉર્કમાં છ માળ જેટલું ઊંચું પણ નીચેથી છેક ઉપર સુધી સળંગ એક વિચિત્રાળું ગોળાકાર 'ગુગનહાઈમ મ્યૂઝિયમ' વગેરે ઈમારતો પણ એમની સર્જક કલ્પનાશક્તિનાં ઉત્તમ ઉદાહરણો છે. ઈ. ૧૯૫૯ના ફેબ્રુઆરીમાં એમનું અવસાન થયું.



(નીચે : એમણે બાંધેલું 'ફૉલિંગ વૉટર' મકાન)




તા. ૯, ૧૮૭૦ સમકાલીન સમાજનો આબેહૂબ ખયાલ આપતી અંગ્રેજી નવલકથાઓના જગવિખ્યાત લેખક ચાર્લ્સ ડિકન્સનું નિધન. આ વર્ષે એની મૃત્યુતિથિને એક સો વર્ષ થાય છે. પંદરમે વર્ષે કારકુનીથી આરંભીને પછી નાટકમાં જવાની ઇચ્છા બર ન આવતાં ખબરપત્રી અને તે પછી લેખક થયા. 'બૉઝ'ના તખલ્લુસથી એમણે રમૂજી શબ્દચિત્રો લખેલાં. 'ધ પોસ્થ્યુમસ પેપર્સ ઑવ ધ પિકવિક ક્લબ', 'ઑલિવર ટ્વિસ્ટ', 'નિકોલસ નિકલ્બી',



'ઓલ્ડ ક્યુરીઑસિટી શૉપ', 'બાર્નબી રજ', 'માર્ટિન ચઝલવિટ', 'એ ક્રિસ્ટમસ કૅરોલ', 'ડેવિડ કૉપરફીલ્ડ', 'બ્લીક હાઉસ', 'લિટલ ડૉરિટ', 'એ ટેઈલ ઑવ ટૂ સિટીઝ', 'ગ્રેઈટ એક્સ્પેક્ટેશન્સ', 'અવર મ્યુચ્યુઅલ ફ્રેન્ડ' અને છેલ્લે અધૂરી રહેલી 'એડવિન ડ્રૂડ' એ એની વિખ્યાત કૃતિઓ છે. લેખન ઉપરાંત 'હાઉસહોલ્ડ વર્ડ્ઝ' અને 'ઑલ ધ ઈઅર રાઉન્ડ' નામે બે પત્રો પણ તેમણે ચલાવેલાં. 'ડેઈલી ન્યૂઝ'ના એ પ્રથમ તંત્રી હતા. સ્વભાવે લાગણીપ્રધાન, ન્યાયને ખાતર લડી લેનાર, પોશાકની બાબતમાં અત્યંત ચીવટવાળા ને અહંકારીના ચાહક ડિકન્સે પોતાના જમાનાની સામાજિક ઉત્ક્રાંતિનાં બધાં પાસાંને વિસ્તારથી પોતાની કૃતિઓમાં નિરૂપ્યાં છે. વિવિધ લાક્ષણિકતાવાળાં એમણે સર્જેલાં પાત્રો સાહિત્યજગતમાં અમર બની રહ્યાં છે. એની કેટલીક કૃતિઓ પરથી ચલચિત્રો પણ ઊતર્યાં છે.

તા. ૧૯, ૧૯૧૦ અંદર ભરેલા વાયુને આધારે ઊડતા હવાઈ જહાજોનો નિયમિત વ્યવહાર સ્થપાયો. આગળ જતાં બર્લિનથી લેઈક કૉન્સ્ટન્સ વચ્ચે હવાઈ જહાજોનાં નિયમિત ઉડ્ડયનો આરંભાયાં. 'ગ્રાફ ઝેપલિન' નામના એક હવાઈ જહાજે યુરોપ-અમેરિકા વચ્ચે અનેક ફેરા ને એક



આરંભકાળનું એક બલૂન-હવાઈ જહાજ

વાર પૃથ્વીની પ્રદક્ષિણા કરી. પહેલા વિશ્વયુદ્ધમાં બૉંબ વરસાવવામાં પણ તેનો ઉપયોગ થયો. પણ અંદર ભરાતા દહનશીલ વાયુઓને કારણે તથા યાંત્રિક વિમાનોના વિકાસથી બલૂનોનો યુગ આથમી ગયો.

તા. ૨૯, ૧૫૭૭ પોતાની પાછળ લગભગ ૧૨૫૦ જેટલી સુંદર ચિત્રકૃતિઓ મૂકી જનાર ખ્યાતનામ ચિત્રકાર સર પીટર પૉલ રૂબેન્સનો જન્મ. નિર્દોષ મુખભાવ છતાં ઉત્તેજક સ્ત્રીદેહનાં એના જેટલાં ચિત્રો કદાચ કોઈએ કર્યાં નથી. જિસસ ક્રાઈસ્ટને પણ એના જેટલી નજાકતથી કોઈએ ચીતર્યા નથી. એના રંગ અને આકારની લયબદ્ધતા ઉત્તમ ગણાય છે. રાજ્યના એલચી તરીકે પણ સરસ કામ કર્યું, જે બદલ ઇંગ્લંડ અને સ્પેઇને એને ઉમરાવપદ આપેલું. પોતાને મળતાં અનેક કામને પહોંચી વળવા એ બીજા ચિત્રકારોની સારા પગારે મદદ પણ લેતો. પોતાની કૃતિઓ દ્વારા એણે નેધરલૅન્ડ્ઝમાં એ જમાનાને એક અજબ ભવ્યતા આપી છે.

નીચે : વધસ્તંભ પરથી ઉતારાતા ક્રાઈસ્ટ - રૂબેન્સની એક કૃતિ



મુશ્કેલીમાં મિત્રની ખરી કસોટી થાય,
હીરો સંઘાડે ચડે તો જ ચમક પરખાય.

મૂશળધાર વરસતી એક ઘનઘોર રાત્રે સંત એકનાથના મકાનનાં બારણાં ઠોકાયાં. લખવાનું પડતું મૂકી બારણું ઉઘાડતાં જોયું તો ચાર અતિથિઓ. સંતે તેમને સત્કારીને ઘરમાં જઈ પત્નીને રસોઇ તૈયાર કરવાનું કહેતાં પત્નીએ મુશ્કેલી રજૂ કરી કે ઘરમાં લાકડાં નથી અને કાલે આવેલી ભારી તો બહાર વરસાદમાં પલળી ગઈ હશે. ક્ષણભર વિચાર કરી, પત્નીને રસોઈની તૈયારી કરવાનું કહી, સંતે થોડી વારે સૂકાં લાકડાંનો ઢગલો લાવી પત્ની આગળ મૂક્યો.

વરસાદબંધ પડ્યો અને અતિથિઓ ભોજન લઈ વિદાય થયા એટલે એકનાથ ઓરડામાં જઈ ભોંય પથારી નાખી લાંબા પડ્યા. પતિને ખાટલાને બદલે ભોંય સૂતેલા જોઈ આશ્ચર્ય પામતી પત્નીને સંતે હસતાંહસતાં કહ્યું : 'તેં રસોઈ કરી તે લાકડાં શાનાં હતાં?' પતિની આતિથ્યશીલતાએ પત્નીને સ્તબ્ધ કરી દીધાં.

ગણિત-ગમ્મત

$$૩\div૧=૩$$
$$(૪+૫)\div(૧+૨)=૩$$
$$(૫+૬+૭)\div(૧+૨+૩)=૩$$
$$(૬+૭+૮+૯)\div(૧+૨+૩+૪)=૩$$
$$(૭+૮+૯+૧૦+૧૧)\div(૧+૨+૩+૪+૫)=૩$$

કોચીનની સેન્ટ્રલ સ્કૂલના ૧૩ વર્ષના વિદ્યાર્થી મિત્રદાસે એવું પારણું બનાવ્યું છે જેમાં સૂતેલું બાળક રડતાં જ તે હિંચોળાવા માંડે છે! પોતાની નાની બેનને હિંચોળતાં આવેલી એ કલ્પનાને સાકાર કરવા માટે દક્ષિણ વિભાગની શાળાઓના વિજ્ઞાનમેળામાં તેને પ્રથમ ઈનામ મળ્યું છે.



દક્ષિણધ્રુવ નજીક લિટલ અમેરિકા નામના સ્થળે ઈ. ૧૯૫૪માં શોધસફરીઓને મળી આવેલાં આઠ વર્ષ પૂર્વે દટાએલાં બિસ્કિટ તે જ દિવસે બન્યાં હોય એવાં તાજાં જણાયાં હતાં.




મહારાષ્ટ્રના પ્રસિદ્ધ ક્રાંતિકારી અને હિંદુ-સભાના પુરસ્કર્તા વિનાયક દામોદર સાવરકરના માનમાં ગઈ ૨૮ મેએ બહાર પડેલી ભારતની ખાસ ટપાલટિકિટ, જેમાં એમની તસ્વીર પાછળ જ્યાં એમણે લાંબો કારાવાસ ભોગવેલો એ આંદામાનની જેલનું આલેખન છે.



કલાકણિકા : છે તો માત્ર બારણું ઠોકવાનું કડું, પણ ઘરધણી આવે ત્યાં સુધી રાહ જોતા આગંતુકની આંખને તૃપ્તિ આપવા ગઈ સદીના ઇંગ્લંડના કારીગરોએ ધાતુમાં કેવી કલા ઉતારી છે!

કહેવતોના અર્થ : 'વાણિયો ભાંગ્યો દલાલ, ને પારસી ભાંગ્યો કલાલ'—સામાજિક ખાસિયતનું નિદર્શન કરતી આ કહેવત સ્પષ્ટ છે. વેપારમાં નિષ્ફળ ગએલો વાણિયો દલાલનો ધંધો કરે અને પારસી કલાલ (દારૂ વેચવા)નો.

ચોમાસાની ઋતુમાં ટપાલની ટિકિટો ઘણી વાર ચોંટી જાય છે. સપાટ ટેબલ પર તે મૂકી ઉપર એકાદ કપડું રાખી તે પર સહેજસાજ ગરમ ઈસ્ત્રી ફેરવવી. ભેજ ચુસાઈ જઇને ટિકિટો ઊખડી આવશે.



માર્કંડેય ઋષિનો આશ્રમ (ઓગણીસમી સદીના આરંભનું ગુજરાતનું ચિત્રાલેખન) વિદ્યાર્થીઓને ભણાવવા સાથે દર્શનાર્થે આવેલા રાજવીઓને બોધ આપતા ઋષિ માર્કંડેયની આ કુટિરની સાદગી અને સુંદર આંગણા સાથે પુષ્પવૃક્ષો ને ઋષિના મૃગચર્મ વડે આશ્રમનું શાંતમધુર વાતાવરણ વ્યક્ત કર્યું છે, તો આભૂષણો ને શસ્ત્રો તથા સાજ સજાવેલા અશ્વ દ્વારા દર્શનાર્થીઓનું રાજબીજ દર્શાવ્યું છે. આશ્રમના વૃક્ષછોડથી ભરપૂર વાતાવરણની એકવિધતાને રાજવીના શ્વેત અશ્વ અને સ્વચ્છ સુંદર આંગણા વડે સમતોલ બનાવવા સાથે ચિત્રકારે વિવિધરંગી પુષ્પો મૂકીને નજરને સમગ્ર ચિત્રપટ પર ફરતી રાખતા સુંદર સંયોજન દ્વારા પોતાની કલાચાતુરી દાખવી છે. ગઈ સદીના આરંભકાળમાં લખાએલી 'સપ્તશતી'ની એક સુંદર સચિત્ર હસ્તલિખિત પ્રતમાંના આ ચિત્રની શૈલી જૈન ગ્રંથચિત્રો કરતાં કંઈક વધુ વિકસિત અને કાલાંતરે વિખ્યાતી પામનાર મુઘલ લઘુચિત્રોની કેટલીક પુરોગામી લાક્ષણિકતા ધરાવે છે. અમદાવાદના ભો. જે. અધ્યયન—સંશોધન વિદ્યાભવનના હસ્તલિખિત ગ્રંથસંગ્રહમાંની 'સપ્તશતી'ની એક મૂલ્યવાન સચિત્ર હસ્તલિખિત પોથીમાંનાં આવાં ૨૭ ચિત્રોને પોતાની આ વર્ષની ડાયરીમાં પ્રકટ કરીને એને બહોળી ખ્યાતિ આપવાનો ગુજરાત રાજ્યના માહિ તીખાતાએ પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે. વધુ પરિચય માટે જુઓ આ અંકની કલાવાર્તામાં ડૉ. પનુભાઈ ભટ્ટનો લેખ. (બ્લૉકો : ગુજરાત રાજ્યના માહિતીખાતાના સૌજન્યથી)